સામાન્ય જ્ઞાન

હું બનું વિશ્વ માનવી

ભાગ - 1

સાહિત્ય • પ્રત્યાયન • કલા • ફિલ્મ • રમત-ગમત



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

VISIT…

LANZAROTE
Caliente.com

પ્રસ્તાવના

બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર સાક્ષરી વિષયોનું એટલે કે પાઠ્યપુસ્તકમાં આપેલું વિષયવસ્તુ પૂરતું નથી. માનવજીવનને રોજબરોજ સ્પર્શતાં એવાં અન્ય ઘણાં ક્ષેત્રો છે, જે વિશે બાળક પાસે સામાન્ય માહિતી હોવી જોઈએ. આ બધાં ક્ષેત્રોના સમૂહને આપણે પરંપરાગત રીતે 'સામાન્ય જ્ઞાન' તરીકે ઓળખીએ છીએ. ધોરણઃ 6 થી 8 નાં બાળકો વર્તમાનપત્રો વાંચીને સમજી શકે એવી અધ્યયન નિષ્પત્તિ ભાષાશિક્ષણમાં હોય છે. વર્તમાનપત્રમાં આવતા સમાચાર સમજવા હોય તો જે તે બાબતનો મૂળભૂત સંદર્ભ સમજવો જરૂરી છે. આ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સાહિત્ય, પ્રત્યાયન, કલા, ફિલ્મ, રમત-ગમત, ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, બંધારણ, ચૂંટણી, ગણિત, બેંક, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી, ICT વગેરે જેવાં કેટલાંક ક્ષેત્રો પસંદ કરીને એના વિશેની માહિતી બાળકોને સમજાય એવી ભાષામાં **'હું બનું વિશ્વ માનવી...'** શીર્ષક હેઠળ ત્રણ પુસ્તકોમાં રજૂ કરવામાં આવી છે.

ધોરણઃ 6 થી 8 નાં બાળકોને ઉપયોગી આ સામગ્રી GCERT દ્વારા સમગ્ર રાજ્યમાંથી પસંદ કરેલ તજજ્ઞોની મદદથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તકો આપણે શાળા પુસ્તકાલયમાં એવી રીતે રાખીશું જેથી બાળકોને સહજ રીતે પ્રાપ્ય બને. આ ઉપરાંત, બાળકો અવારનવાર આ પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરાય એવા પ્રયાસ શિક્ષકોએ કરવા જોઈએ. જેમકે આ પુસ્તકોમાંથી કોઈ એક વિષય પસંદ કરી શિક્ષકો દરરોજ પ્રાર્થનાસભામાં બાળકોને એ વિષય વિશે વાત કરે. ક્યારેક બાળકોને જ વિષયો આપી શકાય. બાળકો વાંચે અને શિક્ષક બાળકો સાથે નિયત થયેલ મુદ્દાઓ બાબતે પ્રશ્નોત્તરી કરે.

આ પુસ્તકો તૈયાર કરવાનો વિચાર શિક્ષણ વિભાગના માન. અગ્રસચિવ સુશ્રી સુનયના તોમર (IAS) દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો તેમજ તે માટે સતત માર્ગદર્શન શ્રી અજયકુમાર તોમર (IPS) દ્વારા પ્રાપ્ત થયું તે માટે બંનેનો હું આભારી છું. તમામ પુસ્તકોને ગુણવત્તાસભર બનાવવા માટે આ કાર્યમાં સતત જોડાયેલા GCERT તથા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રશિક્ષકો તેમજ તજજ્ઞ શિક્ષકોનો આભાર માનીએ છીએ. આ પુસ્તકો રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને નિઃશુલ્ક પહોંચાડવા માટે સર્વ શિક્ષા અભિયાનનો પણ આભાર.

આશા છે કે આ ત્રણ પુસ્તકો Beyond the Textbook હોઈ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં ટકી રહેવા, સતત સફળતા હાંસલ કરવા અને સતત નવું નવું જાણવાની પ્રેરણા આપવા ઉપયોગી નીવડશે. આ પુસ્તકોને ગુણવત્તાસભર અને વધુ ઉપયોગી બનાવવા માટે આપનાં સૂચનો આવકાર્ય છે.

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નિર્માણ - સંયોજન

ડૉ. ટી.એસ.જોષી, નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી બહાદુરસિંહ સોલંકી, સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર
ડૉ. હરેશભાઇ ચૌધરી, અભ્યાસક્રમ કોઑર્ડીનેટર, જીસીઈઆરટી, ગાંધીનગર
ડૉ. અખિલભાઇ ડી. ઠાકર, રિસર્ચ એસોસીએટ, જીસીઈઆરટી, ગાંધીનગર

ભાષાશુદ્ધિ

શ્રી નરેન્દ્રભાઇ રાવલ, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી પ્રકાશભાઇ સોની, નિવૃત્ત, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર

સાહિત્ય

શ્રી નરેન્દ્રભાઇ રાવલ, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર.
ડૉ. ગજેન્દ્રભાઇ જોશી, નિવૃત્ત, લેક્ચરર, ડાયટ, પાલનપુર
શ્રી કિશોરભાઇ પાર્થ, સિનિયર લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી યાહ્યા સપાટવાલા, લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી સ્મિતાબેન રાણા, ઉ.શિ., ઠિકરીયા મઠ પ્રા. શાળા, વડોદરા
શ્રી સોનુબેન ગોહેલ, મુ. શિ., ભરોડા પ્રા. શાળા, આણંદ

I.C.T. (Infromation and Communication Technology)

શ્રી હિરેનભાઇ વ્યાસ, સિનિયર લેક્ચરર, ડાયટ, નવસારી
શ્રી નીતિનભાઇ દલવાડી, રિસર્ચ એસોસીએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી નિલેશભાઇ ચાંપાનેરી, સિનિયર લેક્ચરર, ડાયટ, અમરેલી
શ્રી ચેતનભાઇ પંચોલી, સિનિયર લેક્ચરર, ડાયટ, વઘઇ
શ્રી અનિલભાઇ વેકરીયા, લેક્ચરર, ડાયટ, મહેસાણા
શ્રી ધ્રુવભાઇ પંડ્યા, લેક્ચરર, ડાયટ, સુરેન્દ્રનગર
શ્રી જૈનીબેન ભોજક, ટેકનિશ્યન, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી કેતનભાઇ નિરંજન, ટૅકનિશ્યન, ડાયટ, રાજકોટ

ફિલ્મ

ડૉ. ભૌમિકભાઇ ત્રિવેદી, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી નીતિનભાઇ દલવાડી, રિસર્ચ એસોસીએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી અનિલભાઇ વેકરીયા, લેક્ચરર, ડાયટ, મહેસાણા
શ્રી જૈનીબેન ભોજક, ટેકનિશ્યન, જીસીઈઆરટી, ગાંધીનગર.

કલા

શ્રી ધર્મેશભાઇ ચાવડા, લેક્ચરર, ડાયટ, અમદાવાદ શહેર
શ્રી ભરતભાઇ સેડાલા, લેક્ચરર, ડાયટ, ભરૂચ
શ્રી યોગેશભાઇ ચૌધરી, લેક્ચરર, ડાયટ, વઘઇ
શ્રી બીનાબેન દેસાઇ, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય

અર્થશાસ્ત્ર

શ્રી વિમલભાઈ દંગી, સિનિયર લેક્ચરર, ડાયટ, સુરેન્દ્રનગર
શ્રીમતી વિજયાલક્ષ્મી યન્દુરી, લેક્ચરર, ડાયટ, ગાંધીનગર
શ્રી અંકિતાબેન ત્રિવેદી, રિસર્ચ એસોસીએટ, જીસીઈઆરટી, ગાંધીનગર

બંધારણ

ડૉ. ગૌરાંગભાઈ વ્યાસ, મદદનીશ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
શ્રી ભદ્રસિંહ વાઘેલા, સંકલન અધિકારી, ઉચ્ચશિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

વિજ્ઞાન અને ટેક્નોલોજી

શ્રી હિરેનભાઈ વ્યાસ, સિનિયર લેક્ચરર, ડાયટ, નવસારી
ડૉ. પંકજભાઈ દેસાઈ, સિનિયર લેક્ચરર, ડાયટ, વલસાડ
શ્રી ભાર્ગવભાઈ ઠક્કર, સિનિયર લેક્ચરર, ડાયટ, ઇડર
ડૉ. ભૌમિકભાઈ ત્રિવેદી, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી કપિલભાઈ વસાણી, લેક્ચરર, ડાયટ, વલસાડ
શ્રી જેતલભાઈ પંચાલ, ઉ.શિ., અણદાપુર પ્રા. શાળા, અરવલ્લી

ઈતિહાસ- ભૂગોળ- ચૂંટણી

શ્રી વી.એમ. બલદાણિયા, લેક્ચરર, ડાયટ, ભરૂચ
ડૉ. અખિલભાઈ ઠાકર, રિસર્ચ એસોસીએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી દિપકભાઈ ચૌહાણ, લેક્ચરર, ડાયટ, રાજપીપળા
શ્રી બી.એમ. મેટાલીયા, લેક્ચરર, ડાયટ, ભાવનગર
શ્રી પંકજભાઈ પ્રજાપતિ, હેડટીચર, કપુરાઈ પ્રા. શાળા, વડોદરા
શ્રી હરજીભાઈ પ્રજાપતિ, હેડટીચર, ગુમડા મસ્જિદ પ્રા. શાળા, પાટણ
શ્રી તેજસકુમાર પટેલ, ઉ.શિ., સાહોલ પ્રા. શાળા, ભરૂચ
શ્રી હિરેન કાકડીયા, ઉ.શિ., નગર પ્રાથમિક મિશ્ર શાળા નં. ૧૦, ભરૂચ

રમત-ગમત

શ્રી ચિરાગભાઈ સેઇલર, લેક્ચરર, ડાયટ, સુરત
શ્રી હરીશભાઈ સેઇલર, લેક્ચરર, ડાયટ, નવસારી
શ્રી શરદભાઈ બારૈયા, લેક્ચરર, ડાયટ, ભાવનગર

ગણિત અને બેંક


ડૉ. સંજયભાઈ શાહ, સિનિયર લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી ડી. આર. પટેલ, લેક્ચરર, ડાયટ, ગાંધીનગર
શ્રી એલ. જે. પુરોહિત, લેક્ચરર, ડાયટ, રાજકોટ


પ્રત્યાયન

શ્રી યાહ્યા સપાટવાલા, લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી સોનુબેન ગોહેલ, મુ. શિ., ભરોડા પ્રા. શાળા, આણંદ

અનુક્રમણિકા

સાહિત્ય








સાહિત્ય

સમાવિષ્ટ મુદ્દાઓ

- પુરસ્કૃત કૃતિઓ અને સાહિત્યકારો
- પુસ્તક પરિચય
- દુનિયાની મુખ્ય ભાષાઓ, ભાષા અને તેના મહાન કવિ
- વિવિધ ભાષાઓના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્ય સર્જક
- વિશ્વ સાહિત્યની કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ
- ભારતીય લેખકોની કૃતિઓ
- ગુજરાતી સાહિત્યકારો અને તેમની મુખ્ય કૃતિઓ
- સંસ્કૃત સાહિત્ય














પ્રસ્તાવના

સાહિત્ય એ જાણવાનો અને માણવાનો વિષય છે. આપણે વાર્તાઓ, કાવ્યો, પ્રવાસવર્ણન વગેરે વિવિધ સાહિત્યસર્જનનો અને તેના સર્જકો વિશેનો અભ્યાસ કરીએ છીએ. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સર્જકની કૃતિઓ સિવાયની કૃતિઓ કે અન્ય સાહિત્ય સર્જન વિશે જાણવું જોઈએ એવું નથી લાગતું? સાહિત્યકારોને તેમના સાહિત્ય સર્જન માટે મળેલ પુરસ્કારોની વાત પણ એટલી જ રસપ્રદ છે. આ ઉપરાંત વિશ્વની મુખ્ય ભાષાઓ અને વિશ્વ સાહિત્યની પ્રસિદ્ધ કૃતિઓ જેવી વિવિધ બાબતો અહીં સમાવી છે. ચાલો આપણે સાહિત્યની સફર શરૂ કરીએ.










પુરસ્કૃત કૃતિઓ અને સાહિત્યકારો

મિત્રો, આપણને આપણા સારા કાર્ય બદલ કોઈના દ્વારા બિરદાવવામાં આવે તો આપણે કેવો આનંદ અનુભવીએ છીએ ! તેવી જ રીતે સાહિત્યક્ષેત્રે ઉત્તમ સર્જન કરનાર સર્જકને પણ વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા પારિતોષિક આપીને બિરદાવવામાં આવે છે. અહીં આપણે જ્ઞાનપીઠ ઍવૉર્ડ મેળવનાર ગુજરાતી સર્જકો વિશે જાણીશું.


ગુજરાતી સર્જકોને અપાયેલ ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડ

ભારતીય માન્ય ભાષાઓની શ્રેષ્ઠ મૌલિક કૃતિઓને ભારતીય જ્ઞાનપીઠ તરફથી આ ઍવોર્ડ અપાય છે. ભારતીય સાહિત્યનો એ સર્વોચ્ચ પુરસ્કાર છે. આ પુરસ્કારમાં ₹ 11 લાખનો ચેક, સરસ્વતી દેવીની કાંસ્ય પ્રતિમા અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.


ગુજરાતી સાહિત્યકાર




વર્ષ : 1967
સાહિત્યકાર : ઉમાશંકર જોશી
કૃતિ : નિશીથ
સ્વરૂપ : કાવ્યસંગ્રહ



વર્ષ : 1985
સાહિત્યકાર : પન્નાલાલ પટેલ
કૃતિ : માનવીની ભવાઈ
સ્વરૂપ : નવલકથા



વર્ષ : 2001
સાહિત્યકાર : રાજેન્દ્ર શાહ
કૃતિ : ધ્વનિ
સ્વરૂપ : કાવ્યસંગ્રહ



વર્ષ : 2015
સાહિત્યકાર : રઘુવીર ચૌધરી
કૃતિ : ઉપરવાસ, સહવાસ, અંતરવાસ-કથાત્રયી
સ્વરૂપ : નવલકથા

ગુજરાતી લેખકોને મળેલ સાહિત્ય અકાદમી ઍવૉર્ડ

ભારતમાં સાહિત્ય ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે કાર્ય કરતી સંસ્થા એટલે સાહિત્ય અકાદમી. 12 માર્ચ, 1954 ના રોજ સ્થપાયેલ આ સંસ્થા દિલ્હી મુકામે આવેલ છે, જે 'રવીન્દ્ર ભવન' નામે ઓળખાય છે. સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષ વિવિધ ભારતીય ભાષાઓની ઉત્તમ કૃતિઓને સાહિત્ય અકાદમી ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે.








પુરસ્કૃત સર્જકો અને કૃતિ

વર્ષ	સર્જક	કૃતિ	સાહિત્યપ્રકાર
1955	મહાદેવભાઈ દેસાઈ	મહાદેવભાઈની ડાયરી	ડાયરી
1956	રામનારાયણ વિ. પાઠક	બૃહદ પિંગળ	પિંગળશાસ્ત્ર
1958	પં. સુખલાલજી	દર્શન અને ચિંતન	તત્ત્વજ્ઞાન
1960	રસિકલાલ છો. પરીખ	શર્વિલક	નાટક
1961	રામસિંહજી રાઠોડ	કચ્છનું સંસ્કૃતિ દર્શન	સંસ્કૃતિ
1962	પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	ઉપાયન	વિવેચન
1963	રાજેન્દ્ર શાહ	શાંત કોલાહલ	કાવ્ય સંગ્રહ
1964	ડોલરરાય માંકડ	નૈવેદ્ય	નિબંધ
1965	કાકા સાહેબ કાલેલકર	જીવનવ્યવસ્થા	નિબંધ
1967	ડૉ. પ્રબોધ પંડિત	ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન	ભાષાશાસ્ત્ર
1968	ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'	અવલોકન	વિવેચન
1970	નગીનદાસ પારેખ	અભિનવનો રસવિચાર	વિવેચન
1971	ચંદ્રવદન મહેતા	નાટ્ય ગઠરિયાં	પ્રવાસકથા
1972	ઉમાશંકર જોશી	કવિની શ્રદ્ધા	વિવેચન
1973	અનંતરાય રાવળ	તારતમ્ય	વિવેચન
1974	મનુભાઈ પંચોળી 'દર્શક'	સોક્રેટીસ	નવલકથા
1975	નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'	અશ્વત્થ	કાવ્ય સંગ્રહ
1977	રઘુવીર ચૌધરી	ઉપરવાસ કથાત્રયી (ઉપરવાસ, સહવાસ, અંતરવાસ)	નવલકથા
1978	હરીન્દ્ર દવે	હયાતી	કાવ્ય સંગ્રહ
1979	જગદીશ જોષી	વમળનાં વન	કાવ્ય સંગ્રહ
1980	જયન્ત પાઠક	અનુનય	કાવ્ય સંગ્રહ
1981	ડૉ. હરિવલ્લભ ભાયાણી	રચના અને સંરચના	વિવેચન
1982	પ્રિયકાન્ત મણિયાર	લીલેરો ઢાળ	કાવ્ય સંગ્રહ
1984	ડૉ. રમણલાલ જોશી	વિવેચનની પ્રક્રિયા	વિવેચન
1985	કુન્દનિકા કાપડિયા	સાત પગલાં આકાશમાં	નવલકથા
1986	ચંદ્રકાન્ત શેઠ	ધૂળમાંની પગલીઓ	સંસ્મરણો









વર્ષ	સર્જક	કૃતિ	સાહિત્યપ્રકાર
1987	સિતાંશુ યશશ્ચંદ્ર	જટાયુ	કાવ્યસંગ્રહ
1988	ભગવતીકુમાર શર્મા	અસૂર્યલોક	નવલકથા
1989	જોસેફ મેકવાન	આંગળિયાત	નવલકથા
1990	અનિલ જોશી	સ્ટેચ્યુ	નિબંધસંગ્રહ
1991	લાભશંકર ઠાકર	ટોળાં, અવાજ, ઘોંઘાટ	કાવ્યસંગ્રહ
1992	ભોળાભાઈ પટેલ	દેવોની ઘાટી	પ્રવાસવર્ણન
1993	નારાયણ દેસાઈ	અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ	જીવનચરિત્ર
1994	રમેશ પારેખ	વિતાન સુદ બીજ, છ અક્ષરનું નામ	કાવ્ય સંગ્રહ
1995	વર્ષા અડાલજા	અણસાર	નવલકથા
1996	હિમાંશી શેલત	અંધારી ગલીમાં સફેદ ટપકાં	ટૂંકી વાર્તા
1997	અશોકપુરી ગોસ્વામી	કૂવો	નવલકથા
1998	જયંત કોઠારી	વાંકદેખાં વિવેચન	વિવેચન
1999	નિરંજન ભગત	ગુજરાતી સાહિત્ય - પૂર્વાર્ધ - ઉત્તરાર્ધ	સાહિત્યિક ઈતિહાસ
2000	વીનેશ અંતાણી	ધૂંધભરી ખીણ	નવલકથા
2002	ધ્રુવ ભટ્ટ	તત્ત્વમસિ	નવલકથા
2003	બિંદુ ભટ્ટ	અખેપાતર	નવલકથા
2004	અમૃતલાલ વેગડ	સૌંદર્યની નદી નર્મદા	પ્રવાસ
2005	સુરેશ દલાલ	અખંડ ઝાલર વાગે	કાવ્યસંગ્રહ
2006	રતિલાલ 'અનિલ'	આટાનો સૂરજ	નિબંધ
2007	રાજેન્દ્ર શુકલ	ગઝલ સંહિતા	કાવ્યસંગ્રહ
2008	સુમન શાહ	ફટફટિયું	ટૂંકી વાર્તાઓ
2009	શિરીષ પંચાલ	વાત આપણા વિવેચનની	વિવેચન
2010	ધીરેન્દ્ર મહેતા	છાવણી	નવલકથા
2011	મોહન પરમાર	અંચાઈઓ	ટૂંકી વાર્તાઓ
2012	ચંદ્રકાંત ટોપીવાલા	સાક્ષીભાષ્ય	વિવેચન
2013	ચિનુ મોદી	ખારાં ઝરણાં	કાવ્યસંગ્રહ









વર્ષ	સર્જક	કૃતિ	સાહિત્યપ્રકાર
2014	અશ્વિન મહેતા	છબી ભીતરની	નિબંધ સંગ્રહ
2015	રસિક શાહ	અંતે આરંભ (1,2)	નિબંધ સંગ્રહ
2016	કમલ વોરા	અનેકાનેક	કાવ્ય સંગ્રહ

* વર્ષ 1969 માં સ્વામી આનંદને કુળકથાઓ (રેખાચિત્રો) અને વર્ષ 1983 માં સુરેષ જોષીને ચિંતયામિ મનસા (વિવેચન સંગ્રહ) માટે અકાદમી ઍવૉર્ડ મળેલો પરંતુ તેમણે અસ્વીકાર કરેલો.

પુસ્તક પરિચય

મિત્રો, જો કોઈ વાત તમારે એક બે જણને જણાવવાની હોય તો તમે શું કરો? તમે તેને રૂબરૂ મળીને વાત કરો અથવા ફોન કરો કે પત્ર લખો. બરાબરને ? પણ જો તમારી ઈચ્છા ઘણાં લોકોને જણાવવાની હોય તો? તો તમે એ વાતને પુસ્તક તરીકે લખી, છપાવી શકો છો. પુસ્તક દ્વારા તમારી એ વાત કેટલાંય લોકો સુધી પહોંચી શકે. 'પુસ્તક' એ એક એવો ખજાનો છે, જે એક વ્યક્તિ લખે છે પણ અનેક વ્યક્તિ તેમાંની વાત જાણી અને માણી શકે છે. તમે અને તમારા અનેક મિત્રોએ પણ અત્યાર સુધી જુદા જુદા પુસ્તકમાંથી ભાતભાતની વાતો જાણી હશે. દરેક ભાષામાં આવાં અનેક પુસ્તકો લખાય છે,પણ તેમાં કેટલાંક પુસ્તકો તો એવાં હોય છે કે જે મોટા ભાગના લોકોને ગમી જાય છે, આ પુસ્તકો વાચકોમાં પ્રખ્યાત થઈ જાય છે. તો અહીં ગુજરાતી ભાષાનાં આવાં કેટલાંક પુસ્તકોનો પરિચય મેળવીએ.


ગિજુભાઈ બધેકા

ગિજુભાઈની બાળવાર્તાઓ

કેટલું પણ રડતું બાળક હોય, જો ગિજુભાઈ તેને ઉપાડી લે તો એ બાળક રડવાનું બંધ કરી દે એવું કહેવાય છે. આ ગિજુભાઈ બધેકા 'મુછાળી મા' તરીકે ઓળખાય છે, કારણ કે બાળકની માતા પણ જે સમજી નથી શકી કે 'બાળક'ને કેવી રીતે ઉછેરવો તેવી 'બાળક માટેની વાતો' તેમણે, એક પુરુષ થઈને સમજાવી. આ ઉપરાંત તેમણે બાળકો માટે અનેક વાર્તાઓ લખી છે. આ વાર્તાઓનું બાળકને સૌથી વધારે ગમતું પાસું છે, વાર્તામાં આવતાં જોડકણાં. આ વાર્તાઓ બાળકોના રસને પોષે છે, એમના કુતૂહલને ઉત્તેજે છે, એમની કલ્પનાને જાગૃત કરે છે, એમના વ્યક્તિત્વ-ઘડતરનો અંશ બને છે, છતાંય અનેરો આનંદ આપે છે.








મિયાંફૂસકી


જીવરામ જોષી

જીવરામ જોષી બાળકથાના લેખક છે. તેમણે આપેલી કથાઓ બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મત આપે છે. તેમાંય મિયાંફૂસકી અને તભાભટ્ટની ઓળખાણ આપવાની હોય જ નહી. 'અમે કોણ? સિપાઈ બચ્ચા' એ મિયાંફૂસકીનું બાળકોમાં પ્રચલિત વાક્ય.આમ મિયાંફૂસકી બધાંને બતાવે છે કે પોતે કેટલા બળવાન અને નીડર છે. જીવરામ જોષી 'ઝગમગ' સામયિક માટે આ વાર્તાઓ લખતા. મિયાંફૂસકી અને તભાભટ્ટની આ વાર્તાઓ ઉપરથી નાટક, ટી.વી. સીરિયલ અને ફિલ્મ પણ બની ચૂક્યાં છે. મિયાંફૂસકી પછી સોટી અને પોઠી, છકો અને મકો, વગેરે ઘણી વાર્તાશ્રેણીઓ તેમણે ઝગમગમાં લખી હતી અને બધી જ લોકપ્રિય હતી.


હરિપ્રસાદ વ્યાસ

બકોર પટેલઃ કથા શ્રેણી

બકરી, વાઘ, ઊંટ, હાથી જેવાં પ્રાણીઓને પાત્રો બનાવી વાર્તા લખવી એટલે કેવી વાર્તા હોય? તેઓ તો જંગલમાં રહેતાં હોય અથવા ઝાડ પર રહેતાં હોય પણ આ પ્રાણીઓ શહેરમાં રહેતાં હોય, તેમને બંગલા પણ હોય ને તેમનો વકીલ કે ડૉક્ટરીનો વ્યવસાય હોય. આવું બની શકે? હરિપ્રસાદ વ્યાસ નામના બાળકથાના લેખકે 'ગાંડીવ' નામના બાળસાહિત્યના માસિક માટે બકોર પટેલની સૃષ્ટિ રચેલી. 1936 થી 1955 સુધી 'બકોર પટેલ'ની વિવિધ વાર્તાઓ તેમાં આવતી રહી. આ વાર્તાઓની કમાલ એ હતી કે તેમાં માણસે સર્જેલી બધી વસ્તુઓ હતી, પણ માણસનું નામોનિશાન નહીં. એવું લાગે જાણે મનુષ્યે પૃથ્વીને આબાદ કરીને, પ્રાણીઓને પોતાનાં લક્ષણ શીખવીને, આખું વિશ્વ તેમના હવાલે કરી દીધું હોય. અહીં કૂતરા અને ઊંટ જેવાં ઘરેલુ પ્રાણીથી માંડીને વાઘ અને હાથી જેવાં હિંસક-જોરાવર પ્રાણીઓ આવે. પરંતુ પંચતંત્રની વાર્તાઓની જેમ આ પાત્રોમાં પ્રાણીઓનું એકેય લક્ષણ નહીં. વાઘજીભાઈ વકીલનો દેખાવ વાઘ જેવો હોય એટલું જ. બાકી તેમનાં બધાં લક્ષણ વકીલનાં હોય. બકોર પટેલ અને શકરી પટલાણી પ્રાણી તરીકે ભલે બકરા-બકરી હોય, પણ એ બાબતનું મહત્ત્વ ફક્ત તેમના બાહ્ય-શારીરિક દેખાવ પૂરતું જ, તેમના વર્તનમાં ક્યાંય બકરાપણું ન આવે.










દુનિયાને ઊંધાં ચશ્માં


તારક મહેતા

મુંબઈનો એક ખખડધજ માળો, તેમાં રહેતા મહેતા સાહેબ, પડોશી જેઠાલાલ અને દયા, જેઠાલાલના પિતા ચંપકકાકા, જેઠાલાલનો તોફાની દીકરો ટપુડો, હિંમતલાલ માસ્તર, પત્રકાર પોપટલાલ, વાતે વાતે ગાળો બોલતો રસિક સટોડિયો, બે માથાળો બોસ બાબુલાલ વગેરે અમર પાત્રોની આસપાસ બનતા, નિર્ભેળ હાસ્યની છોળો ઊડાડતા પ્રસંગો! લગભગ 1971થી 2017 સુધી દર અઠવાડિયે ચિત્રલેખા સામયિકમાં આવતી એક હાસ્ય ધારાવાહિક એટલે તારક મહેતાની 'દુનિયાને ઊંધાં ચશ્માં'. ચિત્રલેખા હાથમાં આવતાંની સાથે મોટા ભાગના લોકો સીધું આ જ પાનું ખોલતા. એ પછી 'દુનિયાને ઊંધાં ચશ્માં' પુસ્તકરૂપે પ્રગટ થઈ છે. ટી.વી. પર આવતી 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્માં' ધારાવાહિક આ પુસ્તક પર આધારિત છે.

ભદ્રંભદ્ર


રમણભાઈ નીલકંઠ

જો કોઈ વ્યક્તિ 'રેલગાડી' માટે 'અગ્નિરથ' કે 'ટાઈ' માટે 'કંઠલંગોટ' શબ્દ વાપરે તો તમને કેવું લાગે? અને 'રેલવે સ્ટેશન' માટે 'અગ્નિરથ વિરામ સ્થળ'વાપરે તો થોડું વિચિત્ર લાગે ને? પણ જો 'રેલવે સિગ્નલ' માટે 'અગ્નિરથ વિરામ ગમન નિગમન સૂચકદર્શક લોહ પટ્ટીકા' વાપરે તો એકદમ જ વિચિત્ર લાગે ને? અને વાક્યે વાક્યે આવા જ શબ્દો વાપરતો હોય તો? અને તે પણ પાછા વાર્તામાં તો હસીહસીને બેવડા થઈ જવાય ને? રમણભાઈ નીલકંઠે લખેલી 'ભદ્રંભદ્ર' નવલકથામાં 'ભદ્રંભદ્ર' નામની વ્યક્તિને ગુજરાતી પ્રત્યે 'વધારે પડતો લગાવ' હોય છે. આ પ્રેમને લીધે આવા અનેક શબ્દો તે બનાવે છે અને એવી ભાષા વાપરે છે ત્યારે જે હાસ્યપ્રદ પ્રસંગો બને છે તેનું વર્ણન આ હાસ્યકથામાં કરાયું છે. આ કથા એટલી પ્રચલિત બની કે આજે પણ જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ભાષા માટે વધારે પડતો 'આગ્રહ' કરે તો તેને 'ભદ્રંભદ્ર'નું બિરુદ અપાય છે.











હિમાલયનો પ્રવાસ


કાકાસાહેબ કાલેલકર


કાકાસાહેબ કાલેલકર મરાઠી હતા અને છતાં તેમણે ગુજરાતીમાં ઘણું બધું લખ્યું. તેથી તો તેમને 'સવાઇ ગુજરાતી'નું બિરુદ મળ્યું છે. ખાસ તો તેમનાં પ્રવાસ વર્ણનો એટલાં સરસ હોય છે કે આપણી નજર સમક્ષ તે સ્થળ જ ઊભું થઈ જાય. એવું જ એક પુસ્તક છે 'હિમાલયનો પ્રવાસ'. હિમાલયનો પ્રવાસ કરવાની તો આપણા બધાની ઈચ્છા હોય, પણ આપણામાંનાં ઘણાં આ પ્રવાસે જઈ ન શકે પણ આ પુસ્તક દ્વારા આપણે જાણે તેમની જોડે જ 40 દિવસનો પ્રવાસ કર્યો હોય તેવું લાગે. આ પ્રવાસ ફક્ત પ્રવાસ જ ન રહેતાં, જાણે આપણને પુરાણ, ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિની રમણીય યાત્રા કરાવે છે. હિમાલયનો વૈભવ, નદીઓ તેમજ વનની શોભા, સ્થળ-સ્થળના લોકજીવનની વિશેષતાઓ, સાધકો-યોગીઓની કથાઓ તથા પ્રવાસનો ઉલ્લાસ માણવા મળે છે.

સત્યના પ્રયોગો


મોહનદાસ ગાંધી

ગાંધીજીએ પોતાની આત્મકથાનું નામ શું આપ્યું હતું તે જાણો છો? તેમણે નામ આપ્યું હતું 'સત્યના પ્રયોગો'. જેમાં બાળપણથી લઈને 1920 સુધીની જિંદગીના અનુભવો-પ્રયોગોની કથા છે. ગાંધીજી મહાપુરુષ હતા એટલે તેમની આત્મકથામાં તેમના ગહન વિચારો અતિ સરળ અને ટૂંકા વાક્યમાં રજૂ થયા છે. તેમની આત્મકથામાં આપણી જેમ જ ભૂલો કરતા બાળક મોહનની વાત છે. સાવ સાદા અને સરળ વાક્યો વડે, વચ્ચે વચ્ચે વિનોદ કરતાં કરતાં પોતાના સમગ્ર જીવનના અનુભવો, પોતાની ભૂલો, કેવી રીતે એ ભૂલોમાંથી શીખ્યા તેની વાત આ પુસ્તકમાં ખૂબ જ સુંદર રીતે વર્ણવી છે. ભલે આ આત્મકથા તેમણે ગુજરાતીમાં લખી છે પણ વિશ્વની અનેક ભાષામાં તેના અનુવાદો થયા છે.

બાંધ ગઠરિયાં ભાગ 1-2 અને અન્ય ગઠરિયાં શ્રેણી


ચંદ્રવદન મહેતા

ચંદ્રવદન ચી. મહેતાએ આ પુસ્તકમાં નાનપણથી લઈને તેમના જીવનમાં બનેલા પ્રસંગોની વાત કરી છે. બાળપણનાં તેમનાં સંસ્મરણો રેલવેની આજુબાજુ વણાયેલાં છે. પછીના ભાગમાં તેમનું કૉલેજજીવન અને સ્નેહજીવનને આવરી લેતાં વર્ણનો છે. બાંધ ગઠરિયાંના બે ભાગ પછી તો ગઠરિયાં શ્રેણીમાં તેમણે બીજાં 12 પુસ્તકો લખ્યાં. આ દરેકમાં તેમનાં વર્ણનો અફલાતૂન છે. દીપક મહેતા તો આ પુસ્તકો માટે એમ કહે છે કે 'જો નિર્જન ટાપુ પર થોડો વખત કોઈને સાવ એકલા રહેવાનું હોય અને સાથે માત્ર એક જ ગુજરાતી પુસ્તક લઈ જવાની છૂટ હોય તો 14 પુસ્તકરૂપે પ્રગટ થયેલી આત્મકથાની ગઠરિયાં શ્રેણી હોય, કારણકે જો આ શ્રેણી સાથે









હોય તો સુરત, મુંબઈ, ગુજરાત, દિલ્હી, ભારત તો સાથે હોય જ, આ ઉપરાંત પોણી દુનિયા પણ સાથે હોય. ચં.ચી.ની આત્મકથાની સાથે ધ્રુવપ્રદેશ સુધીની ભ્રમણ કથા સાથે હોય, દેશ વિદેશનાં નાટક, રંગભૂમિ, રંગકર્મીઓ, ફિલ્મો, સભા-સમારંભોની ઢગલાબંધ વાતો સાથે હોય.'


ગોવર્ધનરામ ત્રિપાઠી

સરસ્વતીચંદ્ર

તમે કેટલીય વાર્તાઓ વાંચી હશે, નાની નાની વાર્તાઓ સાંભળી હશે અને કેટલીક નવલકથાઓ પણ વાંચી હશે પણ એક નવલકથાને લખતાં તેના લેખકને જ લગભગ 15 વર્ષ થઈ ગયાં હોય તે કેવી અજબ વાત છે? ગુજરાતી ભાષામાં જ્યારે નવલકથા લખવાની શરૂઆત જ થઈ હતી, ત્યારે ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર' નામની મહાનવલકથા ચાર ભાગમાં લખી. તમે જાણો છો આ નવલકથામાં કેટલાં પાનાં હતાં? 1900થી પણ વધારે! 'સરસ્વતીચંદ્ર' નામનો યુવાન તેની અપર માના શબ્દોને લીધે ઘર છોડીને ભાગી જાય છે.જેની સાથે તેના વિવાહ થયા હતા તે કુમુદસુંદરીને પણ પત્ર લખી બીજે લગ્ન કરી લેવાનું જણાવે છે. કુમુદ અને સરસ્વતીચંદ્રના મનમાં એકમેક પ્રત્યે નિર્દોષ પ્રેમભાવ છે પણ કુમુદનાં બીજે લગ્ન થઈ જાય છે. અહીંથી આ નવલકથાની શરૂઆત થઈ છે. આ નવલકથા ગુજરાતમાં જ નહીં, ભારતભરમાં પ્રખ્યાત થઈ અને આ ચાર ભાગની મહાનવલકથા પરથી 'સરસ્વતીચંદ્ર' નામની હિન્દી ફિલ્મ અને ટેલિવિઝન ધારાવાહિક પણ બનેલ છે.

માનવીની ભવાઈ


પન્નાલાલ પટેલ

ભારત અનેક ગામડાંઓનો બનેલો દેશ છે. તેમાં વિવિધ પ્રકારના લોકો રહે છે. ગામડાંના લોકોનો મુખ્ય આધાર શેના પર હોય છે? વરસાદ પર. બરાબરને? સીધી કે આડકતરી રીતે વરસાદ ગામડાના જીવનને અસર કરે છે. આવા જ એક ગામડાના જીવન અને તેના લોકો વિશેની વાત પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઈ' નામની નવલકથામાં કરી છે. લેખકે ગામડાના લોકજીવનની વાતો સાથે 'ડુંગર', 'ઝાડ', 'પશુ', 'પંખી' સૌને વણી લીધાં છે. છેવટે વિકરાળ દુકાળની વાતને આધારે 'પ્રેમ', 'ઝઘડા', 'ભૂખ', 'દુઃખ', 'જીવન મરણના ખેલ' માનવીના જીવનમાં ખેલાતી 'ભવાઈ' ની વાતો આ નવલકથામાં સુંદર રીતે વર્ણવી છે. આ નવલકથાને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર પણ મળ્યો છે.











ઝવેરચંદ મેઘાણી

સૌરાષ્ટ્રની રસધાર

માતાપિતા, દાદા-દાદી પાસે કે ગામના અન્ય મોટા લોકો પાસેથી અનેક કથાઓ આપણે સાંભળી હશે, જેમાંની કેટલીક કોઈ લેખકે લખી હશે પણ મોટાભાગની તેઓએ તેમના મોટેરાં પાસેથી સાંભળી હશે, એવી જ રીતે તે મોટેરાંઓએ તેમનાં મોટેરાં પાસેથી સાંભળી હશે. આ કથાઓમાં આવતા મુખ્ય પ્રસંગો કદાચ કોઈક કાળે બન્યા હશે અને પછી વાર્તા/કથાનું રૂપ ધારણ કર્યું હશે. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રના ગામડે ગામડે ફરી સૌરાષ્ટ્રમાં કહેવાતી આવી કથાઓ અને અન્ય લોકસાહિત્યને ભેગું કર્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર'ના પાંચ ભાગમાં તેમણે આવી લોકકથાઓ આપી છે. સોરઠી એટલે કે સૌરાષ્ટ્રના જનસમાજનાં વેર અને પ્રેમની, બંધુતા અને ધિક્કારની, દગા અને દિલાવરીની કોમળ, કરુણ અને ભીષણ લાગણીઓવાળી સો-એક વાર્તાઓને તેમણે સાંભળી અને ટૂંકી વાર્તા રૂપે લખી છે.

પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ


કનૈયાલાલ મુનશી

કનૈયાલાલ મુનશીએ ગુજરાતના ઇતિહાસના સૌથી ગૌરવવંતા ભાગ એટલે કે સોલંકી યુગને આધાર તરીકે લઈને જે નવલકથા શ્રેણી રચી છે, તે ખૂબ રસ પડે તેવી છે. તેમાં 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' નો સમાવેશ થાય છે. આ નવલકથાઓમાં વનરાજ ચાવડો, ભીમદેવ, મૂળરાજદેવ, સિદ્ધરાજ જયસિંહ, મીનળદેવી, કાક, મંજરી, મુંજાલ, ઉદા મહેતા, સજ્જન મહેતા, રા'નવઘણ, જેવાં ઐતિહાસિક પાત્રો અને પાટણની સ્થાપના, સોલંકીવંશની ચડતી-પડતી, ઉજ્જૈન અને માળવા સાથેના ગુજરાતના સંબંધો, ગિરનારનું મહત્ત્વ જેવી ઐતિહાસિક-ભૌગોલિક કથાવસ્તુઓ સાથે સંકળાઈને આવે છે. વાચકને જકડી રાખવાની અનોખી શૈલી તેમની વિશેષતા છે.








દુનિયાની મુખ્ય ભાષાઓ

ભાષા	મુખ્યત્વે કયાં બોલાય છે?
મેન્ડેરિન ચીની	ચીન
અંગ્રેજી	બ્રિટન, અમેરિકા, કોમનવેલ્થ દેશોમાં
રશિયન	રશિયા
સ્પેનિશ	સ્પેન અને લેટિન અમેરિકામાં
હિન્દી	ઉત્તર અને મધ્ય ભારત
જર્મન	જર્મની, ઓસ્ટ્રિયા, સ્વિટ્ઝરલેન્ડ
બંગાળી	બંગાળ અને બાંગ્લાદેશ
અરબી	આરબ દેશો
પોર્ટુગીઝ	પોર્ટુગલ, બ્રાઝિલ
જાપાની	જાપાન

ભાષા અને તેના મહાન કવિ

સંસ્કૃત	કાલિદાસ
ગુજરાતી	પ્રેમાનંદ
હિન્દી	તુલસીદાસ
બંગાળી	રવીન્દ્રનાથ ઠાકુર
મરાઠી	સંત જ્ઞાનેશ્વર
મલયાલમ	વલ્લથોળ
અરબી	ખલિલ જિબ્રાન
ફારસી	શેખ સાદી
ઉર્દૂ	મિરઝા ગાલિબ
અંગ્રેજી	વિલિયમ શેક્સપિયર
ગ્રીક	હોમર
લેટિન	વર્જિલ
રશિયન	પુશ્કિન

વિવિધ ભાષાઓના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્ય સર્જક

અંગ્રેજી	ચોસર, શેક્સપિયર, મિલ્ટન, વર્ડ્ઝવર્થ, બાયરન, શેલી, કીટ્સ, ટેનિશન, ડિકન્સ, હાર્ડી, બર્નાર્ડ શૉ, જેમ્સ, જોઈસ, ટી.એસ. એલિયટ, ઓડન, સલમાન રશ્દી
અમેરિકન	પો, મેલ્વિલ, વ્હિટમન, હોતોર્ન, હેન્રી જેમ્સ, માર્ક ટ્વેઈન, રોબર્ટ ફ્રોસ્ટ, એઝરા પાઉડ, યુજિન એનિલ, પર્લ બક, હેમિંગ્વે, સોલ બેલો
ભારતીય અંગ્રેજી	સરોજિની નાયડુ, મુલ્કરાજ આનંદ, આર.કે.નારાયણ
ઉર્દૂ	મિરઝા ગાલિબ, મીર તકી મીર, ફૈઝ, ઈકબાલ, ફિરાક ગોરખપુરી
કન્નડ	બસવેશ્વર, વી. પુટપ્પા, ડી. આર. બેન્દ્રે, શિવરામ કારત, શ્રીરંગ
જર્મન	ગટે, શીલર, રિલ્કે, હરમાન હેસ, શોપનહોર, નિત્સે, કાફકા, બેરખ્ત
તામિલ	કંબન, સુબ્રમણ્યમ, ભારતી પી.વી. અકિલન, કણ્ણદાસ, રઘુનાથન
તેલુગુ	તિમ્મના, ત્યાગરાજ, ગુરુજાડા, અપ્પારાવ, વિશ્વનાથ, સત્યનારાયણ, ડૉ. નારાયણ રેડ્ડી
પંજાબી	ગુરુ નાનક, અમૃતા પ્રીતમ, નાનકસિંહ, રાજેન્દ્રસિંહ બેદી
ફારસી	ઉમર ખય્યામ, શેખ સાદી, ખ્વાજા હાફિઝ, મુલ્લા નસરુદીન








ફ્રેન્ચ	હયુગો, ડયુમા, બોલદેર, જુલે વર્ન, મોપાસા, રોમા રોલાં, અંદ્રિ જીન, પોલવાલેરી, સાર્ત્ર, આયોનિસ્કો, આલ્બેર કામૂ
રૂસી	પુશ્કિન, ગોગોલ, તુર્ગનેવ, દોસ્તોયેવસ્કી, તોલ્સ્તોય, ચેખોવ, ગોર્કી, પાસ્તરનાક, શોલોખોવ, સોલ્ઝેન્ત્સિન, રસૂલ હમઝાતોવ, બ્રોડસ્કી
બંગાળી	બંકિમચંદ્ર, રવીન્દ્રનાથ, શરદબાબુ, તારાશંકર, જીવનાનંદદાસ, બુદ્ધદેવ બસુ, વિષ્ણુદેવ, આશાપૂર્ણાદેવી, સુનીલ ગંગોપાધ્યાય, શકિત ચટ્ટોપાધ્યાય, મૈત્રેયીદેવી
મરાઠી	જ્ઞાનેશ્વર, તુકારામ, કેશવસુત, સાવરકર, કુસુમાગ્રજ, મંગેશ પાંડગાંવકાર, ડૉ. શ્રીધર કેતકર, ટિળક, ડૉ. હરિનારાયણ આપ્ટે, ફડકે, ખાંડેકર, સાને ગુરુજી
મલયાલમ	વલ્લથોળ, કુમારન આસન, જી શંકર કુરુપ, એસ.કે. પ્રોટેકકાટર, તકઝી, શિવશંકર પિલ્લા, કે.એમ. જયોર્જ
સંસ્કૃત	વ્યાસ, વાલ્મીકિ, પાણિની (વ્યાકરણાચાર્ય), કાલિદાસ, ભવભૂતિ, બાણ, ભાસ, શૂદ્રક, વિશાખાદત્ત, નારાયણ ભટ્ટ, વિષ્ણુ શર્મા
હિંદી	કબીર, તુલસીદાસ, સુરદાસ, મીરાં, રહીમ, બિહારી, ભારતેન્દુ હરિશ્ચંદ્ર, પ્રેમચંદજી, મૈથિલીશરણ ગુપ્ત, જયશંકર પ્રસાદ, સુમિત્રાનંદન પંત, સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા', મહાદેવી વર્મા, રામધારી સિંહ 'દિનકર', સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન 'અજ્ઞેય', મોહન રાકેશ, હરિવંશરાય બચ્ચન, ગજાનન માધવ મુકિતબોધ

વિશ્વ સાહિત્યની કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ

ક્રમ	કૃતિ	સર્જક
1.	**અન ટુ ધ લાસ્ટ**	જ્હોન રસ્કિન
2.	**આના કેરેનિના**	લિયો તોલ્સ્તોય
3.	**ધ આઉટ સાઈડર**	આલ્બેર કામુ
4.	**ઈન મેમોરિયમ**	ટેનિસન
5.	**એડવેન્ચર્સ ઓફ શેરલોક હોમ્સ**	આર્થર કોનન ડોઈલ
6.	**એરાઉન્ડ ધ વર્લ્ડ ઈન એઈટી ડેઝ**	જુલે વર્ન
7.	**ઓલિવર ટ્વિસ્ટ**	ચાર્લ્સ ડિકન્સ
8.	**ઓલ્ડ મેન એન્ડ ધ સી**	હેમિંગ્વે
9.	**ગુલિવર્સ ટ્રાવેલ્સ**	જોનાથન સ્વિફ્ટ









10.	ગોલ્ડન ગેટ	વિક્રમ શેઠ
11.	જંગલ બુક	રુડિયાર્ડ કિપ્લિંગ
12.	જુલિયસ સિઝર	શેક્સપિયર
13.	ડિવાઈન કોમેડી	દાન્તે
14.	ડેવિડ કોપરફિલ્ડ	ચાર્લ્સ ડિકન્સ
15.	ઓથેલો	શેક્સપિયર
16.	ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ	દોસ્તોવસ્કી
17.	રિપબ્લિક	પ્લેટો
18.	રુબાઈયાતો	ઉમર ખય્યામ
19.	પ્રાઈડ એન્ડ પ્રિજ્યુડિસ	જેન એસ્ટિન
20.	બ્લ્યુ બર્ડ	મોરિસ મેટરલિંક
21.	મેકબેથ	શેક્સપિયર
22.	મેમરિઝ ઓફ સેકન્ડ વર્લ્ડ વૉર	વિન્સ્ટન ચર્ચિલ
23.	મેરેજ એન્ડ મોરલ્સ	બર્નાડ શો
24.	ધ થર્ડ વેવ	એલ્વિન ટોફલર
25.	થ્રી મસ્કેટિયર્સ	એલેક્ઝાન્ડર ડ્યુમા
26.	પેરેડાઈઝ લોસ્ટ	જોન મિલ્ટન
27.	પેસેજ ટુ ઈન્ડિયા	ઈ.એમ.ફોસ્ટર
28.	રોમિયો એન્ડ જુલિયેટ	શેક્સપિયર
29.	વેઈટિંગ ફોર ગોદો	સેમ્યુઅલ બેકેટ
30.	વેસ્ટ લેન્ડ	ટી.એસ.એલિએટ
31.	વેલ્થ ઓફ નેશન	એડમ સ્મિથ
32.	વોર એન્ડ પીસ	લિયો તોલ્સ્તોય
33.	સોરાબ એન્ડ રૂસ્તમ	મેથ્યુ આર્નોલ્ડ
34.	હેમ્લેટ	શેક્સપિયર
35.	હાઉ ટુ વીન ફ્રેન્ડઝ એન્ડ ઈન્ફલ્યુઅન્સ પીપલ	ડેલ કાર્નેગી
36.	ઈન્ડિયા વિન્સ ફ્રિડમ	અબુલ કલામ આઝાદ
37.	જોનાથન લિવિંગ્સ્ટન સીગલ	રિચર્ડ બાક










ભારતીય લેખકોની કૃતિઓ

- **શ્રીમદ્ ભગવદ ગીતા** - વેદવ્યાસ
- **મહાભારત** - વેદવ્યાસ
- **સાકેત** - મૈથિલીશરણ ગુપ્ત
- **અવર ફિલ્મ્સ ધેર ફિલ્મ્સ** - સત્યજિત રે
- **અભિજ્ઞાન શાકુંતલ** - કાલિદાસ
- **આઈન એ અકબરી** - અબુલ ફઝલ
- **આઝાદી** - ચમન ન્યાલ
- **આનંદમઠ** - બંકિમચંદ્ર ચેટરજી
- **ઈન્ડિયા થ્રુ એઈજીસ** - જદુનાથ સરકાર
- **ઈન્ડિયા ફ્રોમ કર્ઝન ટુ નેહરુ એન્ડ આફટર** - દુર્ગાદાસ
- **ઈન્ડિયા વિન્સ ફ્રીડમ** - અબુલ કલામ આઝાદ
- **ઉર્વશી** - દિનકર
- **ઉત્તર રામચરિત** - ભવભૂતિ
- **કામસૂત્ર** - વાત્સ્યાયન
- **કાદંબરી, હર્ષ ચરિત્ર** - બાણભટ્ટ
- **કુમારસંભવ, મેઘદૂત** - કાલિદાસ
- **કૂલી** - મુલ્કરાજ આનંદ
- **ગણદેવતા** - તારાશંકર બંદોપાધ્યાય
- **ધ ગાઈડ** - આર.કે.નારાયણ
- **ગ્લિમ્પસીસ ઓફ વર્લ્ડ હિસ્ટ્રી** - પંડિત જવાહરલાલ નહેરુ
- **ગીતા પ્રવચનો** - વિનોબા ભાવે
- **ગીતા રહસ્ય** - બાળગંગાધર ટિળક
- **ગીતાંજલિ** - રવીન્દ્રનાથ ઠાકુર
- **ચરકસંહિતા** - ચરક
- **ગોદાન** - પ્રેમચંદજી
- **રામાયણ** - વાલ્મીકિ
- **પંચતંત્ર, હિતોપદેશ** - વિષ્ણુ શર્મા
- **પ્રથમ પ્રતિશ્રુતિ** - આશાપૂર્ણાદેવી
- **નાટ્યશાસ્ત્ર** - ભરત મુનિ
- **રામચરિત માનસ** - તુલસીદાસ
- (એ) પેસેજ ટુ ઈંગ્લેન્ડ - નીરદ સી. ચૌધરી
- **ફ્રોમ સોશિયાલિઝમ ટુ સર્વોદય** - જયપ્રકાશ નારાયણ
- **બાણભટ્ટ કી આત્મકથા** - હજારીપ્રસાદ દ્વિવેદી
- **બાબરનામા** - બાબર
- **ભારતમાં અંગ્રેજી રાજ** - પંડિત સુંદરલાલ
- **મધુશાલા** - ડૉ. હરિવંશરાય 'બચ્ચન'
- **મહારાજા** - દીવાન જર્મનીદાસ
- **મોરારજી પેપર્સ** - અરુણ ગાંધી
- **યુલિસીસ** - જેમ્સ જોઈસ
- **રસસિદ્ધાંત** - ડૉ. નગેન્દ્ર
- **પ્રિઝન ડાયરી** - જયપ્રકાશ નારાયણ
- **સત્યના પ્રયોગો** - ગાંધીજી
- **શૃંગાર શતક, નીતિ શતક, વૈરાગ્ય શતક** - ભર્તૃહરિ
- **પ્રાચીન સાહિત્ય** - રવીન્દ્રનાથ ઠાકુર
- **રોઝિઝ ઈન ડિસેમ્બર** - એમ.સી.ચાગલા
- **લાઈફ ડિવાઈન** - મહર્ષિ અરવિંદ
- **વ્હીલ ઓફ હિસ્ટ્રી** - ડૉ. રામમનોહર લોહિયા
- **સર્વોદય દર્શન** - દાદા ધર્માધિકારી






જજમેન્ટ - કુલદીપ નાયર	**હંગરી સ્ટોન** - રવીન્દ્રનાથ ટાગોર
ડિસ્કવરી ઓફ ઈન્ડિયા - જવાહરલાલ નહેરુ	**હિસ્ટરી ઓફ હિન્દુ કેમેસ્ટ્રી** - પી.સી.રોય
તાઓ ઉપનિષદ - આચાર્ય રજનીશ	**સરસ્વતીચંદ્ર** - ગોવર્ધનરામ ત્રિપાઠી
નિર્મલા, ગોદાન - પ્રેમચંદજી	**નિશીથ** - ઉમાશંકર જોશી
ન હન્યતે - મૈત્રેયીદેવી	**દુર્ગેશ નન્દિની** - બંકિમચંદ્ર ચેટરજી
દેવદાસ - શરદચંદ્ર	**અકબરનામા** - અબુલ ફઝલ
માલતી માધવ - ભવભૂતિ	**અનટોલ્ડ સ્ટોરી** - બી.એન. કૌલ
હિંદુ વ્યૂ ઓફ લાઈફ - સર્વપલ્લી રાધાકૃષ્ણન્	**અવર ઈન્ડિયા** - મીનુ મસાણી

ગુજરાતી સાહિત્યકારો અને તેમની મુખ્ય કૃતિઓ

ક્રમ	સાહિત્યકારનું નામ	મુખ્ય સાહિત્ય સર્જન
1.	નરસિંહ મહેતા	પદો, પ્રભાતિયાં, રાસ સહસ્રપદી, સુદામાચરિત, શામળશાનો વિવાહ
2.	મીરાં	ત્રણસો જેટલાં પદો
3.	અખો	અખેગીતા, પંચીકરણ, કૈવલ્યગીતા, અનુભવબિંદુ, ગુરુશિષ્ય સંવાદ
4.	પ્રેમાનંદ	નળાખ્યાન, સુદામાચરિત્ર, મામેરું, રણયજ્ઞ
5.	શામળ ભટ્ટ	સિંહાસનબત્રીસી, નંદબત્રીસી, વૈતાલપચીસી, સૂડાબહોંતરી, પદ્માવતી, મદનમોહના, દ્રૌપદી વસ્ત્રાહરણ
6.	દયારામ	સત્યભામાવિવાહ, અજામિલ આખ્યાન, રસિકવલ્લભ, કૃષ્ણલીલાનાં પદો
7.	દલપતરામ	દલપત કાવ્ય, ફાર્બસ વિરહ, મિથ્યાભિમાન
8.	નર્મદ	નર્મગદ્ય, નર્મકવિતા, નર્મકોશ, મારી હકીકત (આત્મકથા), ડાંડિયો
9.	નંદશંકર મહેતા	કરણઘેલો
10.	નવલરામ પંડ્યા	નવલગ્રંથાવલિ, ભટ્ટનું ભોપાળું
11.	ગોવર્ધનરામ ત્રિપાઠી	સરસ્વતીચંદ્ર (ભાગ 1 થી 4),સ્નેહમુદ્રા
12.	બાલાશંકર કંથારિયા 'બાલ'	ક્લાન્ત કવિ, હરિપ્રેમ પંચદશી
13.	મણિલાલ દ્વિવેદી	આત્મ નિમજ્જન, મારું આત્મવૃતાન્ત, ગુલાબસિંહ, કાન્તા








ક્રમ	સાહિત્યકારનું નામ	મુખ્ય સાહિત્ય સર્જન
14.	મણિશંકર ભટ્ટ 'કાન્ત'	પૂર્વાલાપ, શિક્ષણનો ઇતિહાસ
15.	રમણભાઇ નીલકંઠ 'મકરંદ'	ભદ્રંભદ્ર, રાઇનો પર્વત, કવિતા અને સાહિત્ય (ભાગ 1 થી 4)
16.	મોહનદાસ ગાંધી	સત્યના પ્રયોગો (આત્મકથા), દ. આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, હિન્દ સ્વરાજ
17.	બળવંતરાય ઠાકોર 'સેહેની'	ભણકારા, મ્હારાં સોનેટ
18.	સુરસિંહજી ગોહેલ 'કલાપી'	કલાપીનો કેકારવ, કાશ્મીરનો પ્રવાસ, કલાપીની પત્રધારા
19.	ન્હાનાલાલ 'પ્રેમભક્તિ'	ઇન્દુકુમાર, જયાજયંત, વિશ્વગીતા, હરિસંહિતા
20.	અરદેશર ખબરદાર	કલિકા, કલ્યાણિકા, દર્શનિકા, રાષ્ટ્રિકા, રાસ ચંદ્રિકા
21.	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર 'કાકાસાહેબ'	ઓતરાદી દીવાલો, જીવનનો આનંદ, હિમાલયનો પ્રવાસ, સ્મરણ યાત્રા
22.	રામનારાયણ પાઠક દ્વિરેફ', 'શેષ', 'સ્વૈરવિહારી', જાત્રાળુ	બૃહત પિંગળ, દ્વિરેફની વાતો (1-3), શેષનાં કાવ્યો
23.	કનૈયાલાલ મુનશી 'ઘનશ્યામ'	પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, જય સોમનાથ, કૃષ્ણાવતાર (1-11) કાકાની શશી
24.	કિશોરલાલ મશરૂવાળા	અવતારમાળા, કેળવણીના પાયા, ગીતામંથન, સમૂળી ક્રાંતિ
25.	મહાદેવભાઇ દેસાઇ	મહાદેવભાઇની ડાયરી
26.	રમણલાલ દેસાઇ	કોકિલા, ગ્રામ લક્ષ્મી (1-4), દિવ્ય ચક્ષુ, ભારેલો અગ્નિ
27.	ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'	તણખા મંડળ (1-4), ચૌલાદેવી, જીવનપંથ (આત્મકથા)
28.	ઝવેરચંદ મેઘાણી 'રાષ્ટ્રીય શાયર'	સૌરાષ્ટ્રની રસધાર (1-5), વેવિશાળ, માણસાઇના દીવા, યુગવંદના સોરઠી બહારવટિયા (1-3), રઢિયાળી રાત
29.	ચંદ્રવદનમહેતા 'ચાંદામામા'	આગગાડી, ઇલાકાવ્યો,બાંધ ગઠરિયાં... (ભાગ 1 – 2), અન્ય ગઠરિયાં (12 પુસ્તકો)









ક્રમ	સાહિત્યકારનું નામ	મુખ્ય સાહિત્ય સર્જન
30.	ગુણવંતરાય આચાર્ય	દરિયાલાલ
31.	જ્યોતીન્દ્ર દવે	રંગતરંગ (ભાગ 1-5), હાસ્યતરંગ, રેતીની રોટલી, પાનનાં બીડાં
32.	ઝીણાભાઇ દેસાઇ 'સ્નેહરશ્મિ'	અર્ધ્ય, પનઘટ, ગાતા આસોપાલવ, અંતરપટ, સાફલ્યટાણું, સોનેરી ચાંદ રૂપેરી સૂરજ
33.	કિશનસિંહ ચાવડા 'જિપ્સી'	અમાસના તારા, ધરતીની પુત્રી, અમાસથી પૂનમભણી
34.	ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'	કાવ્યમંગલા, વસુધા, યાત્રા, પિયાસી, દક્ષિણાયન
35.	ઉમાશંકર જોશી 'વાસુકિ'	નિશીથ, સાપના ભારા, મહાપ્રસ્થાન, સમયરંગ, સમગ્રકવિતા, શ્રાવણી મેળો, વિસામો, અખોઃ એક અધ્યયન
36.	કૃષ્ણલાલ શ્રીધરાણી	મોરનાં ઈંડાં
37.	પ્રહલાદ પારેખ	તનમનિયાં, પરાજયની જીત, વિદાય
38.	મનુભાઇ પંચોળી 'દર્શક'	ઝેર તો પીધાં છે જાણી જાણી (1-3), દીપ નિર્વાણ, સોક્રેટીસ
39.	ઈશ્વરભાઇ પટેલ 'પેટલીકર'	ગ્રામ ચિત્રો, જનમટીપ, મારી હૈયા સગડી, લોહીની સગાઇ
40.	શિવકુમાર જોશી	વૈકુંઠનાથજી
41.	પન્નાલાલ પટેલ	મળેલા જીવ, માનવીની ભવાઇ, ભાગ્યાનાં ભેરુ, વળામણાં, ના છૂટકે
42.	જયંત પાઠક	વનાંચલ, મૃગયા, અનુનય, બે અક્ષર આનંદના, અંતરિક્ષ
43.	સુરેશ જોશી	પ્રત્યંચા, ગૃહ પ્રવેશ, ચિંતયામિ, મનસા, જનાન્તિકે, છિન્નપત્ર, ગુજરાતી કવિતાનો આલાપ
44.	ચુનીલાલ મડિયા	લીલુડી ધરતી, વ્યાજનો વારસ, રંગદા
45.	મકરંદ દવે	સંગતિ, ગોરજ, તપોવનની વાટે, ભજન રસ
46.	પ્રિયકાન્ત મણિયાર	પ્રતીક, અશબ્દ રાત્રિ, સ્પર્શ, સમીપ, પ્રબળ ગતિ, વ્યોમલિપિ, લીલેરો ઢાળ
47.	બકુલ ત્રિપાઠી	વૈકુંઠ નથી જાવું, સચરાચર, કક્કો ને બારાખડી, સોમવારની સવારે વગેરે કટારના લેખક









48.	ચંદ્રકાન્ત બક્ષી	વાતાયન, આકાર, જાતકકથા, પેરેલિસિસ, બક્ષીનામા (આત્મકથા)
49.	રાવજી પટેલ	અંગત, અશ્રુધાર, ઝંઝા
50.	રાજેન્દ્ર શાહ	ધ્વનિ, આંદોલન, શ્રુતિ, મોરપિચ્છ, શાંત કોલાહલ
51.	રઘુવીર ચૌધરી	અમૃતા, પૂર્વરાગ, રુદ્રમહાલય, ગેરસમજ, નંદીઘર, ઉપરવાસ, સહવાસ, અંતરવાસ
52.	કુન્દનિકા કાપડિયા	સાત પગલાં આકાશમાં , પ્રેમનાં આંસુ, કાગળની હોડી, પરમ સમીપે
53.	લાભશંકર ઠાકર 'પુનર્વસુ'	વહી જતી પાછળ રમ્ય ઘોષા, બાથટબની માછલી, મરી જવાની મઝા, પીળું ગુલાબ અને હું
54.	વર્ષા અડાલજા	અણસાર, ગાંઠ છૂટ્યાની વેળા, ક્રોસ રોડ, રેત પંખી, છેવટનું છેવટ, એંધાણી, બિલીપત્રનું ચોથું પાન, તિરાડ, શહીદ
55.	ચિનુ મોદી	ઈર્શાદ ગઢ, શૈલા મજમુદાર, ડાબી મૂઠી-જમણી મૂઠી, ડાયલનાં પંખી
56.	અમૃતલાલ ભટ્ટ 'ઘાયલ'	શૂળ અને શમણાં, ગઝલ નામે સુખ,આઠોં જામ ખુમારી
57.	રમેશ પારેખ	છ અક્ષરનું નામ, સગપણ એક ઉખાણું, જંતર મંતર છૂ
58.	ચંદ્રકાન્ત શેઠ 'આર્યપુત્ર', 'નંદ સામવેદી', 'દક્ષ પ્રજાપતિ'	પવન રૂપેરી, ઉઘડતી દીવાલો, ધૂળમાંની પગલી, સ્વપ્ન પિંજર
59.	ભગવતીકુમાર શર્મા	સંભવ, ઊર્ધ્વમૂલ, અસૂર્યલોક, રાતરાણી, દીપ સે દીપ જલે
60.	વિનોદ ભટ્ટ	ઇદમ્ તૃતીયમ્, નર્મદ, ગુજરાત હાસ્યધારા, 'વિનોદ'ની નજરે

સંસ્કૃત સાહિત્ય

વિશ્વમાં ભારતભૂમિના ગૌરવની આધારસ્તંભ તેવી સંસ્કૃતભાષા પાસે અદ્વિતીય સાહિત્ય સમૃદ્ધિ છે. આ અઢળક સાહિત્યમાંય રામાયણ અને મહાભારત જેવા આર્ષગ્રન્થો વિશ્વની કોઇ ભાષા પાસે નથી. વેદો વિશ્વમાં પ્રાચીનમાં પ્રાચીન કૃતિઓ હોવાનું ગૌરવ ધરાવે છે.

તમે ભવિષ્યમાં સંસ્કૃત સાહિત્યથી પરિચિત થશો, આજે માત્ર આચમન કરીએ.

♦ **આર્ષ મહાકાવ્યો :** ભારતીય સંસ્કૃતિનો વિશ્વને પરિચય કરાવતા બે મહાગ્રંથો એટલે રામાયણ અને મહાભારત. આ બંનેના પરિચય વગર ભારતની અને ભારતીય સંસ્કૃતિની ઓળખ અશક્ય છે.









♦ **રામાયણઃ**- શ્રી રામની જીવનકથાને વણી લેતું મહાકાવ્ય એટલે રામાયણ. ઋષિવર વાલ્મીકિએ આ મહાકાવ્યની રચના કરી હતી.

રામાયણમાં રઘુવંશના રાજાઓની યશગાથાનું વર્ણન જોવા મળે છે. ત્યારબાદ શ્રીરામના જન્મથી સમગ્ર જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ આવરી લેવામાં આવી છે. રામનો જન્મ, રાણી કૈકેયીને રાજા દશરથ દ્વારા આપવામાં આવેલ વરદાન અને શ્રીરામનો વનવાસ, સીતાહરણ, રાવણવધ જેવી ઘટનાઓની સાથે ભારતીય સંસ્કૃતિનો પરિચય મળે છે. વાલ્મીકિએ વિવિધ ઋતુઓ, વનસ્પતિઓ, જાતિઓ, માનવજીવન તેમજ ભારતીય ભૂગોળનો હૃદયસ્પર્શી અનુભવ રામાયણની કથાના સાત કાંડ દ્વારા આપણી સમક્ષ આદર્શ રીતે રજૂ કર્યો છે.

♦ **મહાભારતઃ**- મહર્ષિ વેદવ્યાસનું અદ્‌ભૂત સર્જન એટલે મહાભારત. 'વ્યાસોચ્છિષ્ટમ્ જગત્સર્વમ્' એટલે કે વ્યાસજીએ સમગ્ર વિશ્વને એંઠુ કર્યુ છે (વિશ્વની તમામ વસ્તુઓને આવરી લીધી છે) અથવા 'યન્ન ભારતે તન્ન ભારતે' એટલે કે જે મહાભારતમાં છે તે જ ભારતમાં છે અને જે મહાભારતમાં નથી તે ભારતમાં પણ નથી.

મહાભારતમાં મુખ્યત્વે ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો અને પાંડુના પુત્રો પાંડવો ઉપરાંત શ્રીકૃષ્ણના જીવનના મહત્ત્વપૂર્ણ અંશોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કૌરવો અને પાંડવોની જીવનકથાના ભાગરૂપે માનવજીનની અનેક બાબતોનું વર્ણન આવરી લેવામાં આવ્યું છે.

આપણા દરેક મહાપુરુષોએ જેને દિવ્યગ્રંથ માન્યો છે તે 'શ્રીમદ્ ભગવત્ ગીતા' મહાભારતનો જ ભાગ છે. મહાભારતની કથા ૧૮ પર્વોમાં વિસ્તરેલી છે.

♦ **કાલિદાસઃ** કવિ કુલગુરુનું સમ્માન કોઇને મળવું જોઇએ તો તે કાલિદાસ છે. તેમના સમયકાલ અંગે મતમતાંતરો છે પણ ઇસવીસનની ચોથી શતાબ્દી કે તે પૂર્વે તેઓ થઇ ગયા. અનેકવિધ વિષયો તેમની કૃતિઓમાં પ્રતિબિંબિત થાય છે. તેમની સાત જેટલી કૃતિઓમાંથી કેટલીક કૃતિઓની આછેરી ઝલક માણીએ.

♦ **અભિજ્ઞાન શાકુન્તલઃ**- વિશ્વની સાહિત્ય કૃતિઓમાં સૌથી રમ્ય હોવાનું ગૌરવ 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકને પ્રાપ્ત થયું છે. જર્મનીના મહાકવિ ગટે તે કૃતિને માથા ઉપર મૂકીને નાચવા લાગ્યા હોવાનું કહેવાય છે.

પ્રસ્તુત નાટકમાં દુષ્યન્ત અને કણ્વ ઋષિની પુત્રી શકુન્તલાના પ્રણયની કથા વર્ણવાયેલી છે. જેના નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડ્યું તે ભરત - તેમનો પુત્ર - બંનેના મિલનનું કારણ બને છે.

♦ **રઘુવંશઃ**- રામાયણ અને મહાભારત જેવા આર્ષગ્રન્થોને બાદ કરતાં મહાકાવ્યોના યુગમાં સર્વોચ્ચ મહાકાવ્યનું સ્થાન 'રઘુવંશ' ધરાવે છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રી રામ જે કૂળમાં જન્મ્યા તે રઘુકુળના રાજાઓનું વર્ણન તેમાં આવે છે. જેમાં રઘુવંશના રાજાઓના જન્મ, રાજ્યાભિષેક તેમજ સુરાજ્યને ઉત્કૃષ્ટ રીતે વણી લેવામાં આવ્યા છે.

♦ **કુમાર સંભવઃ**- પૃથ્વીના માનદંડ તેવા હિમાલયની પુત્રી પાર્વતી શિવને પામવાના પ્રયાસો કરે છે. પાર્વતીએ પોતાની મદદ માટે આવેલા કામદેવને પોતાની સમક્ષ દહન થયેલો જોયો. બાદમાં પાર્વતી તપ કરવા જાય છે. તેના તપથી પ્રસન્ન થયેલ શિવજી પાર્વતીને 'હું તારો દાસ છું' કહે તે કવિની કલ્પનાની ચરમસીમા છે. આ પ્રકારની રમણીય કૃતિ વિશ્વ સાહિત્યમાં પણ ઉત્તમ ગણવામાં આવી છે.









ઉપરોક્ત કૃતિઓ સિવાય 'માલવિકાગ્નિમિત્ર' અને 'વિક્રમોર્વશીય' પણ કાલિદાસનાં જાણીતાં નાટકો છે. ઋતુસંહાર એ છ ઋતુઓના વર્ણનનું હૃદયસ્પર્શી કાવ્ય છે. મેઘદૂત ખંડકાવ્ય છે પણ સેંકડો વરસોથી સાહિત્યપ્રેમીના હૃદય ઉપર રાજ્ય કરે છે.

♦ **ભારવિઃ**- પોતાની કૃતિઓમાંથી દોષ કાઢતા પિતાને હણવા એક યુવાન તૈયાર થાય છે. પણ પિતાજી તો પુત્રના દોષ દૂર કરી તેને મહત્તાની શિખરે લઇ જવા ઇચ્છે છે એ જાણ્યા પછી, ક્ષમા માંગનાર ભારવિ ઉત્તમ કવિઓમાં સ્થાન ધરાવે છે. માત્ર એક જ વર્ણથી રચાયેલા શ્લોક કે તમામ વર્ણો સમાવિષ્ટ થતા હોય તેવા અર્થસભર શ્લોક આજે પણ ચિત્તાકર્ષક ગણાય છે.

પાંડવોના વનવાસ સમયે દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ માટે અર્જુન તપ કરે છે. આ દરમિયાન ભગવાન શિવ 'કિરાત'નું રૂપ લઇ તેના બળની કસોટી કરવા તેની સાથે યુદ્ધ કરે છે. 'કિરાતાર્જુનીયમ્' નામની આ કૃતિમાં કવિએ ઋતુઓ, જંગલો, સૂર્યાસ્ત તેમજ પ્રકૃતિનાં અન્ય રૂપોનું આહલાદક વર્ણન કર્યું છે.

♦ **માઘઃ**- યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં સૌ પ્રથમ પૂજા કોની કરવી તે વિવાદ થાય છે. શ્રી કૃષ્ણ પ્રત્યે બધા લોકો આદર ધરાવતા હતા પણ તેમની પૂજાનો શિશુપાલે વિરોધ કર્યો. અંતતઃ સમગ્ર વિવાદ શિશુપાલના વધ દ્વારા વિરામ પામ્યો. આ કથાવસ્તુને ધ્યાનમાં લઇ માઘે 'શિશુપાલ વધ' નામનું સુંદર મહાકાવ્ય રચ્યું છે.

માઘ પોતે વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર જેવા અનેક વિષયોમાં પાંડિત્ય ધરાવતા હતા. કાવ્યમાં અર્થાલંકારો હોય કે શબ્દાલંકારો તેનું સંયોજન શ્રેષ્ઠ રીતે કરી શકતા હતા. તેથી જ કહેવાયું છે કેઃ

"ઉપમા કાલિદાસની, ભારવિ અર્થ ગૌરવ,
દંડીનું પદલાલિત્ય, માઘમાં તે ત્રણે ગુણો"





પ્રત્યાયન
Communication






like
Hi
social

પ્રસ્તાવના

આપણને ભાષાની જરૂર શા માટે પડે છે? વાતચીત કરવા કે માહિતી એકબીજાને પહોંચાડવા. બરાબર ને? હવે જરા વિચારો કે એવી સ્થિતિ આવે કે જ્યાં ‘બોલાતી ભાષા‘નો ઉપયોગ ન કરી શકાય ત્યારે આપણે શું કરીએ? આપણે અન્ય ‘સંકેતો‘નો ઉપયોગ કરીને માહિતી પહોંચાડીએ. તેવી જ રીતે મૂક અને બધિરો એક અલગ જ જાતની ભાષાથી વાતચીત કરે છે. તો કમ્પ્યૂટર (Computer) કે ઇલેક્ટ્રોનિક સાધનો સમજી શકે તે માટે પણ એક ખાસ ભાષા હોય છે. તો ચાલો, આપણે ‘બોલાતી ભાષા‘ સિવાયની ‘અન્ય ભાષાઓ‘ની જાણકારી મેળવીએ.

લેખિત ભાષા - લિપિ

બોલાતી ભાષા તો ફક્ત થોડાક સમય માટે રહે છે. બોલાયેલા શબ્દો અને વાક્યોને એક ક્ષણ પછી તમે ફરી 'સાંભળી' શકતા નથી. પણ ઘણીવાર આ બધી વાતોને લાંબા સમય સુધી 'સાચવી' રાખવાની જરૂર પડે અથવા ઘણાં લોકો સુધી પહોંચાડવાની જરૂર પડે ત્યારે ભાષાના 'બોલાતા શબ્દ'ને 'દેખાય' તેવા સ્વરૂપમાં બદલવા પડે. આને માટે વિવિધ ભાષાઓ તેમજ વિવિધ લિપિઓ બનાવવામાં આવી છે.

બ્રાહ્મી લિપિ

સિંધુ સંસ્કૃતિના સમય પછી ઈ.સ. પૂર્વે લગભગ પાંચમી સદીથી દક્ષિણ અને મધ્ય એશિયામાં જે લિપિ વપરાતી હતી તેને બ્રાહ્મીનું નામ આપવામાં આવ્યું છે. સમ્રાટ અશોકના શિલાલેખો બ્રાહ્મી લિપિમાં જ કોતરાયેલા છે. આ લિપિમાં એક અક્ષરમાં અંતમાં સ્વર તો હોય જ છે, વ્યંજન હોય તો એક કે એકથી વધારે પણ હોય. જો સ્વર એકલો આવે તો આખો સ્વર લખાય અને જો વ્યંજનની સાથે આવે તો સ્વર ફક્ત ચિહ્નો વડે કે માત્રાઓ વડે બતાવવામાં આવે છે.

બ્રાહ્મી લિપિ

k क्	ka क	ki कि	ku कु	ke के	ko को	kr कृ	kaṃ कं/कम्
	kā का	kī की	kū कू	kai कै	kau कौ	kr̄ कॄ	kaḥ कः

બ્રાહ્મી લિપિ

દેવનાગરી લિપિ

હિન્દી, મરાઠી, સંસ્કૃત, કોંકણી અને સિન્ધી ભાષાઓને લખવા માટે દેવનાગરી લિપિ વાપરવામાં આવે છે. દેવનાગરી લિપિ આમ તો બ્રાહ્મી લિપિમાંથી નીકળી છે અને તેમાં જ થોડોક ફેરફાર કરીને ગુજરાતી લિપિ રચવામાં આવી છે. બ્રાહ્મી લિપિની જેમ જ ગુજરાતી અને દેવનાગરી લિપિમાં પણ એક અક્ષરમાં એક કે વધારે વ્યંજન અને સાથે એક સ્વર જોડાયેલો હોય છે. સ્વર જો એકલો આવે તો આખો સ્વર લખાય અને જો વ્યંજનની સાથે આવે તો સ્વર ફક્ત ચિહ્નો વડે કે માત્રાઓ વડે બતાવવામાં આવે છે. દેવનાગરી લિપિમાં દરેક અક્ષરને માથે એક આડી રેખા હોય છે.

क	ख	ग	घ	ङ	च	छ	ज	झ	ञ
ka	kha	ga	gha	ṅa	ca	cha	ja	jha	ña
ट	ठ	ड	ढ	ण	त	थ	द	ध	न
ṭa	ṭha	ḍa	ḍha	ṇa	ta	tha	da	dha	na
प	फ	ब	भ	म	य	र	ल	व	
pa	pha	ba	bha	ma	ya	ra	la	va	
श	ष	स	ह						
śa	ṣa	sa	ha						

દેવનાગરી લિપિ

રોમન (Roman) લિપિ

અંગ્રેજી ભાષાને લખવા આપણે જે લિપિ વાપરીએ છીએ તે છે રોમન લિપિ. જે અંગ્રેજી સિવાય ફ્રેંચ (French), પોર્ટુગિઝ (Portuguese), સ્પેનિશ (Spanish), ડચ (Dutch) ભાષા વગેરે યુરોપની ભાષાઓને લખવા માટે વપરાય છે.આ ઉપરાંત જ્યાં યુરોપના વિવિધ દેશોએ તેમની વસાહતો સ્થાપી હતી તેવી કેટલીક ભાષાઓએ જ્યારે લિપિ બનાવી ત્યારે તેમણે પણ રોમન લિપિ અપનાવી. દા.ત. સ્વાહિલી, મલય, ટગાલોગ, વિએતનામી વગેરે. ભારતમાં મણીપુરી ભાષા પણ રોમન લિપિમાં લખાય છે, કોંકણી ભાષા પણ પહેલાં રોમન લિપિમાં લખાતી હતી.


ABCDEFGHIJKLM
NOPQRSTUVWXYZ
abcdefghijklm
nopqrstuvwxyz
0123456789!?#
%&$@*{(/|\)}

રોમન લિપિ

I = 1		V = 5		X = 10		L =50	C=100	M=1000	
1 I	2 II	3 III	4 IV	5 V	6 VI	7 VII	8 VIII	9 IX	10 X
11 XI	12 XII	13 XIII	14 XIV	15 XV	16 XVI	17 XVII	18 XVIII	19 XIX	20 XX
21 XXI	22 XXII	23 XXIII	24 XXIV	25 XXV	26 XXVI	27 XXVII	28 XXVIII	29 XXIX	30 XXX
31 XXXI	32 XXXII	33 XXXIII	34 XXXIV	35 XXXV	36 XXXVI	37 XXXVII	38 XXXVIII	39 XXXIX	40 XL
41 XLI	42 XLII	43 XLIII	44 XLIV	45 XLIV	46 XLVI	47 XLVII	48 XLVIII	49 XLIX	50 L
51 LI	52 LII	53 LIII	54 LIV	55 LV	56 LVI	57 LVII	58 LVIII	58 LIX	60 LX
61 LXI	62 LXII	63 LXIII	64 LXIV	65 LXV	66 LXVI	67 LXVII	68 LXVIII	69 LXIX	70 LXX
71 LXXI	72 LXXII	73 LXXIII	74 LXXIV	75 LXXV	76 LXXVI	77 LXXVII	78 LXXVIII	79 LXXIX	80 LXXX
81 LXXXI	82 LXXXII	83 LXXXIII	84 LXXXIV	85 LXXXV	86 LXXXVI	87 LXXXVII	88 LXXXVIII	89 LXXXIX	90 XC
91 XCI	92 XCII	93 XCIII	94 XCIV	95 XCV	96 XCVI	97 XCVII	98 XCVIII	99 XCIX	100 C

બ્રેઈલ (Braille) લિપિ

જે લોકોને દેખાતું ન હોય કે ઓછું દેખાતું હોય તેવા લોકોને પણ લખવું હોય તો શું કરવું? લુઈસ બ્રેઈલ (Louis Braille) નામના ફ્રેંચ શિક્ષણશાસ્ત્રીએ એક એવી લિપિ શોધી કે જે જોઈને નહીં પણ સ્પર્શની મદદથી વાંચી શકાય. આ લિપિમાં ત્રણ ટપકાંની બે હરોળો એટલે કે છ ટપકાંની જગ્યામાં અલગ અલગ જગ્યાએ કરેલ ટપકાંથી અલગ અલગ અક્ષરનો સંકેત બનાવવામાં આવ્યો છે. બ્રેઈલમાં લખનાર અલગ અલગ અક્ષર માટેનાં જે તે ટપકાં પ્રમાણે ઉપસાવે અને વાંચનાર એ ઉપસેલા ટપકાં કયા અક્ષરના સંકેત છે તે હાથ લગાડીને ઓળખે. નીચે આપેલું ચિત્ર બ્રેઈલ લિપિમાંઅંગ્રેજી અક્ષરો બતાવે છે.



અંગ્રેજી બ્રેઈલ લિપિ



અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ
⠁	⠜	⠊	⠔	⠥	⠳	⠑	⠌	⠕	⠪
ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ
⠅	⠨	⠛	⠣	⠬	⠉	⠡	⠚	⠴	⠒
ટ	ઠ	ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન
⠾	⠺	⠫	⠿	⠼	⠞	⠹	⠙	⠮	⠝
પ	ફ	બ	ભ	મ	ય	ર	લ	વ	ળ
⠏	⠖	⠃	⠘	⠍	⠽	⠗	⠇	⠧	⠸
શ	ષ	સ	હ	ક્ષ	જ્ઞ	ઋ			
⠩	⠯	⠎	⠓	⠟	⠱	⠐⠗	⠻	⠐⠻	⠐⠣
અં	અઃ	અઁ	્	ઍ					
⠰	⠠	⠄	⠈	⠭	⠢	⠂			

ગુજરાતી બ્રેઈલ લિપિ

ડોટ (Dot) ડેશ (Dash)ની ટેલિગ્રાફિક (Telegraphic) લિપિ (મોર્સ કોડ - Morse Code)

થોડાક સમય પહેલાં ભારતમાં ટેલિગ્રાફિક (તાર) સેવા બંધ કરવામાં આવી. ટેલિગ્રાફિક સેવા એટલે શું તમને ખબર છે? પહેલાંના સમયમાં કોઈ જરૂરી સમાચાર ઝડપથી પહોંચાડવાના હોય તો એના માટે ટેલિગ્રાફી મશીનનો ઉપયોગ થતો. જ્યાંથી સમાચાર મોકલવાના હોય ત્યાં એક નાનું એવું સાધન જોઈએ જે કોઈક રીતે ડોટ અને ડેશ રૂપે મોકલી શકે. મશીનમાં એક ઘંટડી હોય જેને વગાડીને તરત છોડી દો તો ‘ડોટ‘ અને ડોટ કરતાં ત્રણ ગણી લાંબી વગાડો તો ‘ડેશ‘ થાય. દરેકે દરેક અક્ષરને ડોટ અને ડેશના સંકેતોમાં બદલાવી અને એક છેડેથી એ પ્રમાણે ટપાલકચેરીમાંથી આ સિગ્નલ (Signal) મોકલે. જ્યાં સમાચાર મેળવવાના હોય ત્યાં ફક્ત જેને આ ભાષા આવડતી હોય તે ટપાલી કે કારકુન બેસે. મળતા સંકેત ઉકેલી તેને સાદી ભાષામાં લખી નાખે અને તરત જ ટપાલી તે વ્યક્તિના ઘરે જઈને આ ‘ટપાલ‘ આપી આવે એટલે તાત્કાલિક આ સમાચાર મળી જાય.

INTERNATIONAL MORSE CODE

A	● ▬	N	▬ ●	1	● ▬ ▬ ▬ ▬	.	● ▬ ● ▬ ● ▬
B	▬ ● ● ●	O	▬ ▬ ▬	2	● ● ▬ ▬ ▬	,	▬ ▬ ● ● ▬ ▬
C	▬ ● ▬ ●	P	● ▬ ▬ ●	3	● ● ● ▬ ▬	?	● ● ▬ ▬ ● ●
D	▬ ● ●	Q	▬ ▬ ● ▬	4	● ● ● ● ▬	‘	● ▬ ▬ ▬ ▬ ●
E	●	R	● ▬ ●	5	● ● ● ● ●	!	▬ ● ▬ ● ▬ ▬
F	● ● ▬ ●	S	● ● ●	6	▬ ● ● ● ●	/	▬ ● ● ▬ ●
G	▬ ▬ ●	T	▬	7	▬ ▬ ● ● ●	:	▬ ▬ ▬ ● ● ●
H	● ● ● ●	U	● ● ▬	8	▬ ▬ ▬ ● ●	;	▬ ● ▬ ● ▬ ●
I	● ●	V	● ● ● ▬	9	▬ ▬ ▬ ▬ ●	=	▬ ● ● ● ▬
J	● ▬ ▬ ▬	W	● ▬ ▬	0	▬ ▬ ▬ ▬ ▬	+	● ▬ ● ▬ ●
K	▬ ● ▬	X	▬ ● ● ▬			-	▬ ● ● ● ● ▬
L	● ▬ ● ●	Y	▬ ● ▬ ▬			_	● ● ▬ ▬ ● ▬
M	▬ ▬	Z	▬ ▬ ● ●			“	● ▬ ● ● ▬ ●
						@	● ▬ ▬ ● ▬ ●

મૂક બધિરની સાંકેતિક ભાષાઃ સાઈન લેંગ્વેજ (Sign Language)

બોલાતી ભાષા તો એક વ્યક્તિ બોલે અને બીજો સાંભળે, વળી બીજો બોલે અને પહેલો સાંભળે એમ વાતચીત ચાલતી રહે. પણ બધિર વ્યક્તિઓ અને મૂક વ્યક્તિઓ કેવી રીતે વાત કરતાં હશે? આપણે પણ જો કાન અને મોંનો ઉપયોગ ન કરવો હોય તો સંકેત કરીને વાતચીત કરીએ છીએ પણ એ વાતચીતમાં મોટાભાગે ક્રિયાઓ કે જે આપણે બતાવી શકીએ અથવા એવી વસ્તુઓ કે જે નજર સામે હોય તેની જ વાત કરી શકાય છે. બીજી વાત કે એ સંકેતને બધાં જ સમજી શકતાં હોય તેટલા સહેલા હોય છે. જેમ કે હાથનો અંગૂઠો ઉપરની તરફ બતાવો એટલે 'all the best' કે 'જીત', નીચે તરફ કરો એટલે 'હારી ગયા' વગેરે. પણ તમે મૂક બધિરોને જોયા છે? તેઓ તો સળંગ કલાક બે કલાક વાતો કરે છે, આવી જ રીતે હાથના સંકેતોથી વાતો કરે છે. પણ તમને એમાં કાંઈ સમજાતું નથી. બરાબરને? આ ભાષામાં હાથ, હાથની આંગળીઓ, સંકેતની દિશા, હાથની શરીરથી દૂરી, મુખમુદ્રા વગેરે દ્વારા વિવિધ અર્થો વ્યક્ત થાય છે.



કલા










કલા

સમાવિષ્ટ મુદ્દાઓ

- વિશ્વના મહાન ચિત્રકારો અને તેમનાં ચિત્રો
- ભારતના મહાન ચિત્રકારો અને તેમનાં ચિત્રો
- ખ્યાતનામ ભારતીય સંગીતજ્ઞો
- વિશ્વના ખ્યાતનામ ગાયકો / સંગીતજ્ઞો
- ભારતીય ગાયક - પ્રસિદ્ધ ગીતો તથા આલ્બમ
- સંગીત વાદ્યો
- વિદેશી વાદ્યો
- કલાના રાષ્ટ્રીય ઍવૉર્ડ્સ
- ભારતીય નૃત્ય અને તેના પ્રકારો
- વિદેશી નૃત્ય
- ગુજરાતનાં શિલ્પ સ્થાપત્યો
- ભારતનાં શિલ્પ સ્થાપત્યો
- આધુનિક વિશ્વની અજાયબીઓ

















પ્રસ્તાવના

સાહિત્ય, સંગીત અને કલાઓને પ્રત્યેક સંસ્કૃતિનાં અભિન્ન અંગો ગણવામાં આવે છે. આ પુસ્તકમાં ચિત્ર, ગાન, સંગીત, સંગીતનાં વાદ્યો, ભારતીય તેમજ વિદેશી નૃત્યો, ગુજરાત તેમજ ભારતનાં શિલ્પ સ્થાપત્યો અને આધુનિક વિશ્વની અજાયબીઓ જેવી બાબતોને સમાવિષ્ટ કરવામાં આવી છે. જેમાં આપણે વૈશ્વિક તેમજ ભારતીય કલાધરોનો પરિચય કેળવીશું તેમજ ગૌરવની અનુભૂતિ કરી, આ ગૌરવશાળી પરંપરાના માર્ગ પર પ્રસ્થાન કરવાની પ્રેરણા પણ મેળવી શકીશું.













વિશ્વના મહાન ચિત્રકારો અને તેમનાં ચિત્રો



Leonardo da Vinci (1452-1519) લિયોનાર્દો-દ-વિન્ચી

જાણીતાં ચિત્રો



Lady With an Ermine - 1490
લેડી વીથ એન એરમાઈન



The Last Supper - 1498
ધ લાસ્ટ સપર



Mona Lisa - 1503
મોનાલિસા



J. M. W. Turner જે.એમ. ડબલ્યૂ. ટર્નર

જાણીતાં ચિત્રો







જે.એમ. ડબલ્યૂ. ટર્નર દ્વારા દોરાયેલ આ ચિત્રોને કોઈ વિશિષ્ટ નામ આપેલ નથી.



















Michelangelo Buonarroti (1475–1564) માઈકલ એન્જલો

જાણીતાં ચિત્રો



The Last Judgement - 1541
ધ લાસ્ટ જજમેન્ટ



Creation of Adam
ક્રિએશન ઓફ આદમ



Sistine Chapel Ceiling - 1512
સિસ્ટિન ચેપલ સીલિંગ



Raphael Sanzio (1483 – 1520) રફાએલ

જાણીતાં ચિત્રો




Tempi Madonnas - 1508
ટેમ્પી મેડોનાસ



The Triumph of Galatea
ધ ટ્રાયમ્ફ ઓફ ગલાટિયા



Portrait of Agnolo Doni - 1506
પોટ્રેટ એગ્નોલો ડોની







Paul Cezanne (1839 – 1906) પૉલ સિજાન

જાણીતાં ચિત્રો



The Card Players - 1895
ધ કાર્ડ પ્લેયર્સ



The Basket of Apples 1895
ધ બાસ્કેટ ઓફ એપલ્સ



The Blue Vase 1887
ધ બ્લ્યૂ વાઝ



Pablo Picasso (1881 – 1973) પાબ્લો પિકાસો

જાણીતાં ચિત્રો




The Old Guitarist - 1904
ધ ઓલ્ડ ગિટારિસ્ટ



Girl Before a Mirror - 1932
ગર્લ બિફોર એ મિરર



Self Portrait - 1901
સેલ્ફ પોટ્રેટ





Rembrandt રેમ્બ્રાન્ડ

જાણીતાં ચિત્રો



Syndics of the Drapers
સિન્ડિક્સ ઓફ ધ ડ્રેપર્સ



The Blinding of Samson
ધ બ્લાઈન્ડિંગ ઓફ સેમસન



Aristotle with a Bust of Homer
એરિસ્ટોટલ વિથ એ બસ્ટ ઓફ હોમર



Paul Klee પૉલ ક્લિ


જાણીતાં ચિત્રો








પૉલ ક્લિ દ્વારા દોરાયેલ આ ચિત્રોને કોઈ વિશિષ્ટ નામ આપેલ નથી.












Henri Matisse હેન્રી માટિસ

જાણીતાં ચિત્રો



The sorrows
ધ સોરોઝ



Open Window
ઓપન વિન્ડો



The Dessert
ધ ડેઝર્ટ



Peter Paul Rubens પિટર પૉલ રુબીન્સ

જાણીતાં ચિત્રો



Honeysuckle Bower
હનીસક્લ બોવર




Het Steen in the Early Morning
હેટ સ્ટીન ઈન ધી અર્લી મોર્નિંગ



The Hippopotamus and Crocodile Hunt
ધ હિપોપોટેમસ એન્ડ ક્રોકોડાઈલ હન્ટ



















ભારતના મહાન ચિત્રકારો અને તેમનાં ચિત્રો



Raja Ravi Varma રાજા રવિ વર્મા

જાણીતાં ચિત્રો






રાજા રવિ વર્મા દ્વારા દોરાયેલ આ ચિત્રોને કોઈ વિશિષ્ટ નામ આપેલ નથી.



Amruta Shergil અમૃતા શેરગિલ

જાણીતાં ચિત્રો

અમૃતા શેરગિલ દ્વારા દોરાયેલ આ ચિત્રોને કોઈ વિશિષ્ટ નામ આપેલ નથી.




















Ravishankar Raval રવિશંકર રાવળ

જાણીતાં ચિત્રો



પ્રેમાનંદ





રવિ શંકર રાવળ દ્વારા દોરાયેલ આ ચિત્રોને કોઈ વિશિષ્ટ નામ આપેલ નથી.

ખ્યાતનામ ભારતીય સંગીતજ્ઞો




Sachin Dev Burman સચીન દેવ બર્મન

ભારતીય સંગીત ઇતિહાસમાં એસ. ડી. બર્મન એક શ્રેષ્ઠ સંગીતકાર તરીકે ઓળખાય છે. તેઓ આર. ડી. બર્મનના પિતા. તેમણે ખૂબ જ સરળ અને કાયમ સાંભળવી ગમે તેવી કર્ણપ્રિય સુમધુર સંગીત રચનાઓ ભેટ આપી.



Shankar Jaikishan શંકર જયકિશન

હિન્દી ફિલ્મના ઇતિહાસમાં સંગીત માટેનો સુવર્ણયુગ કહીએ તો તે ઇસ. 1950-70 નો ગાળો કહી શકાય. તે સમયના મુખ્ય સંગીતકાર શંકર જયકિશન હતા. તેમનું સંગીત આમ તો 50 થી 70 ના દાયકાનું હતું, પરંતુ આજે પણ તે તાજું જ લાગે છે. ભારતીય સંગીતમાં જાઝ સંગીતને લાવનાર જ તેઓ હતા. ઘણી હોલીવૂડ ફિલ્મમાં તેમના સંગીતનો ઉપયોગ કરેલ છે.
















Laxmikant Pyarelal લક્ષ્મીકાન્ત પ્યારેલાલ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સંગીત તથા લેખન ક્ષેત્રે અનેક જોડીઓ યાદગાર બની રહી છે. જેમકે શંકર-જયકિશન, સલીમ-જાવેદ, નદીમ-શ્રવણ, જતીન-લલિત જોડી સફળ પૂરવાર થયેલ છે. આવી જ જૂની જોડી હતી લક્ષ્મીકાંત પ્યારેલાલ. તેમણે બધા જ પ્રકારનુ સંગીત પીરસ્યું. તેમના જેટલાં સફળ ગીતો ફિલ્મ ઈતિહાસમાં અન્ય કોઈએ આપ્યાં નથી. તેમણે લગભગ 40 વર્ષ સુધી સફળ સંગીત આપ્યું.



R. D. Burman આર.ડી. બર્મન

ખૂબજ રચનાત્મક સંગીત નિર્દેશકોમાંના એક એટલે આર. ડી. બર્મનદા. તેમણે સંગીતમાં ખૂબ જ વિવિધતા અને વેરિએશન આપ્યાં. સદાકાળ ગૂંજતું સંગીત અનેક ફિલ્મોમાં આપ્યું. તેમના નામે ફિલ્મફેરમાં આજે RD Burman Award નામે એક એવૉર્ડ પણ અપાય છે.




Rajesh Roshan રાજેશ રોશન

ઘણાને ખબર નહિ હોય કે રાજેશ રોશન એ પ્રખ્યાત અભિનેતા ઋત્વિક રોશનના કાકા થાય! તેમણે કેટલીક ફિલ્મોમાં શાનદાર સંગીત આપ્યું. તેમને ઘણી વખત બેસ્ટ મ્યુઝિક ડાયરેક્ટરના એવૉર્ડ મળેલ છે. તેમનું સંગીત અલગ જ તરી આવતું. જેમ સંગીતકારની બેલડી હતી તેમ સંગીતકાર અને ગાયક, સંગીતકાર અને અભિનેતાની પણ જુગલબંધી હતી. જેમ રાજકપૂર - મુકેશ, આર. ડી. બર્મન - કિશોરકુમાર તે જ રીતે રાજેશ રોશન અને ઉદિત નારાયણની જોડી સફળ રહી.




A R Rahman એ.આર. રહેમાન

અલ્લાહ રખા રહેમાન એ એક ભારતીય મ્યુઝિક કંપોઝર, રેકોર્ડ નિર્માતા, સંગીતકાર અને ગાયક છે. 1990ના દાયકાની શરુઆત માં તેમની ફિલ્મી કારકીર્દિની શરૂઆત થઈ હતી. તમિલ ફિલ્મ દિગ્દર્શક મણિરત્નમની ફિલ્મ રોજાનું સંગીત એ. આર. રહેમાને આપ્યું છે. જે ખૂબ જ પ્રસિદ્ધ થયું છે. આના કારણે અન્ય ફિલ્મોના સંગીતમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું. તેઓ એશિયાના સૌપ્રથમ ઓસ્કાર વિજેતા સંગીતકાર હતા. તેમને 2009માં 'જય હો' ગીત માટે ઓસ્કાર એવૉર્ડ પ્રાપ્ત થયેલ.






Naushad Ali નૌશાદ અલી

નૌશાદ અલી એક ભારતીય સંગીતકાર હતા. ઈ.સ. 1944ના વર્ષમાં રતન નામના ચલચિત્રમાં તેમને ભવ્ય સફળતા મળી હતી. આ સફળતા પછી એમણે 35 જેટલી સિલ્વર જ્યુબીલી હીટ, 12 ગોલ્ડન જ્યુબીલી તેમજ 3 ડાયમંડ જ્યુબીલી ફિલ્મો આપી ભવ્ય સફળતા મેળવી હતી. તેમને 1982ના વર્ષમાં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર અને ઈ.સ. 1992ના વર્ષમાં પદ્મભૂષણ પુરસ્કાર વડે સન્માનિત કરવામાં આવ્યા હતા.



વિશ્વના ખ્યાતનામ ગાયકો/સંગીતજ્ઞો

કલાકાર	આલ્બમ		
 Elvis Presley એલ્વિસ પ્રેસલી			
 Ludwig Van Beethoven લુડવીંગ વાન બીથોવન			
 Madonna મેડોના			
 Michael Jackson માઈકલ જેકસન			
 Yanni યાન્ની			



















ભારતીય ગાયક - પ્રસિદ્ધ ગીતો તથા આલ્બમ

બડે ગુલામ અલી ખાં 1902-1968
Golden Milestone, Hindustani vocal, સબ રંગ, મહેફિલ



લતા મંગેશકર 1929
રામ રતન ધન પાયો,
મીરાં ભજન, ક્ષણ અમૃતાચે,
ખજાના, લતા મંગેશકર - એહસાસ





કુંદનલાલ સાયગલ 1904-1947
એક બંગલા બને ન્યારા, દો નૈના
મતવારે તિહારે, દિયા જલાઓ



પંડિત જસરાજ 1930
શિવ અનુરાગ, હવેલી સંગીત
દેવી ઉપાસના, ગણેશ ઉપાસના
ગીત ગોવિંદ, ગાયત્રી

મન્ના ડે 1919-2013
સન્યાસી રાજા ભારત તીર્થો,
મધુશાલા



ગીતા દત્ત 1930-1972
બાબુજી ધીરે ચલના...
વક્તને કિયા ક્યા હસી સિતમ..
ઐ દિલ મુઝે બતા દે..





પંડિત ભીમસેન જોષી 1922-2011
ભક્તિ ગીત, સંગીત અમ્રિત,
નાદબ્રહ્મ, અભંગ, ભજન



આશા ભોંસલે 1933
મિરાઝે ગઝલ, ચાંદ કે સાથ,
સિદ્ધાર્થ, આપ કી આશા

કિશોરકુમાર 1922- 1987
ફૂલોં કા તારો કા સબકા કહના હૈ..
રીમઝીમ ગિરે સાવન, આ કે સિધી લગી
દિલ પે, જિંદગી એક સફર હૈ સુહાના



જગજીત સિંહ 1941-2011
મરાસિમ, સજદા,
આઈના, ઇન્તેહા





મુકેશ 1923- 1976
સબ કુછ સિખા હમને...
કઈ બાર યું હી દેખા હૈ..
હોઠોં પે સચ્ચાઇ રહતી હૈ..




અનુરાધા પૌડવાલ 1952
આરતી, શિવ ગૂંજન,
અમૃતવાણી

મોહમ્મદ રફી 1924-1980
બાબુલ કી દુઆએં લેતી જા...
ગુલાબી આંખે જો તેરી દેખી...
તુમ જો મિલ ગયે હો...



હરિહરન 1955
હલકા નશા, શિવ ગૂંજન,
વક્ત પર બોલના, હાઝિર





નૂરજહાં 1926-2000
આવાઝ દે કહાં હૈ..
અચ્છે બચ્ચે નહીં જાગતે...
નાચો સિતારો નાચો....



કવિતા ક્રિષ્નમૂર્તિ 1958
બોલે ચૂડિયાં...

ભૂપેન હઝારિકા 1926-2011
બંગાળી ગીતો, આસામી ગીતો
મૈં ઓર મેરા સાયા આલ્બમ
દિલ હૂમ હૂમ કરે...



શંકર મહાદેવન 1967
બ્રેથલેસ,
તેરી હૈ પરછાઇયાં










સંગીત વાદ્યો

તંતુવાદ્યો (તારવાળા)	શુષિર વાદ્યો (હવાથી વાગતા)	અવનદ્ધ વાદ્યો (ચામડા મઢેલા)	ઘન વાદ્યો (નક્કર ધાતુવાળા)
સિતાર 	હારમોનિયમ 	તબલા 	મંજિરા 
ગિટાર 	વાંસળી 	ઢોલક 	ખંજરી 
સંતૂર 	શહેનાઈ 	પખવાજ 	કરતાલ 
સારંગી 	માઉથ ઓર્ગન 	નગારું 	ટ્રાયએંગલ 
વાયોલિન 	સેક્સોફોન 	ડમરું 	જલતરંગ 













વિદેશી વાદ્યો

સેક્સોફોન



ગિટાર



ડ્રમસેટ



વાયોલિન



ટ્રમ્પેટ



કોંગોડ્રમ



કી-બોર્ડ



પિયાનો



કબ્બાસ



ક્લેરોનેટ



એકોર્ડીયન



ઝાયલોફોન



હાર્પ




બેંજો



બ્યૂગલ















કલાના રાષ્ટ્રીય ઍવૉર્ડ્સ

ટી.વી.,ફિલ્મ્સ	નેશનલ ફિલ્મ ઍવૉર્ડ્સ, દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ્સ, ફિલ્મફેર ઍવૉર્ડ્સ, ગોલ્ડન લોટસ ઍવૉર્ડ્સ, સિલ્વર લોટ્સ ઍવૉર્ડ્સ, આનન્દલોક ઍવૉર્ડ્સ બંગાળી ફિલ્મ માટે, ઈન્ડિયન ટેલી ઍવૉર્ડ્સ, નન્દી ઍવૉર્ડ્સ તેલુગુ ફિલ્મ માટે, કિશોર કુમાર ઍવૉર્ડ્સ
કલા	આદિત્ય વિક્રમ બિરલા કલાશિખર ઍવૉર્ડ્સ, કાલિદાસ સમ્માન, ગુરુ કેલુચતરન ઍવૉર્ડ્સ, કમલ કુમારી નેશનલ ઍવૉર્ડ્સ, શિલ્પગુરુ ઍવૉર્ડ ફોર ક્રાફ્ટ વર્ક, સંત કબીર ઍવૉર્ડ ફોર હેન્ડલૂમ વિવર, દેવી અહલ્યાબાઈ ઍવૉર્ડ
શાસ્ત્રીય નૃત્ય અને શાસ્ત્રીય સંગીત	સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ્સ, તાનસેન ઍવૉર્ડ્સ, ભુવાલકા ઍવૉર્ડ, તુલસી સમ્માન, કાલિદાસ સમ્માન, લતા મંગેશકર ઍવૉર્ડ, કુમાર ગાન્ધર્વ ઍવૉર્ડ.

સંગીત ઍવૉર્ડ

- નેશનલ ઍવૉર્ડ ફોર ઇન્ડીયન ક્લાસિકલ મ્યુઝિકઃ ભારતરત્ન, પદ્મવિભૂષણ
- ગ્લોબલ ઈન્ડિયન મ્યુઝિક ઍકેડેમિક ઍવૉર્ડ ગિમા (GIMA)
- ઈન્ડિયન મ્યુઝિક વીડિયો ઍવૉર્ડ

પારિભાષિક શબ્દોનો પરિચય

ગીતના અવયવો

- સ્થાયી
- અંતરા
- સંચારી
- આભોગી

લય અને તેના પ્રકારો

- વિલંબિત લય-એકદમ ધીમી ગતિ
- મધ્ય લય-નહિ ધીમી કે નહિ તેજ હોય તેવી ગતિ
- દ્રુત લય-ઉતાવળી કે તેજ ગતિ

ભારતીય નૃત્ય અને તેના પ્રકાર

શાસ્ત્રીય નૃત્યના પ્રકાર
ભરતનાટ્યમ્
કથકલી
ઓડિસી નૃત્ય
મણિપુરી નૃત્ય
કથ્થક નૃત્ય
કૂચીપૂડી નૃત્ય

ગુજરાતના લોકનૃત્યના પ્રકાર
ગરબા
ગરબી
રાસ-રાસડા
ગોફ-ગૂંથન
પઢાર નૃત્ય
મેરાયો
ડાંગી નૃત્ય

નૃત્ય - નૃત (તાલબદ્ધ નૃત્યની ચાલ) ● નાટ્ય (નાટક કે કથાનો અંક) ● નૃત અને નાટ્યનો સંગમ એટલે નૃત્ય

ભરતનાટ્યમ્ (તમિલનાડુ)



- ભરતનાટ્યમ્ એ સૌથી પ્રાચીન અને તમિલનાડુ રાજ્યનું નૃત્ય છે.
- ભરતનાટ્યમ્ હાવભાવ, રાગ, તાલ અને નાટ્ય દ્વારા રજૂ થતું નૃત્ય છે.
- વર્તમાન સમયમાં ભરતનાટ્યમ્ નૃત્ય સ્ત્રી અને પુરુષ બંન્ને કરે છે.

કથકલી (કેરલ)



- 17 મી સદી દરમ્યાન કેરળમાં શરૂઆત થઈ, મોટાભાગે પુરુષો જ આ નૃત્ય કરે છે.
- નર્તકોના આકર્ષક શૃંગાર, વિસ્તૃત વેશભૂષા, સૂક્ષ્મ હાવભાવ અને સંગીત સાથે તાલમેલ અને શારીરિક મુદ્રાઓ માટે પ્રસિદ્ધ છે.
- મુખ્યત્વે હિન્દુ ધર્મના દેવો રામ અને કૃષ્ણના જીવનની કથાને નૃત્યનાટિકામાં પ્રદર્શિત કરતી કળા છે.
- હાથની મુદ્રા અને ચહેરાના હાવભાવ તથા આંખની કીકીઓની ખાસ અગત્ય, વેશભૂપા ખૂબ વજનદાર હોય છે.

ઓડિસી નૃત્ય (ઓરિસ્સા)



- પૂર્વ ભારતના ઓરિસ્સાનું નૃત્ય, ભારતની સૌથી જૂની નૃત્યશૈલી
- ત્રિભંગી નૃત્યશૈલી માથું, છાતી અને પેઢુંની સ્વતંત્ર હલન ચલનની શૈલી.
- આ નૃત્ય ખાસ રાગ દ્વારા રજૂ કરાય છે.
- એકધારી સામાન્ય ગતિથી થતું નૃત્ય.

મણિપુરી નૃત્ય (મણિપુર)



- મણિપુર રાજ્યનું નૃત્ય છે.
- આ નૃત્ય સ્ત્રી અને પુરુષ બન્ને કરે છે.
- કૃષ્ણલીલા અને રાધાકૃષ્ણના પારસ્પરિક પ્રેમપ્રસંગો પર આધારિત આ નૃત્ય કોમળ અને લચકદાર હાથપગ તથા અંગમરોડ અને પગની પાની તથા પંજા આધારિત છે.

કથ્થક નૃત્ય




- હિન્દુ અને મુસ્લિમ સંસ્કૃતિને સંયુક્ત રીતે વણી લેતું નૃત્ય છે.
- એક પગ પર ગોળ ફરતા રહી પ્રસંગોનું વર્ણન કરતું નૃત્ય છે.
- દેવદાસીઓનું નૃત્ય છે.
- ઉત્તર ભારતમાં ઉ.પ્રદેશ, પંજાબ, હરિયાણા વગેરે રાજ્યોમાં જોવા મળે છે.

કૂચીપૂડી નૃત્ય



- આ નૃત્ય સ્ત્રી અને પુરુષ બન્ને કરે છે.
- સ્ત્રીના સૌંદર્યને વર્ણવતું નૃત્ય છે.
- આંધ્રપ્રદેશ રાજ્યનું નૃત્ય છે.













વિદેશી નૃત્ય

A Chorus Line
અ કોરસ લાઈન



Ballet Dance બેલે ડાન્સ



Ballroom Dancing
બોલરૂમ ડાન્સીંગ



Belly Dance બેલી ડાન્સ



Break Dance
બ્રેક ડાન્સ



Burlesque Dance
બર્લેસ્ક ડાન્સ



Tap Dance
ટેપ ડાન્સ



Hip-Hop
હીપ-હોપ



Ice Dancing આઈસ ડાન્સીંગ



Yangko Dance
યાન્ગકો ડાન્સ



Latin Dance લેટિન ડાન્સ



Robotic Dance
રોબોટિક ડાન્સ



Salsa Dance સાલસા ડાન્સ




Zumba Dance ઝુમ્બા ડાન્સ




Disco Dance
ડિસ્કો ડાન્સ


















ગુજરાતનાં શિલ્પ સ્થાપત્યો


સીદી સૈયદની જાળી - અમદાવાદ


હઠીસિંહનાં દેરાં - અમદાવાદ


રુદ્રમહાલય - સિદ્ધપુર


રાણીની વાવ - પાટણ


સૂર્યમંદિર - મોઢેરા


ધોળાવીરા - કચ્છ


મોહબત મકબરા - જૂનાગઢ


અક્ષરધામ - ગાંધીનગર


સોમનાથ મંદિર - ગીર સોમનાથ


ચાંપાનેર - પાવાગઢ


લક્ષ્મીવિલાસ પેલેસ - વડોદરા


વડોદરાના મ્યુઝિયમની આર્ટ ગેલેરી
















ભારતનાં શિલ્પ સ્થાપત્યો


અજંતા (ચિત્ર અને શિલ્પ)-મહારાષ્ટ્ર


ઈલોરા - મહારાષ્ટ્ર


તાજમહાલ - આગરા


કુતુબ મિનાર - દિલ્હી


ખજૂરાહો - મધ્યપ્રદેશ


હમ્પી - કર્ણાટક


એલિફન્ટાની ગુફાઓ - મહારાષ્ટ્ર


સાંચીનો સ્તૂપ - મધ્યપ્રદેશ


કોણાર્કનું સૂર્યમંદિર - ઓરિસ્સા


મિનાક્ષી મંદિર - મદૂરાઇ


દેલવાડાનાં દેરાં - આબુ


હવા મહેલ - જયપુર

આધુનિક વિશ્વની અજાયબીઓ


Angkor Wat, Cambodia
અંગકોર વાટ - કમ્બોડિયા


Chichen-Itza, Mexico
ચિચેન-ઈટઝા - મેક્સિકો


Colosseum, Italy
કોલોસ્યમ - ઈટલી


Giza - Pyramids
ગિઝા - પિરામિડ


Hagia Sophia, Turkey
હગિઆ સોફિયા - ટર્કી


Machu Picchu, Peru
માચુ પિચુ - પેરુ



Moai, Easter - Island
મોઆઈ, ઈસ્ટર - આઈલેન્ડ


Petra, Jordan
પેટ્રા - જોર્ડન


Wat Phra Sri Sanphet, Thailand
વાટ ફ્રા શ્રી સન્ફેટ - થાઈલેન્ડ


















મોનાલિસા　　　　　　　　ચિત્રકાર - લિયોનાર્દો દ વિન્ચી



















ફિલ્મ (ચલચિત્ર)



ફિલ્મ (ચલચિત્ર)

સમાવિષ્ટ મુદ્દાઓ

- પ્રસ્તાવના
- ફિલ્મ/પિક્ચર/સિનેમા
- ભારતીય ફિલ્મ વિશે
- ભારતીય ફિલ્મ સમયરેખા (Timeline)
- ઓસ્કર ઍવૉર્ડ/નામાંકન/વિજેતા થયેલ ભારતીય ફિલ્મ/કસબીઓ
- ભારતની નામાંકિત ફિલ્મોની યાદી
- વિશ્વની નામાંકિત ફિલ્મોની યાદી



પ્રસ્તાવના

જ્ઞાન જ્યાંથી, જ્યારે અને જે રીતે મળે તે અમૂલ્ય જ હોય છે. સામાન્ય જ્ઞાનના આ પુસ્તકમાં ફિલ્મ વિશે વાત કરવામાં આવી છે. ફિલ્મ સામાન્ય રીતે મનોરંજન માટે જાણીતી છે પરંતુ તેમાંથી શિક્ષણ પણ નીપજે છે. પ્રસ્તુત પુસ્તકનો આશય વિદ્યાર્થીઓ ફિલ્મો અને તેના રસપ્રદ ઇતિહાસ તથા કેટલીક પ્રસિદ્ધ ફિલ્મો વિશે જાણે અને જીવન ઘડતરમાં તેનો આનંદ સાથે અનુભવ કરે તે છે. ભારતીય ફિલ્મોનો ઇતિહાસ ભવ્ય છે. ઘણીબધી ભારતીય ફિલ્મો સારા વિષય સાથે રજૂઆત પામી છે જે શીખવા અને શીખવવાની પ્રક્રિયામાં મદદરૂપ બની રહેશે.

ફિલ્મ / પિક્ચર / સિનેમા

- ફિલ્મ એટલે શું?

ગુજરાતી ભાષામાં ફિલ્મને ચલચિત્ર કહેવામાં આવે છે. તેની oxford અને Cambridge ની વ્યાખ્યા જોઈએ તો **"Film : Moving Picture"**

A series of moving pictures, usually shown in a cinema or on television and often telling a story is Film. (Source: dictionary.cambridge.org)

A story or event recorded by a camera as a set of moving images & shown in a cinema or on television is Film. (Source: Oxford definition)

ફિલ્મ માટે અન્ય શબ્દો પણ ઉપયોગમાં લેવાય છે જેવા કે,

Movie: A cinema film

Cinema: A theatre where films are shown for public entertainment.

(Source: Oxford definition)


A theatre where people pay to watch film. (Source: dictionary.cambridge.org)

સામાન્ય રીતે ફિલ્મ , સિનેમા અને મુવી ત્રણેય શબ્દો એક સરખા અર્થમાં વપરાય છે.

પ્લાસ્ટીકની પટ્ટી અથવા પ્રકાશ સંવેદિત અન્ય કોઈપણ મટીરિયલથી બનાવેલ પટ્ટી કે જે કેમેરામાં ભરાવી તેના દ્વારા ફોટા પાડવા કે હાલતું ચાલતું ચિત્ર બનાવવું એટલે ફિલ્મ કે ચલચિત્ર.

(પ્રવર્તમાન સમયમાં રીલ એટલે કે પટ્ટીનો ઉપયોગ પણ નામશેષ થતો જાય છે. હાલમાં આ તમામ સામગ્રી માટે સૂક્ષ્મ સંગ્રહ પટ્ટી - એટલે કે માઈક્રોચીપ્સનો, મેમરી કાર્ડનો ઉપયોગ થવા લાગ્યો છે.)

ભારતીય ફિલ્મ વિશે



- ભારતીય ફિલ્મ ભારતભરમાં પ્રદર્શિત થતી ફિલ્મ છે.
- ભારતમાં વર્ષ દરમ્યાન લગભગ 1600 જેટલી ફિલ્મ બનતી હોય છે.
- ભારતીય ફિલ્મ માત્ર ભારત જ નહિ આજે વિશ્વભરમાં ખ્યાતનામ બનેલ છે.
- ભારતીય ફિલ્મ દુનિયાના 90 જેટલા દેશોમાં રજૂ થાય છે.
- વર્તમાનમાં ભારત સરકાર ફિલ્મ ડેલીગેશનને વિદેશમાં ચલચિત્ર રજૂ કરવા માટે પ્રોત્સાહન આપી રહી છે.
- ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી દુનિયાની જૂનામાં જૂની મોટી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પૈકીની એક છે.
- 20 મી સદીમાં ભારતીય ફિલ્મ હોલીવૂડ અને ચાઈનીઝ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાઈને આજે ગ્લોબલ બની છે.
- હાલમાં ભારતમાં મુખ્યત્વે હિન્દી ભાષા ઉપરાંત ઘણીબધી પ્રાદેશિક ભાષાઓમાં પણ ફિલ્મો બની રહી છે.





દાદાસાહેબ ફાળકેને ભારતીય ફિલ્મના પિતા ગણવામાં આવે છે. તેમના નામે સરકાર દ્વારા ફિલ્મ કલાકારોને Life Time Achievement ઍવૉર્ડ આપવામાં આવે છે. તે ખૂબ જ પ્રતિષ્ઠિત અને સન્માનનીય ઍવૉર્ડ છે.



Central Board of Film Certification

ભારત સરકાર દ્વારા CBFC (Central Board of Film Certification) નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. આ સંસ્થા ભારતમાં રજૂ થતી (તમામ ભાષાની) ફિલ્મોને સર્ટીફિકેટ આપવાનું કામ કરે છે. આ સર્ટીફિકેટ વગર ફિલ્મની રજૂઆત થઇ શકતી નથી.

ભારતીય ફિલ્મ સમયરેખા (Timeline)

1896 — સૌ પ્રથમ **Lumiere Brothers** દ્વારા શૂટ થયેલી ફિલ્મ મુંબઈ માં દર્શાવવામાં આવી.





1899 — સૌ પ્રથમ ભારતીય ફિલ્મ નિર્માતા એચ.એસ. ભટાવડેકર દ્વારા “ **The Wrestlers**” ફિલ્મનું શુટિંગ થયું.

1913

પ્રથમ **(Full Length Feature Film)** પૂરી લંબાઈની ફિલ્મ આવી તે હતી 'રાજા હરિશ્ચંદ્ર.' આ ફિલ્મ દાદા સાહેબ ફાળકેએ બનાવી હતી. તેઓ આ ફિલ્મના Producer, Director, Writer, Editor, Makeup-Man અને Cameraman હતા. 1913માં આ ફિલ્મનું સ્ક્રીનીગ લંડન મુકામે યોજાયેલ હતું.



1920



ફિલ્મ પ્રોડક્શન કંપનીની શરૂઆત થઈ.
AVM Productions, Chainai

1931

ભારતની સૌ પ્રથમ બોલતી ફિલ્મ 'આલમ આરા'હતી. જેના નિર્દેશક અરદેસર ઈરાની હતા અને તેમાં સંગીતનો સમાવેશ થતો હતો. આ પહેલા મુંગી ફિલ્મો બનતી હતી. સૌ પ્રથમ ગીત 1931માં રેકોર્ડ થયું. જેના શબ્દો હતા. **'દે દે ખુદા કે નામ પર'** અને તેના ગાયક હતા વ.મ. ખાન.




1939



પ્રથમ ભારતીય રંગીન ફિલ્મ
'કિસાન કન્યા'
નિર્દેશક : મોતી બી. ગીડવાણી

1949


સૌ પ્રથમ હોરર ફિલ્મ **'મહલ'** બની.



1950

વિદેશમાં ખાસ ભારતીય ફિલ્મોનાં થિએટર્સની શરૂઆત થઇ.

1970-79



હોલીવુડ પ્રેરિત એક્શન ફિલ્મની શરૂઆત ભારતીય સિનેજગતમાં થઇ જેમ કે શોલે, દિવાર, કાલા પથ્થર વગેરે...

1980-90

પારિવારિક અને પ્રણય ફિલ્મોની શરૂઆત થઇ જેમ કે મૈને પ્યાર કિયા, હમ આપકે હૈં કૌન, દિલ, દિલવાલે દુલ્હનિયાઁ લે જાયેંગે વગેરે...



2000



પ્રથમ ભારતીય અભિનેતા અમિતાભ બચ્ચનનું મીણનું પૂતળું લંડનના મેડમ તુષાદ મ્યુઝિયમમાં મૂકવામાં આવ્યું.

2000 -2010

સાયન્સ ફિક્શન ફિલ્મની શરૂઆત થઇ. જેવી કે કોઇ મિલ ગયા, રા-વન, ક્રિશ વગેરે....



2013 -2015



જીવનચરિત્ર આધારિત ફિલ્મ નો દોર શરૂ થયો જેવી કે ભાગ મિલ્ખા ભાગ, મેરીકોમ, એમ.એસ.ધોની, દશરથ માંજી, રુસ્તમ, લિંકન વગેરે...


2016 - 2017

મોટા બજેટની, ભરપૂર એનિમેટેડ ગ્રાફિક્સ અને HISTORICAL (ઐતિહાસિક) વિષયો આધારિત ફિલ્મોનો દોર શરુ થયો જેવી કે બાજીરાવ મસ્તાની, બાહુબલી, મોહેં જો દરો વગેરે...



ઓસ્કાર ઍવોર્ડ માટે નામાંકન પામેલ તથા વિજેતા થયેલ ભારતીય ફિલ્મ અને કસબીઓ વર્ષ 2002થી...





2002

નૉમિનેશન કરનાર: આશુતોષ ગોવારીકર
ફિલ્મ: લગાન
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ વિદેશી ભાષા ફિલ્મ
રિઝલ્ટ: નૉમિનેટેડ



2005

નૉમિનેશન કરનાર: અશ્વિન કુમાર
ફિલ્મ: લીટલ ટેરરિસ્ટ
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ શોર્ટ સબ્જેક્ટ (Live Action)
રિઝલ્ટ: નૉમિનેટેડ



2007

નૉમિનેશન કરનાર: દીપા મહેતા
ફિલ્મ: વોટર
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ વિદેશી ભાષા ફિલ્મ
રિઝલ્ટ: નૉમિનેટેડ



2009

નૉમિનેશન કરનાર: રેસુલ પુકુટી
ફિલ્મ: સ્લમડૉગ મિલિયોનેર
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ
રિઝલ્ટ: વિજેતા



2009

નૉમિનેશન કરનાર: એ.આર.રહેમાન
ફિલ્મ: સ્લમડૉગ મિલિયોનેર
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ ઓરિજનલ સ્કોર
રિઝલ્ટ: વિજેતા




2009

નૉમિનેશન કરનાર: એ.આર.રહેમાન
ફિલ્મ: સ્લમડૉગ મિલિયોનેર
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ ઓરિજનલ સોન્ગ્સ
રિઝલ્ટ: વિજેતા




2011

નૉમિનેશન કરનાર: એ.આર.રહેમાન
ફિલ્મ: 127 Hours
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ ઓરિજનલ સ્કોર
રિઝલ્ટ: નૉમિનેટેડ



2011

નૉમિનેશન કરનાર: એ.આર.રહેમાન
ફિલ્મ: 127 Hours
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ ઓરીજનલ સોન્ગ્સ
રિઝલ્ટ: નૉમિનેટેડ



2013

નૉમિનેશન કરનાર: બોમ્બે જયશ્રી
ફિલ્મ: Life of PI
ઍવૉર્ડ કેટેગરી: બેસ્ટ ઓરીજનલ સોન્ગ્સ
રિઝલ્ટ: નૉમિનેટેડ

https://en.wikipedia.org/wiki/List_of_Academy_Award_winners_and_nominees_from_India

ભારતની નામાંકિત ફિલ્મોની યાદી

નીચે પ્રસ્તુત ફિલ્મ યાદી વિવિધ સર્વેક્ષણ તથા વિવેચકોનાં મંતવ્યો દ્વારા શ્રેષ્ઠ ફિલ્મો પૂરવાર થયેલ છે.

ફિલ્મનું નામ	નિર્દેશક	અભિનેતા/અભિનેત્રી	ભાષા	વર્ષ
પાથેર પાંચાલી	સત્યજીત રે	સુબીર બેનર્જી, કનુ બેનર્જી, કરૂણા બેનર્જી	બંગાળી	1955
મધર ઈન્ડિયા	મહેબૂબ ખાન	સુનિલ દત્ત, રાજેન્દ્રકુમાર, નરગિસ	હિન્દી	1957
દો આંખે બારહ હાથ	વી. શાંતારામ	વી. શાંતારામ, સંધ્યા	હિન્દી	1957
શોલે	રમેશ સિપ્પી	ધર્મેન્દ્ર, સંજીવકુમાર, હેમા માલિની, અમિતાભ બચ્ચન, જયા ભાદુરી	હિન્દી	1975
સ્વદેશ	આશુતોષ ગોવારીકર	શાહરૂખ ખાન, ગાયત્રી જોષી	હિન્દી	2004
ઈકબાલ	સુભાષ ઘાઈ	નસીરુદીન શાહ, શ્રેયસ તળપદે	હિન્દી	2005
ધ બ્લુ અમ્બ્રેલા	રસ્કિન બોન્ડ	પંકજ કપૂર, શ્રેયા શર્મા	હિન્દી	2005
તારેં ઝમીન પર	અમોલ ગુપ્તે, આમિર ખાન	આમિર ખાન, દર્શિલ સફારી	હિન્દી	2007
ચક દે ઈન્ડિયા	શીમિત અમિન	શાહરુખ ખાન	હિન્દી	2007
૩ ઈડિયટ્સ	રાજુ હિરાની	આમિર ખાન, કરીના કપૂર, આર. માધવન, શર્મન જોષી	હિન્દી	2009
ઉડાન	વિક્રમાદિત્ય મોટવાની	રજત બરેચા, રોનિત રોય	હિન્દી	2010
આઈ એમ કલામ	નીલા માધબ પાન્ડા	હરેશ માયર, હુસાન સાદ	હિન્દી	2011
ગટ્ટુ	રાજન ખીસા	મોહમ્મદ સમદ, જયંતાદાસ	હિન્દી	2012
નીલ બટે સન્નાટા	અશ્વિની ઐયર તિવારી	રીયા શુક્લા, સ્વરા ભાસ્કર	હિન્દી	2016
હિન્દી મીડિયમ	સાકેત ચૌધરી	ઈરફાન ખાન, સબા કમર	હિન્દી	2017

વિશ્વની નામાંકિત ફિલ્મોની યાદી

નીચે પ્રસ્તુત ફિલ્મ યાદી વિવિધ સર્વેક્ષણ તથા વિવેચકોના મંતવ્યો દ્વારા શ્રેષ્ઠ ફિલ્મો પુરવાર થયેલ છે.

1 1939
ફિલ્મનું નામ: The Wizard of Oz
નિર્દેશક: Victor Lonzo Fleming
અભિનેતા / અભિનેત્રી: Judy Garland, Frank Morgan Ray Bolger
ભાષા: English

2 1941
ફિલ્મનું નામ: Citizen Kane
નિર્દેશક: Orson Welles
અભિનેતા / અભિનેત્રી: Orson Welles, Joseph Cotten, Dorothy Comingo
ભાષા: English

3 1948
ફિલ્મનું નામ: Bicycle Theives
નિર્દેશક: Vittorio De Sica
અભિનેતા / અભિનેત્રી: Enzo Staiola, Lamberto Maggiorani
ભાષા: Ittalian

4 1949
ફિલ્મનું નામ: The Third Man
નિર્દેશક: Carol Reed
અભિનેતા / અભિનેત્રી: Joseph Cotten, Valli, Orson Welles
ભાષા: English, Russian, German

5 1958
ફિલ્મનું નામ: Vertigo
નિર્દેશક: Alferd Hitchcock
અભિનેતા / અભિનેત્રી: James Stewart, Kim Novak
ભાષા: English

6 1965
ફિલ્મનું નામ: Sound of Music
નિર્દેશક: Robert Wise
અભિનેતા / અભિનેત્રી: Julie Andrews Christopher Plummer
ભાષા: English

7 1969
ફિલ્મનું નામ: The Gladiators
નિર્દેશક: Peter Watkins
અભિનેતા / અભિનેત્રી: Arthur Pentelow, Frederik Danner, Hans Bendrik, Daniel Harle
ભાષા: English, Cantonese, French, German, Swedish

8 1971
ફિલ્મનું નામ: French Connection
નિર્દેશક: William Friedkin
અભિનેતા / અભિનેત્રી: Gene Hackman, Fernando Rey, Roy Scheider
ભાષા: English

9 1972
ફિલ્મનું નામ: The Godfather
નિર્દેશક: Fransis Ford Coppola
અભિનેતા / અભિનેત્રી: Marlon Brando, Al Pacino , James Caan, Richard Castellano
ભાષા: English

10 1975
ફિલ્મનું નામ: One Flew Over The Cukoo's nest
નિર્દેશક: Milos Forman
અભિનેતા / અભિનેત્રી: Jack Nicholson, Louise Fletcher
ભાષા: English

11 1976
ફિલ્મનું નામ: Rocky
નિર્દેશક: John Guilbert Avildsen
અભિનેતા / અભિનેત્રી: Sylvester Stallone, Talia Shire
ભાષા: English


CINEMA

રમત-ગમત







રમત-ગમત

સમાવિષ્ટ મુદ્દાઓ


- પ્રસ્તાવના
- રમત વિશે
- રમતોત્સવ
- ઑલમ્પિકમાં ભારતના વિજેતા ખેલાડીઓ
- ભારતના પ્રતિભાશાળી ખેલાડીઓ
- ભારતનું ગૌરવ - હૉકી
- ઍવૉર્ડ
- ગુજરાતના પ્રતિભાશાળી ખેલાડીઓ
- ગુજરાતના ઉભરતા ખેલાડીઓ
- રમત-ગમત ક્ષેત્રે ગુજરાત સરકારની યોજનાઓ



પ્રસ્તાવના

આપ જાણો જ છો કે રમતગમતની એક અલગ જ દુનિયા છે! દુનિયાભરમાં દરરોજ ક્યાંક ને ક્યાંક રમતગમતની વિવિધ સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમો યોજાતા હોય છે. આપણે દરરોજ દૈનિક સમાચારપત્ર વાંચીએ તો એમાં પણ રમતગમતના સમાચાર હોય જ. આપણને રમતગમતમાં રસ હોય, તેમ છતાં આ સમાચારોમાં ક્યારેક એવી વિગતો પણ આવે જે અંગે આપણે બહુ ઓછું જાણતા હોય. જાણકારીના અભાવે આપણને ગમતી કોઈ રમત વિશેના એ સમાચાર આપણને સમજાય નહિ. આવું થાય ત્યારે એવો વિચાર આવે કે આ રમત વિષે કે આ એવોર્ડ વિષે કે આ સ્પર્ધા વિષે મને થોડીક પ્રાથમિક માહિતીની ખબર હોત તો સારું.

સામાન્ય જ્ઞાનના પુસ્તકના આ ભાગમાં રમતગમતની દુનિયા સાથે જોડાયેલી આવી કેટલીક બાબતોની માહિતી આપવામાં આવી છે. ઓલમ્પિક અને એશિયાડ જેવી સ્પર્ધાઓ, દેશ-વિદેશમાં રમાતી રમતો, પ્રસિદ્ધ ખેલાડીઓ વગેરે વિષે અહીં આપવામાં આવેલી માહિતી તમને ઉપયોગી થશે.




રમત વિશે

રમતનું નામ : કબડ્ડી

- **મેદાનઃ**
  સિનિયર ભાઈઓ અને જૂનિયર ભાઈઓ માટે માપ છે.
  (કૌંસમાં માપ સબ જૂનિયર ભાઈઓ અને બહેનો માટે છે)







- **ખેલાડીઓ :**
  પ્રત્યેક ટુકડીમાં 7 ખેલાડી + 5 અવેજી ખેલાડી એમ કુલ 12 ખેલાડીઓ હોય છે.
- **પારિભાષિક શબ્દો :**
  કબડ્ડી, રેડ, ગોલ્ડન રેડ, ટક્કર પટ્ટી,
  લંઘન રેખા, બોનસ રેખા
- **પ્રસિદ્ધ ખેલાડીઓ :**
  અનુપ કુમાર, રાહુલ ચૌધરી, મનજીત, કિરણ પરમાર, ચિલ્લાર
- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રોફીઃ** વિશ્વકપ ચેમ્પિયનશીપ, એશિયાઈ ચેમ્પિયનશીપ
- **રાષ્ટ્રીય કપ અને ટ્રોફીઃ** રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ, જુનિયર ચેમ્પિયનશીપ, રાષ્ટ્રીય મહિલા ચેમ્પિયનશીપ




રમતનું નામ : ખોખો



- **મેદાનઃ**

  સિનિયર ભાઈઓ અને બહેનો તથા જૂનિયર ભાઈઓ અને બહેનો
  (ઉંમર ૧૪ વર્ષથી ઉપર માટે)
  (કૌંસમાં માપ સબ જૂનિયર ભાઈઓ અને બહેનો માટે)



- **ખેલાડીઓ :**

  પ્રત્યેક ટુકડીમાં 9 ખેલાડી + 3 અવેજી ખેલાડી એમ કુલ 12 ખેલાડીઓ હોય છે.


- **પારિભાષિક શબ્દો :**

  જજમેન્ટ ખો, ડૂક મારવી, ડાઈવ મારવી, પલટી, સિંગલ- ડબલ ચેઈન, ફોલઓન, અવેજીકરણ

- **પ્રસિધ્ધ ખેલાડીઓ :**

  સુધીર પરબ, અચલા દેવરા, ઉર્મિલા પ્રનજવે

- **રાષ્ટ્રીય કપ અને ટ્રોફીઃ** રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ, જૂનિયર રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ, સબ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ, સ્કૂલ ચેમ્પિયનશીપ, પ્રાઈમરી મિનિ સ્કૂલ ચેમ્પિયનશીપ, મહિલા ચેમ્પિયનશીપ, અખિલ ભારતીય આંતર-વિશ્વવિદ્યાલય ચેમ્પિયનશીપ, ફેડરેશન કપ વગેરે




રમતનું નામ : ક્રિકેટ


Cricket



- **મેદાન :**


  લંબાઈ 72 મીટર ત્રિજ્યાથી દોરેલ વર્તુળાકાર મેદાન હોય છે.








વજન : 156 થી 163 ગ્રામ
પરિઘ : 20.05 થી 22.00 સેમી





- **ખેલાડીઓ :**

  પ્રત્યેક ટુકડીમાં 11 ખેલાડી + 1 અવેજી ખેલાડી એમ કુલ 12 ખેલાડીઓ હોય છે.

- **પારિભાષિક શબ્દો:**

  ક્રીઝ, એલ.બી.ડબલ્યુ, હિટ વિકેટ, મેડન, ડક, હેટ્રીક, ગુગલી, બાય રન, ફોલો-ઓન, બોલ્ડ, નો-બોલ, સિલી પોઈન્ટ, બાઉન્સર, ડ્રાઈવ, ફ્લાઈટ

- **પ્રસિદ્ધ ખેલાડીઓ:**

  જામનગરના રાજા રણજીતસિંહજી, રાજકુમાર દુલીપસિંહજી, વિજય હજારે, વિજય મર્ચન્ટ, દિલીપ દોશી, અશોક માંકડ, સિદ્ધાર્થ ત્રિવેદી, કરસન ઘાવરી, અંશુમાન ગાયકવાડ, કિરણ મોરે, નયન મોંગિયા, અજય જાડેજા, પાર્થિવ પટેલ, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, રવીન્દ્રસિંહ જાડેજા, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા

- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રોફી:** એશિયા કપ, વર્લ્ડ કપ, 20-20 વર્લ્ડ કપ, જૂનિયર વર્લ્ડ કપ, મહિલા વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી


- **રાષ્ટ્રીય કપ અને ટ્રોફી:** રણજી ટ્રોફી, દિલીપ ટ્રોફી, દેવધર ટ્રોફી, સી.કે.નાયડુ ટ્રોફી, વિજય મર્ચન્ટ ટ્રોફી, જવાહરલાલ નહેરુ કપ, ઈરાની ટ્રોફી


રમતનું નામ : ફૂટબોલ

Football



• **મેદાન :**







વજન : 410 થી 450 ગ્રામ
પરિઘ : 70 સેમી



• **ખેલાડીઓ:**
પ્રત્યેક ટુકડીમાં 11 ખેલાડી + 5 અવેજી ખેલાડી એમ કુલ 16 ખેલાડીઓ હોય છે.

• **પારિભાષિક શબ્દો:**
કોર્નર કિક, ડ્રોપ કિક, પેનલ્ટી, હેન્ડબોલ, સીઝર્સ


• **પ્રસિદ્ધ ખેલાડીઓ:**
અક્ષય મલ, અભિષેક ત્રિપાઠી, શુભમ ચૌહાણ, હિતેશ ચૌધરી, હાર્દિક પટેલ

• **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** ફીફા પુરુષ વિશ્વ કપ, ફીફા મહિલા વિશ્વ કપ, યુરો કપ, એશિયા કપ, જવાહરલાલ નહેરુ ગોલ્ડ કપ, યુરોપિયન કપ, રાજીવ ગાંધી ગોલ્ડ કપ

• **રાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** દુરંડ કપ, સંતોષ ટ્રૉફી, ફેડરેશન કપ

રમતનું નામ : હેન્ડબોલ

• **મેદાન :**





ગોલપોસ્ટ





વજનઃ 425 થી 475 ગ્રામ, પરિઘઃ 58 થી 60 સેમી (ભાઈઓ માટે)
વજનઃ 325 થી 375 ગ્રામ, પરિઘઃ 54 થી 56 સેમી (બહેનો માટે)

• **ખેલાડીઓ:**

પ્રત્યેક ટુકડીમાં 7 ખેલાડી + 5 અવેજી ખેલાડી એમ કુલ 12 ખેલાડીઓ હોય છે.


• **પારિભાષિક શબ્દો:**


એટેક, ફાઉલ, સેન્ટર લાઈન, સબસ્ટીટ્યુટ, ડિફેન્સ, સાઈડ લાઈન, ગોલ લાઈન, કોચ




રમતનું નામ : બેડમિન્ટન

મેદાન :











વજન : 4.74 થી 5.50 ગ્રામ
બુચમાં 14 થી 16 સફેદ રંગનાં પીંછાં



- **ખેલાડીઓ :** સિંગલની મેચમાં 1 અને ડબલ્સની મેચમાં 2 ખેલાડીઓ હોય છે.
- **પારિભાષિક શબ્દો :** ડ્યુસ, ડ્રોપ, સ્મેસ, ડબલ ફોલ્ટ, લેટ
- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** ઉબેર કપ મહિલા, થોમસ કપ, બીડબલ્યુ વિશ્વ ચૅમ્પિયનશીપ, સુદીરમણ કપ, બીડબ્લ્યુ એફ સુપર સીરિઝ, એશિયા ચૅમ્પિયનશીપ, ઓસ્ટ્રીયન બેડમિન્ટન ઓપન ચૅમ્પિયનશીપ, વિશ્વ જૂનિયર ચૅમ્પિયનશીપ
- **રાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** અખિલ ભારતીય બેડમિન્ટન ચૅમ્પિયનશીપ, અગ્રવાલ કપ , રહીતુલ્લા કપ

રમતનું નામ : હૉકી

- **મેદાન :**





હૉકી સ્ટિક




વજન: 794 ગ્રામ
લંબાઈ: 75 થી 93 સેમી

દડો



વજન : 156 થી 163 ગ્રામ
પરિઘ : 224 થી 235 મીમી

ગોલ પોસ્ટ



- **ખેલાડીઓ :**

  પ્રત્યેક ટુકડીમાં 11 ખેલાડી + 5 અવેજી ખેલાડી કુલ 16 ખેલાડીઓ હોય છે.


- **પારિભાષિક શબ્દો:**

  ડ્રિબલ, પેનલ્ટી, રોલ-ઇન, શોર્ટ કોર્નર, સ્ટેક્સ, સ્ટ્રાઈકિંગ સર્કલ, અંડર કટિંગ સ્કૂપ, સાઈડ લાઈન કેરી

- **પ્રસિદ્ધ ખેલાડીઓ :** વીણા શાહ, કીર્તિદા પટેલ
- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** વિશ્વ કપ, ચેમ્પિયન્સ ટ્રૉફી, ઇન્દિરા ગાંધી સ્વર્ણ કપ, યુરોપિયન મહિલા હોકી કપ, અજલાન શાહ ટ્રૉફી, એશિયા કપ, ખાન અબ્દુલ ગફારખાન કપ
- **રાષ્ટ્રીય કપ અને ટ્રૉફી:** આગાખાન કપ, ધ્યાનચંદ ટ્રૉફી, નહેરુ ટ્રૉફી, લાલબહાદુર શાસ્ત્રી મહિલા કપ, ફેડરેશન કપ

રમતનું નામ : વૉલીબૉલ

- **મેદાન :**









દડો

વજન : 260 થી 280 ગ્રામ
પરિઘ : 65 થી 67 સેમી

- **ખેલાડીઓ :**

  પ્રત્યેક ટુકડીમાં 6 ખેલાડી + 6 અવેજી ખેલાડી એમ કુલ 12 ખેલાડીઓ હોય છે.

- **પારિભાષિક શબ્દો :**

  બુસ્ટર, સર્વિસ, વૉલી, લોબ, બ્લોકીંગ

- **પ્રસિદ્ધ ખેલાડીઓ :**


  ચીમનભાઈ ભાલાવાલા

- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રૉફી :** મહિલા વિશ્વ કપ, વિશ્વ કપ, જૂનિયર વિશ્વ કપ, એશિયા કપ, અમેરિકા કપ
- **રાષ્ટ્રીય કપ અને ટ્રૉફી :** ફેડરેશન કપ, એમ.એમ. જોસેફ મેમોરીઅલ ટ્રૉફી


એથ્લેટિક્સ


- **મેદાન :**

  ટ્રેક: 100 મીટર, 200 મીટર, 400 મીટર દોડનો ટ્રેક











- **પારિભાષિક શબ્દો :**


  વ્યાસ, ત્રિજ્યા, ક્લેપીંગ, અટકણ પાટિયું

- **પ્રસિદ્ધ ખેલાડીઓ :**

  ચાર્લ્સ બોસનીયા, કસમ બાદશાહ


- **આંતરરાષ્ટ્રીય કપ અને ટ્રોફી :** એશિયાઈ ચૅમ્પિયનશીપ, વિશ્વ ચૅમ્પિયનશીપ, વિશ્વ ટ્રેક એન્ડ ફિલ્ડ, આઈફા વિશ્વ ચૅમ્પિયનશીપ

- **રાષ્ટ્રીય કપ અને ટ્રોફી :** રાષ્ટ્રીય ઍથ્લેટ્સ ચૅમ્પિયનશીપ, રાષ્ટ્રીય જૂનિયર ઍથ્લેટીક્સ ચૅમ્પિયનશીપ



જિમ્નૉસ્ટિક

Gymnastics



પારિભાષિક શબ્દો :

બૅલેન્સ, ચપળતા, વી સીટ, હેન્ડ સ્ટેન્ડ, સ્ટેન્ડલ, કાર્ટ વ્હીલ, સિંગલ બાર, ડબલ બાર, રોમન રીંગ, વૉલ્ટીંગ બોક્ષ

પ્રસિદ્ધ ખેલાડીઓ :

કૃપાલી પટેલ

આંતર રાષ્ટ્રીય કપ અને ટ્રૉફી :

હૈસ વેગનર કપ, એફસી બાર્સિલોના ટ્રોફી, ટુલિર પીટર મેમોરિયલ કપ

Artistic Gymnastics

પેરેલલ બાર
Parallel Bars

બૅલેન્સ બીમ
Balance Beam

પોમેલ હોર્સ
Pommel Horse

વૉલ્ટિંગ હોર્સ
Vault Horse

Horizontal Bar
હોરિઝૉન્ટલ બાર

Rings
રોમન રિંગ

Uneven Parallel Bars
અનઈવન પેરેલલ બાર

પેરેલલ બાર

બૅલેન્સ બીમ

પોમેલ હોર્સ

વૉલ્ટિંગ હોર્સ


હોરિઝૉન્ટલ બાર

રોમન રિંગ

અનઈવન પેરેલલ બાર

ઑલમ્પિક (Olympic)

રમતોત્સવ


બૈરન-દ-કૂબરટીન

આધુનિક ઑલમ્પિકની શરૂઆત ઈ.સ.1896 થી થઈ. પ્રાચીન ઑલમ્પિક યુનાનના દક્ષિણ-પશ્ચિમ પ્રદેશ "એલીસમાં-ઓલિમ્પિયા" નામના એક નાનકડા નગરથી થઈ.

ઈ.સ. પૂર્વે 776માં જૂન અને જુલાઈ મહિના દરમ્યાન પૂનમના દિવસે ઓલિમ્પિયાના મેદાનમાં 200મી. દોડ-હરીફાઈનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં કોરોબળ નામનો યુવાન વિજેતા બન્યો જેનું સન્માન "જૈતુન"ના વૃક્ષમાંથી બનાવેલ પત્તાના હારથી કરવામાં આવ્યું હતું.

આધુનિક ઑલમ્પિકની શરૂઆત ફ્રાન્સના બૈરન-દ-કૂબરટીન નામના રાજપુરુષને ફાળે જાય છે. તેમના પ્રયાસો દ્વારા ઈ.સ. 1896માં પ્રથમ ઑલમ્પિક માટે એથેન્સના ગ્રીસ શહેરને પસંદ કરવામાં આવ્યું. 6 એપ્રિલ 1896ના રોજ યુનાનના રાજા જ્યોર્જ પહેલાએ રમતોનો પુનઃ આરંભ કર્યો.

યોજાયેલ ઑલમ્પિક રમતોત્સવનાં સ્થળ, વર્ષ અને ખેલાડીની સંખ્યા

શહેર, દેશ, વર્ષ	ખેલાડીની સંખ્યા
ટોકિયો જાપાન 2020	
રિયોડી જેનેરો બ્રાઝિલ 2016	11303
લંડન ઇંગ્લેંડ 2012	10768
બૈજીંગ ચીન 2008	10942
એથેંસ ગ્રીસ 2004	10625
સિડની ઑસ્ટ્રેલિયા 2000	10651
એટલાંન્ટ યુએસએ 1996	10318
બાર્સેલોના સ્પેન 1992	9356
સીયોલ દક્ષિણ કોરિયા 1988	8391
લોસએંજલસ યુએસએ 1984	6829
મોસ્કો સોવીયેટ સંઘ 1980	5179
મોંટ્રીયલ કેનેડા 1976	6084
મ્યુનીચ જર્મની 1972	7134
મેક્સીકો સીટી મેક્સીકો 1969	5516
ટોક્યો જાપાન 1964	5151
રોમ ઈટાલી 1960	5338
મેલ્બોર્ન ઑસ્ટ્રેલીયા 1956	3314
હેલ્સીક્કી ફીનલેંડ 1952	4955
લંડન ઇંગ્લેંડ 1948	4104
દ્વિતીય વિશ્વ યુદ્ધ 1944	0
દ્વિતીય વિશ્વ યુદ્ધ 1940	0
બર્લીન જર્મની 1936	3963
લોસએંજલસ યુએસએ 1932	1332
એમસ્ટર્ડમ નેધરલેંડ 1928	2883
પેરિસ ફ્રાંસ 1924	3089
એન્ટવર્પ બેલ્જીયમ 1920	2626
પ્રથમ વિશ્વ યુદ્ધ 1916	0
સ્ટોકહોમ સ્વીડન 1912	2407
લંડન ઇંગ્લેંડ 1908	2008
સેંટલુઈશ યુએસએ 1904	651
પેરિસ ફ્રાંસ 1900	997
એથેન્સ ગ્રીસ 1896	241

0 2000 4000 6000 8000 10000 12000

ખેલાડીની સંખ્યા

પ્રતિક

યુરોપ
આફ્રિકા
અમેરીકા
એશિયા
ઑસ્ટ્રેલિયા

વિશ્વના પાંચ ખંડોને અભિવ્યક્ત કરતું પાંચ વલયોથી બનેલું ઑલમ્પિકનું પ્રતિક

ખેલાડીની સંખ્યા

The Olympic motto is *Citius, Altius, Fortius*, a Latin expression meaning "Faster, Higher, Stronger".

ધ્યેય વાક્ય

માત્ર ખેલાડીઓને જ નહીં સામાન્ય જનમાનસને સ્પર્શતું ઑલમ્પિકનું ધ્યેય વાક્ય

વધુ ઝડપી, વધુ ઉન્નત, વધુ સશક્ત

પેરાઑલમ્પિક

દુનિયાના દિવ્યાંગ પ્રતિભાશાળી ખેલાડીઓ માટે યોજવામાં આવતો રમતોત્સવ એટલે પેરાઑલમ્પિક

રિયો (બ્રાઝિલ) પેરાઑલમ્પિક 2016 ના ભારતના વિજેતા ખેલાડીઓ




પેરાઑલમ્પિક 2016 માં બરછીફેંકમાં વિશ્વવિક્રમ
દેવેન્દ્ર જાજરિયા



ગોળાફેંક - દીપા મલીક
સિલ્વર મૅડલ - 2016



ઊંચી કૂદ - નારીયાપ્પા તેન્ડુવેલુ
ગોલ્ડ મૅડલ - 2016



ઊંચી કૂદ - વરુણસીંગ ભટ્ટી
બ્રોન્ઝ મૅડલ - 2016

એશિયાડ (એશિયન ગેમ્સ)



એશિયાડ (એશિયન ગેમ્સ)માં ફક્ત એશિયા ખંડના દેશો ભાગ લે છે. રમતની શરૂઆત 1951માં ભારતમાં દિલ્હીથી થઇ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જાપાન અને દ્વિતીય ક્રમે ભારત રહ્યું હતું. એશિયાડ રમતનો લોગો લાલ તેજસ્વી સૂરજ રાખવામાં આવ્યો છે.

1951

Delhi, India
No. of participants: 491
Motto: Play the game, in the spirit of the game
Open by: Dr. Rajendra Prasad
No. of events: 57

દિલ્હી, ભારત
સ્પર્ધકોની સંખ્યા: 491
ધ્યેય વાક્ય : Play the game, in the spirit of the game
ઉદ્ઘાટક : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
સ્પર્ધા : 57

1954

Manila, Phillipines
No. of participants: 970

મનીલા, ફિલિપાઈન્સ
સ્પર્ધકોની સંખ્યા: 970

1958

Tokyo, Japan
No. of participants: 1820

ટોકિયો, જાપાન
સ્પર્ધકોની સંખ્યા: 1820

1962

Jakarta, Indonesia
No. of participants: 1460

જાકાર્તા, ઈન્ડોનેશિયા
સ્પર્ધકોની સંખ્યા: 1460

1966

Bangkok, Thailand
No. of participants: 1945

બેંગકોક, થાઈલેન્ડ
સ્પર્ધકોની સંખ્યા: 1945

1970

Bangkok, Thailand
No. of participants: 2400

બેંગકોક, થાઈલેન્ડ
સ્પર્ધકોની સંખ્યા: 2400

1974

Tehran, Iran
No. of participants: 3010

તેહરાન, ઈરાન
સ્પર્ધકોની સંખ્યા: 3010

1978
Bangkok, Thailand
No. of participants: 3842
બેંગકોક, થાઈલેન્ડ
સ્પર્ધકોની સંખ્યા: 3842

1982
Delhi, India
No. of participants: 3411
Motto: Friendship Fraternity Forever
Open by: Gyani Zail Singh
No. of events: 196 in 21 Sports
દિલ્હી, ભારત
સ્પર્ધકોની સંખ્યા: 3411
ધ્યેય વાક્ય : Friendship Fraternity Forever
ઉદ્‌ઘાટક : જ્ઞાની ઝૈલસિંગ
સ્પર્ધા : 196 અને ૨૧ રમતો

1986
Seoul, South Korea
No. of participants: 4839
સોલ, દક્ષિણ કોરિયા
સ્પર્ધકોની સંખ્યા: 4839

1990
Beijing, China
No. of participants: 6122
બેઈઝીંગ, ચીન
સ્પર્ધકોની સંખ્યા: 6122

1994
Hiroshima, Japan
No. of participants: 6828
હિરોશીમા, જાપાન
સ્પર્ધકોની સંખ્યા: 6828

1998
Bangkok, Thailand
No. of participants: 6554
બેંગકોક, થાઈલેન્ડ
સ્પર્ધકોની સંખ્યા: 6554


2002
Busan, South Korea
No. of participants: 7711
બુસાન, દક્ષિણ કોરિયા
સ્પર્ધકોની સંખ્યા: 7711

2006
Doha, Qatar
No. of participants: 9520
દોહા, કતાર
સ્પર્ધકોની સંખ્યા: 9520

2010
Gaungzhou, China
No. of participants: 9704
ગોંગઝોઉ, ચીન
સ્પર્ધકોની સંખ્યા: 9704

2014
Incheon, South Korea
No. of participants: 9501
ઈન્ચેન, દક્ષિણ કોરિયા
સ્પર્ધકોની સંખ્યા: 9501

2018
Jakarta, Indonesia
No. of participants:
જાકાર્તા, ઈન્ડોનેશિયા



ખેલો ઈન્ડિયા સ્પર્ધા

ખેલો ઈન્ડિયા સ્પર્ધાનું આયોજન ભારત સરકારના મિનીસ્ટ્રી ઑફ યુથ અફેર ઍન્ડ સ્પોર્ટ્સ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. ખેલો ઈન્ડિયા સ્પર્ધા રમત-ગમત મંત્રાલયના નેશનલ પ્રોગ્રામ ફૉર ડેવલપમેન્ટ ઑફ સ્પોર્ટ્સ વિભાગ દ્વારા રમાડવામાં આવે છે.

1. વય મર્યાદા :

અંડર 14 ભાઈઓ અને બહેનો ● અંડર 17 ભાઈઓ અને બહેનો

2. રમતો :



3. રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાના પુરસ્કાર :

પ્રથમ : ₹ 50,000/- • **દ્વિતીય :** ₹ 30,000/- • **તૃતીય :** ₹ 20,000/-

ખેલ મહાકુંભના વિજેતા તથા પ્રતિભાશાળી ખેલાડી માટે સમર કેમ્પ

ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર 9, 11, 14 અને 17 વયજૂથમાં તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ તેમજ અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓ માટે રાજય કક્ષાએ ઉનાળા વૅકેશન દરમ્યાન ખેલે ગુજરાત અંતર્ગત સમર કેમ્પનું આયોજન સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત તરફથી કરવામાં આવે છે.

લાભાર્થી અને પસંદગી પ્રક્રિયા :

ખેલ મહાકુંભની રાજયકક્ષાની રમતોના વિજેતામાંથી પસંદ કરવામાં આવેલ ખેલાડીઓ તેમજ સી.ઓ.ઈ. (સેન્ટર ઑફ એક્સલન્સ)માં પસંદ થયેલ ખેલાડીઓ તથા એસ.જી.એફ.આઈ. (સ્કુલ ગેમ્સ ફેડરેસન ઑફ ઈન્ડિયા)ની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવશે.

રમતો :

હૉકી, જિમ્નેસ્ટિક, બાસ્કેટબૉલ, ફૂટબૉલ, વૉલીબૉલ, કુસ્તી, સ્વિમિંગ, આર્ચરી, ટેબલ ટૅનિસ, ટૅકવોન્ડો, ખોખો, સ્કેટિંગ - આર્ટી સ્કેટિંગ, યોગા, બેડમીન્ટન, સાયકલિંગ, કરાટે, કબડ્ડી, ટૅનિસ, એથ્લેટીક્સ, જૂડો, હેન્ડબૉલ, બૉક્સિંગ, શૂટિંગ, એસ ફેનોઇન, ફેન્સીગ રમતનો સમાવેશ થાય છે. ખેલે ગુજરાત સમર કોચીગ કેમ્પમાં ભોજન ખર્ચ, નિવાસ ખર્ચ, પ્રવાસ ખર્ચ વગેરે ખર્ચ ગુજરાત સરકાર તરફથી કરવામાં આવે છે.

ઑલમ્પિકમાં ભારતના વિજેતા ખેલાડીઓ

ઑલમ્પિકમાં ભારતના મેડલ વિજેતા



વ્યકિતગત રમતમાં પ્રથમ એક માત્ર સુવર્ણ પદક વિજેતા શૂટિંગ 2008 બેઇજિંગ ચીન
અભિનવ બિન્દ્રા



કુસ્તી 1952
પ્રથમ ઑલમ્પિક વિજેતા
ખસબા દાદાસાહેબ જાદવ
બ્રોન્ઝ મેડલ



ટેનિસ 1996
ટૅનિસમાં પ્રથમ બ્રોન્ઝ મેડલ
લીએંડર પેસ
બ્રોન્ઝ મૅડલ



કુસ્તી 2008
સુશીલકુમાર
સિલ્વર મેડલ - 2012
બ્રોન્ઝ મૅડલ



વેઈટ લિફટીંગ 2000
પ્રથમ મહિલા ઑલમ્પિક વિજેતા
કરનામ માલેશ્વરી
બ્રોન્ઝ મેડલ



શૂટિંગ 2004
રાજ્યવર્ધનસિંગ રાઠોડ
સિલ્વર મેડલ



બૉક્સિંગ 2008
વિજેન્દ્ર સિંગ
બ્રોન્ઝ મૅડલ





બેડમિંટન 2012
સાયના નેહવાલ
બ્રોન્ઝ મેડલ



બૉક્સિંગ 2012
મેરી કોમ
બ્રોન્ઝ મેડલ



શૂટિંગ 2012
ગગન નારંગ
બ્રોન્ઝ મેડલ



કુસ્તી 2012
યોગેશ્વર દત્ત
બ્રોન્ઝ મેડલ



બેડમિંટન 2016
પી.વી.સીન્ધુ
સિલ્વર મેડલ



કુસ્તી 2016
સાક્ષી મલીક
બ્રોન્ઝ મેડલ

રમત-ગમતક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ બદલ મળેલ 'ભારતરત્ન ઍવૉર્ડ'



ભારતરત્ન ઍવૉર્ડ



2013 માં મેળવેલ ઍવૉર્ડ:
સચિન તેંડુલકર, ક્રિકેટર

સચિન તેંડુલકર રમતના ક્ષેત્રમાંથી આ ગૌરવ પ્રાપ્ત કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે.

ભારતના શ્રેષ્ઠ ખેલાડીઓ

ભારતના શ્રેષ્ઠ રમતવીરો


પી.ટી. ઉષા - દોડ



મિલખાસિંગ - દોડ


વિકાસ ગોવડા - ચક્રફેંક


ખજાનસિંગ - તરણ


અંજુ બોબી જ્યોર્જ - લાંબીકૂદ


સુનીલ ગાવસ્કર - ક્રિકેટ



સચિન તેંડુલકર - ક્રિકેટ


કપિલદેવ - ક્રિકેટ


મહેન્દ્રસિંગ ધોની - ક્રિકેટ


પંકજ અડવાણી - બીલયર્ડ


મહેશ ભૂપતિ - ટેનીસ


સાનિયા મિરઝા - ટેનીસ


વિશ્વનાથન આનંદ - ચેસ


દીપા કરમાકર - જીમનાસ્ટીક


અનુપ કુમાર - કબડ્ડી


ભારતનું ગૌરવ - હૉકી

રાષ્ટ્રીય રમત - હૉકી (Hockey)

- હૉકીના જાદુગર તરીકે મેજર ધ્યાનચંદને ઓળખવામાં આવે છે.
- હૉકી એ ભારતની રાષ્ટ્રીય રમત છે.
- ઈ.સ.1971ના વર્ષથી દર બે વર્ષે વિશ્વકપ યોજાતો. ત્યારબાદ ઈ.સ. 1975 થી વિશ્વકપ દર ચાર વર્ષે યોજાય છે.
- ઈ.સ. 1975માં કુઆલાલમ્પુર – મલેશિયા મુકામે ભારતે પ્રથમવાર વર્લ્ડ કપમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.
- 1928 થી 1956 સુધીનાં વર્ષોમાં ઑલમ્પિકમાં ભારતે પ્રથમ નંબરે રહી સુવર્ણચંદ્રક મેળવ્યો છે.
- 1960 માં ભારતે ઑલમ્પિકમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.
- ત્યારબાદ 1964 માં ટોકિયો ખાતે રમાયેલ ઑલમ્પિકમાં ભારતે ફરીથી સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.
- 1972 માં પશ્ચિમ જર્મની અને 1976 માં ન્યુઝીલેન્ડ ઑલમ્પિક વિજયી બન્યું અને ત્યારબાદ કોઈ એક દેશનું હૉકી પર વર્ચસ્વ રહ્યું નહિ.

હૉકી વિશ્વકપ રમતની એક ઝાંખી (2002 થી...)

રમતનું વર્ષ	સ્થળ	દેશ	વિજેતા દેશ
2002	કુઆલાલમ્પુર	મલેશિયા	જર્મની
2006	મોન્ચેનગ્લેડબેક	જર્મની	જર્મની
2010	નવી દિલ્હી	ભારત	ઓસ્ટ્રેલિયા
2014	હેગ	નેધરલેન્ડ્સ(હોલેન્ડ)	ઓસ્ટ્રેલિયા
2018	-----	ભારત(સૂચિત)	-----



મેજર ધ્યાનચંદના જન્મદિવસ 29 ઑગસ્ટ 1905 ને નેશનલ સ્પોર્ટ્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

હોકીમાં ગુજરાતનું ગૌરવ

ગોવિંદ સાવંત (૨૮મી નવેમ્બર, ૧૯૩૫ - ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧)

ગુજરાતમાં જન્મેલા હોકી ખેલાડી ગોવિંદ સાવંતે ૧૯૬૦માં રોમ ખાતે યોજાયેલ ઑલમ્પિક સ્પર્ધામાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

ઍવૉર્ડ

રમત ગમત ક્ષેત્રે ભારત સરકાર દ્વારા અપાતા ઍવૉર્ડ


અર્જુન ઍવૉર્ડ

અર્જુન ઍવૉર્ડ

આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી ઑલમ્પિક ગેમ, એશિયાડ ગેમ, કોમનવેલ્થ ગેમ, વર્લ્ડ કપ કે વર્લ્ડ ચૅમ્પિયનશીપ જેવી રમત-ગમતમાં છેલ્લા ચાર વર્ષથી સારા પ્રદર્શન ઉપરાંત નેતૃત્વ, ખેલદિલી અને શિસ્તની ભાવના દર્શાવતા ખેલાડીને આ પુરસ્કાર આપવામાં આવે છે.

રોકડ પુરસ્કાર : 5,00,000/-

અન્ય પુરસ્કાર :

બ્રોન્ઝ સ્ટેચ્યુ, સ્કોલર ઑફ ઑનર

વુલન બ્લેઝર (સિલ્ક ટાઈ સાથે), પ્રમાણપત્ર

શરૂઆત : 1961

2016માં ઍવૉર્ડ વિજેતા ખેલાડીઓ:

(1) શ્રી રજત ચૌહાન - આર્ચરી
(2) લલિતા બાબર - ઍથ્લેટીક
(3) શ્રી સૌરવ કોઠારી - બિલીયર્ડ અને સ્નૂકર
(4) શિવા થાપે - બૉક્સિંગ
(5) અજીન્ક્ય રહાણે - ક્રિકેટ
(6) સુબ્રતા પૌઉલ - ફૂટબોલ
(7) રાની - હૉકી
(8) રઘુનાથ વી.આર. - હૉકી
(9) ગુરપ્રિત સિંહ - શૂટિંગ
(10) અપૂરવી ચન્દેલા - શૂટિંગ
(11) સોમ્યાજીત ઘોષ - ટેબલ ટેનિસ
(12) વિનેશ ફોગટ - રેસલીંગ
(13) અમિત કૌર - રેસલીંગ
(14) સંદીપ સિંગ માનપારા - એથ્લેટ્સ
(15) વિરેન્દર સિંગ - રેસલીંગ

2017માં ઍવૉર્ડ વિજેતા ખેલાડીઓ:

(1) વી.જે. સુરેખા - આર્ચરી
(2) ખુસબીર કૌર - ઍથ્લેટીક
(3) નારીયાપ્પા તેન્દુવેલુ - (પેરા ઍથ્લેટીક)
(4) વરુણસીંગ ભટ્ટી - (પેરા ઍથ્લેટીક)
(5) પ્રશાંતિસિંગ - બાસ્કેટ બોલ
(6) દેવેન્દ્રો લાઈશ્રામ - બૉક્સિંગ
(7) ચેતેશ્વર પુજારા - ક્રિકેટ
(8) હરમનપ્રિત કૌર - ક્રિકેટ
(9) ઓઈનામ બેમ્બેમ દેવી - ફૂટબોલ
(10) એસ.એસ.પી. ચોરસિયા - ગૉલ્ફ
(11) એસ.વી. સુનિલ - હૉકી
(12) જસવિરસિંગ - કબડ્ડી
(13) સાકેથ મૈની - ટેનિસ
(14) પી.એન. પ્રકાશ - શૂટિંગ
(15) એન્થોની અમલરાજ - ટેબલ ટેનિસ
(16) સત્યવાર્ત કાડીયન - રેસલીંગ

રમત ગમત ક્ષેત્રે ભારત સરકાર દ્વારા અપાતા ઍવૉર્ડ



દ્રોણાચાર્ય ઍવૉર્ડ

રોકડ પુરસ્કાર: 5,00,000/-

અન્ય પુરસ્કાર:

દ્રોણાચાર્યનું બ્રોન્ઝ સ્ટેચ્યુ, સ્કોલર ઑફ ઑનર, વુલન બ્લેઝર (સિલ્ક ટાઈ સાથે), પ્રમાણપત્ર

શરૂઆત : 1985

દ્રોણાચાર્ય ઍવૉર્ડ

આંતરરાષ્ટ્રીય કક્ષાઓએ રમાતી રમતમાં ખેલાડીઓને ઉત્કૃષ્ટ કોચિંગ બદલ રમતના કોચને આ ઍવૉર્ડ આપવામાં આવે છે.

2016માં ઍવૉર્ડ મેળવેલ કોચ:

(1) નાગપૂરી રમેશ - ઍથ્લેટીક

(2) સાગર માલ ધયાલ - બૉક્સિંગ

(3) રાજકુમાર શર્મા - ક્રિકેટ

(4) બિશવેશ્વર નંદી - જિમ્નાસ્ટિક્સ

(5) એસ. પ્રદીપકુમાર - સ્વિમિંગ

(6) મહાબીર સિંગ - રેસલિંગ

2017માં એવોર્ડ મેળવેલ કોચ:

(1) બ્રિજભુષણ મોહંતી - બૉક્સિંગ

(2) પી.એ.રાફેલ - હૉકી

(3) જી.એસ.એસ.વી પ્રસાદ - બેડમિંન્ટન

(4) હીરાનંદ કટારીયા - કબડ્ડી

(5) રોશનલાલ - રેસલિંગ



રાજીવગાંધી ખેલરત્ન ઍવૉર્ડ

રોકડ પુરસ્કાર : ₹ 7,50,000/-

અન્ય પુરસ્કાર: મેડલ, સ્કોલર ઑફ ઑનર, વુલન બ્લેઝર (સિલ્ક ટાઈ સાથે), પ્રમાણપત્ર

શરૂઆત : 1991-92

રાજીવ ગાંધી ખેલરત્ન ઍવૉર્ડ

આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી રમત-ગમતની સ્પર્ધાઓમાં ચાર વર્ષ કે તેના કરતાં વધારે સમય સુધી કોઈપણ એક રમતમાં અદ્‌ભૂત અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ રાજીવ ગાંધી ખેલરત્ન ઍવૉર્ડ આપવામાં આવે છે.

2016માં ઍવૉર્ડ મેળવેલ ખેલાડીઓ:

(1) પી.વી.સિંધુ - બેડમિન્ટન

(2) દીપા કરમાકર - જિમ્નાસ્ટિક્સ

(3) જીતુ રાય - શૂટિંગ

(4) સાક્ષી મલિક - રેસલિંગ

2017માં ઍવૉર્ડ મેળવેલ ખેલાડીઓ:

(1) સરદારસિંગ - હૉકી

(2) દેવેન્દ્ર જાજરિયા - પેરા ઍથ્લેટીક

રમત ગમત ક્ષેત્રે ભારત સરકાર દ્વારા અપાતા ઍવૉર્ડ


ધ્યાનચંદ ઍવૉર્ડ

ધ્યાનચંદ ઍવૉર્ડ

આ પુરસ્કાર માટે કોઈ રમતમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર સારો દેખાવ કર્યો હોવો જોઈએ. રમત-ગમતની કારકિર્દી સમાપ્તિ પછી પણ જે તે રમતોને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવું જોઈએ. નેતૃત્વ ખેલદિલી અને શિસ્તની ભાવના દર્શાવતા ખેલાડીને મેડલ આપવામાં આવે છે.

રોકડ પુરસ્કાર: 5,00,000/-
અન્ય પુરસ્કાર: ટ્રોફી, સ્કોલર ઑફ ઑનર, વુલન બ્લેઝર (સિલ્ક ટાઈ સાથે), પ્રમાણપત્ર
શરૂઆત: 2002


(1) શાહુરાજ બિરાજદર - બૉક્સિંગ
(2) અશોક દિવાન - હૉકી
(3) અપર્ણા ઘોષ - બાસ્કેટબૉલ

2016માં ઍવૉર્ડ મેળવેલ ખેલાડીઓ:

(1) સાટી ગિથે - ઍથ્લેટીક
(2) શ્રી સિલ્વાનુસ ડુંગ ડુંગ - હૉકી
(3) શ્રી રાજેન્દ્ર પ્રહ્લલાદ શેલકે - રોવિંગ

2017માં ઍવૉર્ડ મેળવેલ ખેલાડીઓ:

(1) ભુપેન્દ્રસિંગ - ઍથ્લેટીક
(2) સૈયદ સાહિલ હકીમ - ફૂટબૉલ
(3) સુમરાઈ ટેટે - હૉકી



રમત ગમત ક્ષેત્રે ગુજરાત સરકાર દ્વારા અપાતા ઍવૉર્ડ

(1) એકલવ્ય સિનિયર / જૂનિયર ઍવૉર્ડ

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ એકલવ્ય સિનિયર તથા જૂનિયર ઍવૉર્ડ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય કે તૃતીય સ્થાન સાથે વિજેતા થનાર ખેલાડી આ ઍવૉર્ડ પ્રાપ્ત કરનારને પાત્ર થાય છે. ગુજરાત સરકાર દ્વારા માન્ય વ્યક્તિગત કે સાંઘિક રમતની સિદ્ધિઓને વયજૂથને ધ્યાને રાખી આ ઍવૉર્ડ અપાય છે.

(1) **રોકડ પુરસ્કાર :** સિનિયર ઍવૉર્ડ ₹ 1,00,000/- જુનિયર ઍવૉર્ડ ₹ 50,000/-

(2) **અન્ય પુરસ્કાર :** મૅમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ, પ્રમાણપત્ર

(3) **શરૂઆત :** 1994

(4) **2013-14 માં ઍવોર્ડ મેળવેલ ખેલાડીઓ :**

(1) પ્રજ્ઞા પ્રતાપ મોહન - ટ્રાયથ્લોન (સ્વિમિંગ)- સિનિયર ઍવૉર્ડ

(2) ધ્યાની ભારતકુમાર દવે- ચેસ- સિનિયર ઍવૉર્ડ

(3) નીલ હિમાંશુ કોન્ટ્રાકટર- જૂનિયર ઍવૉર્ડ

(2) સરદાર પટેલ સિનિયર / જૂનિયર ઍવૉર્ડ :

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ ગુજરાતના કોઈપણ સિનિયર કે જૂનિયર વિભાગના વ્યક્તિગત કે સાંઘિક રમતમાં પ્રથમ, દ્વિતીય કે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ હોય તેવા ખેલાડીને આ ઍવૉર્ડ અપાય છે.


(1) **રોકડ પુરસ્કાર :** સિનિયર ઍવૉર્ડ ₹ 50,000/- જુનિયર ઍવૉર્ડ ₹ 25,000/-

(2) **અન્ય પુરસ્કાર :** મૅમેન્ટો, બ્લેઝર , ક્રેસ્ટ , પ્રમાણપત્ર

(3) **2013-14 માં ઍવોર્ડ મેળવેલ ખેલાડીઓ :**

સિનિયર ઍવૉર્ડ

(1) નંદિની પ્રશાંતભાઈ પંડયા - ટૅનિસ
(2) કરણ બળવંતકુમાર કાપડિયા - જિમ્નાસ્ટિક્સ
(3) હરમીત રાજુલ દેસાઈ - ટેબલ ટૅનિસ
(4) મિત્તલ મણીલાલ ગોહિલ - રાઈફલ શુટિંગ
(5) નિરજ અશોકભાઈ ત્રિવેદી - સૉફ્ટબોલ
(6) ધારિણી નયન કુમારી મોદી - પાવર લિફ્ટીંગ
(7) મેધા વિનુભાઈ પટેલ - સૉફ્ટબોલ
(8) માના રાજીવ પટેલ - સ્વિમિંગ
(9) અંજુ મદન મોહન શર્મા - રાયફલશુટિંગ
(10) સૂરજ અનિલકુમાર દેસાઈ - લૉન ટૅનિસ
(11) નિકિતા સુનીલકુમાર ઈજનેર - જિમ્નાસ્ટિક્સ



જૂનિયર ઍવૉર્ડ

(1) રાશી નિહાર પટેલ - ટ્રાયથ્લોન
(2) પ્રિયંકા મનિષભાઈ પટેલ - રાઈફલ શુટિંગ
(3) કરણ ધર્મેન્દ્રભાઈ સેલર - સ્વિમિંગ
(4) યશ કરણ પાનસુરીયા - યોગ
(5) તનાયા પ્રકાશ સુરના - ટેકવોન્ડો
(6) કલ્પ દિવ્યેશકુમાર જોશી - યોગ
(7) હર્ષલ વિનોદભાઈ સારંગ - સ્વિમિંગ
(8) દિવ્ય હરેશભાઈ કાનાણી - યોગ
(9) ધીરજ એન. દોરીવાલા - સ્કેટિંગ
(10) શિવાંગી ઉમેશભાઈ કોટડીયા - ટેકવોન્ડો
(11) ક્રિષ્ના મિતુલભાઈ ઘડીયાળી - સ્વિમિંગ
(12) નિકીતા અરજનભાઈ રામ - યોગ
(13) રાજ અનિકેત મિશ્રા - સ્કેટિંગ
(14) એન્જલ સ્ટેન્લી ક્રિશ્ચિયન - રોલર સ્કેટિંગ
(15) ઝીલ કાર્તિક ગાંધી - લૉન ટેનિસ
(16) ઋત્વિક હિમાંશુ ભટ્ટ - સ્વિમિંગ
(17) ફરનાઝ હોમીયાર વકીલ - રાઈફલ શુટિંગ
(18) તનય રૌમીલ શાહ - રોલર સ્કેટિંગ
(19) સાલ્વી જીજ્ઞેશ શાહ - બેડમિન્ટન
(20) અમન ભાવેશ પટેલ - લૉન ટેનિસ
(21) શિવેન અખિલ બ્રહ્મભટ્ટ - સ્વિમિંગ
(22) શ્લોક ધવલ ગાંધી - રોલર સ્પીડ સ્કેટિંગ
(23) સીમરન જયેશ મકવાણા - ટેકવોન્ડો
(24) અરહમ બિકાસ જૈન - ટેકવોન્ડો
(25) ઊર્મિ મનીષકુમાર પંડ્યા - લૉન ટેનિસ
(26) ઋત્વી રમેશભાઈ ચૌધરી - લૉન ટેનિસ

(3) જયદિપસિંહજી સિનિયર / જૂનિયર ઍવૉર્ડ

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ કોઈ ખેલાડી ભાઈ-બહેન રાજ્યકક્ષાની તેમજ રાષ્ટ્રકક્ષાની વયજૂથ મુજબની અથવા ખુલ્લા વિભાગની સ્પર્ધામાં ભાગ લઈ મેળવેલ સિદ્ધિ અનુસાર વયજૂથ મુજબની સિદ્ધિ માટે જયદિપસિંહજી જૂનિયર ઍવૉર્ડ તથા ખુલ્લા વિભાગની રમતમાં વિજેતા થયેલ ખેલાડીને જયદિપસિંહજી સિનિયર ઍવૉર્ડ આપવામાં આવે છે.

(1) રોકડ પુરસ્કાર : સિનિયર ઍવૉર્ડ ₹ 20,000/-
જુનિયર ઍવૉર્ડ ₹ 10,000/-

(2) અન્ય પુરસ્કાર : મૅમેન્ટો , બ્લેઝર , ક્રેસ્ટ ,પ્રમાણપત્ર

(3) શરૂઆત : 2016





રઝિયા શેખ : જવેલીન થ્રોઅર, 53 મીટરનો નેશનલ રેકોર્ડ, વર્ષ 1986 પ્રતિભા SAF ગેમ્સ ગોલ્ડ મેડલ, એશિયન ગેમ્સ 1982માં ભાગ લેનાર ખેલાડી.
નિવાસ - વડોદરા



ઍથ્લેટીક્સ



ઍથ્લેટીક્સ

બાબુભાઈ પણુચા : વોક ઈવેન્ટસ, 2008 ચીન બેજિંગમાં ઑલમ્પિકમાં 20 કિ.મી. જલદ ચાલ માટે ક્વોલીફાય થનાર પ્રથમ ખેલાડી બન્યા. 1 કલાક, 23 મિનિટ અને 400 સેકન્ડ સાથે નેશનલ રેકોર્ડ વર્ષ 2007 માં જમશેદપુર
વતન - સાબરકાંઠા





દિનેશ ભીલ : તીરંદાજીમાં 50 મીટર રાષ્ટ્રીય વિક્રમધારક ખેલાડી, 2004 માં જમશેદપુર ખાતે તીરંદાજીમાં ગુજરાતના પ્રથમ ખેલાડી તરીકે ગોલ્ડ મેડલ મેળવ્યો.
વતન - વડોદરા નસવાડી



આર્ચરી



બેડમિન્ટન

પારૂલ પરમાર : પેરા-ઑલમ્પિક એશિયન ગેમ્સ અને વિશ્વ ચેમ્પિયન, અર્જુન ઍવૉર્ડી ખેલાડી, 7 વખત વિશ્વ ચેમ્પિયન થનાર
વતન - ગાંધીનગર





ગીત સેઠી : બિલિયર્ડસ અને સ્નૂકર, 8 વખત વિશ્વ બિલિયર્ડસ વિજેતા, રાજીવ ગાંધી ખેલ રત્ન ઍવૉર્ડ મેળવનાર, 1986 માં પદ્મશ્રી અને 1987 માં અર્જુન ઍવૉર્ડ, 1994 અને 2002 માં એશિયન ગેમ્સમાં મેડલ્સ જીતનાર
વતન - અમદાવાદ



બિલિયર્ડસ



રૂપેશ શાહ : બિલિયર્ડસ, વિશ્વ બિલિયર્ડસ ચેમ્પિયનશિપ 2007 સિંગાપુર વર્લ્ડ ટાઇટલ મેળવ્યું.
નિવાસ - અમદાવાદ




બિલિયર્ડસ



ક્રિકેટ

જામ રણજી : રાજવી ખેલાડી, મહારાજા સાથે લેગકટના મહારાજા ગણાતા. રણજીતસિંજી વિભાજી જાડેજા - જામ સાહેબ ઑફ નવાનગર - 1895 માં લોર્ડસના ઐતિહાસિક મેદાનમાં પ્રથમ મેચ રમ્યા. ટેસ્ટ ક્રિકેટ રમનાર સૌ પ્રથમ ભારતીય ક્રિકેટર - રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામિન્ટ તેમના નામ પરથી રમાય છે. વતન : જામનગર





દુલીપસિંહજી : જામનગરના રાજ પરિવાર જામરણજીના ભત્રીજા, નોર્ધન શાયર સામેની મેચમાં 333 રન બનાવીને કાકા જામ રણજીનો 285 રનનો વિક્રમ 21 વર્ષે તોડયો. દુલીપ ક્રિકેટ ટુર્નામિન્ટ તેમના નામ પરથી રમાય છે. વતન : જામનગર




ક્રિકેટ



ક્રિકેટ

વિજય હઝારે : ટેસ્ટ ક્રિકેટમાં બંને દાવમાં સૌ પ્રથમ સદીઓ ફટકારવાનું ઐતિહાસિક ગૌરવ, ભારતને સૌપ્રથમ ટેસ્ટ વિજય તેમના નેતૃત્વ હેઠળ 1951-52 માં ચેન્નાઇ ખાતે ઇંગ્લેંડ વિરુદ્ધ રમતાં મળ્યો. વિજય હઝારે ક્રિકેટ ટુર્નામિન્ટ તેમના નામ પરથી રમાય છે.
વતન : વડોદરા





વિનુ માંકડ : ટેસ્ટ ક્રિકેટમાં 44 ટેસ્ટમાં 2109 રન અને 162 વિકેટ ઝડપી હતી. વિનુ માંકડ સદી અને પાંચ વિકેટ ઝડપનાર પ્રથમ ભારતીય ઓલરાઉન્ડર બન્યા હતા. વિનુ માંકડ અને પંકજ રોયે 1955-56 માં ચેન્નાઇ ખાતે ન્યુઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ વિકેટની ભાગીદારીથી વિશ્વ કક્ષાએ વિક્રમજનક 413 રન બનાવ્યા હતા જેમાં વિનુ માંકડના 231 રન હતા. વતન : જામનગર



ક્રિકેટ



ક્રિકેટ

નરી કોન્ટ્રાકર : 1952 માં રણજી કેપ મેળવતાં જ બંને દાવમાં સદી, 1957-58 માં સળંગ ચાર મેચમાં સદીની અદ્દભૂત સિદ્ધિ નોંધાવી. 1961-62માં વેસ્ટઇન્ડીઝ પ્રવાસમાં કપ્તાન હતા અને બાર્બાડોઝ ઇલેવન સામે રમતાં ફાસ્ટર બોલર ચાર્લી ગ્રિફિથના એક બાઉન્સરે ખોપરી તોડી નાખી. તત્કાળ સ્ટ્રેચરમાં ખસેડ્યા અને બચી ગયા.
વતન : ગોધરા







અંશુમાન ગાયકવાડઃ ધ ગ્રેટ વોલથી વિખ્યાત અંશુમાન ગાયકવાડ ઓપન પેર તરીકે નામના મેળવી હતી.

વતન : વડોદરા




ક્રિકેટ



ક્રિકેટ

જશુ પટેલઃ ઑફ કટ બોલર - ગ્રીન પાર્ક મેદાન પર જશુ પટેલે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના નવ ખેલાડીઓને માત્ર 69 રનમાં તંબુ ભેગા કર્યા અને કુલ 14 વિકેટ ઝડપી. ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે સૌ પ્રથમ ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. પદ્મશ્રીનો ઇલકાબ મળ્યો હતો. વતન : અમદાવાદ





દિપક શોધન :

ટેસ્ટ પ્રવેશે ચાર સદી ફટકારનાર ગુજરાતના પ્રથમ બેટ્સમેન - પાકિસ્તાન સામે 1952 માં 110 રન કર્યા હતા.

વતન : અમદાવાદ



ક્રિકેટ



ક્રિકેટ

પાર્થિવ પટેલ :

વિકેટ કીપર- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં 17 વર્ષ 152 દિવસની વયે સૌથી નાની વયના વિકેટકીપરનો નવો વિશ્વવિક્રમ નોંધાવ્યો.

વતન : અમદાવાદ





કિરણ મોરે :

વિકેટ કીપર - એક ટેસ્ટ મેચના એક દાવમાં પાંચ સ્ટમ્પિંગ કરવાનો વિશ્વવિક્રમ ધરાવે છે. તેમણે અર્જુન એવૉર્ડ મેળવ્યો છે.

વતન : વડોદરા



ક્રિકેટ



ક્રિકેટ

ઇરફાન પઠાણ : પ્રથમ ટ્વેન્ટી- 20 વિશ્વકપ વિજેતા ટીમનો ખેલાડી અને ફાઇનલમાં મેન ઑફ ધ મેચનો એવૉર્ડ મેળવેલ. 2005-06 માં કરાંચી ખાતે પાકિસ્તાનની ટીમ સામે પ્રથમ દિવસે જ પ્રથમ ઓવરના છેલ્લા ત્રણ દડે ત્રણ બેટ્સમેનને શૂન્ય રને આઉટ કરી હેટ્રિકની સિદ્ધિ મેળવી હતી. વતન : વડોદરા





યુસુફ પઠાણ :

ઓલ રાઉન્ડર ખેલાડી, 2007 પ્રથમ ટવેન્ટી - 20 વિશ્વકપ વિજેતા ટીમનો ખેલાડી.

વતન : વડોદરા



ક્રિકેટ





ક્રિકેટ

મુનાફ પટેલ:

ફાસ્ટ બોલર. ઈખર એક્સપ્રેસ થી જાણીતો છે. 2006 માં મોહાલી ખાતે ટેસ્ટ ક્રિકેટ કેપ મેળવતાં જ ઈંગ્લેન્ડની 9 વિકેટ ઝડપનાર.

વતન : ભરૂચ





રવીન્દ્ર જાડેજા:

ઓલરાઉન્ડર ખેલાડી, 2016-17 માં સીરિઝમાં 500 થી વધુ રન અને 25 વિકેટ લેનાર ઓલરાઉન્ડર ખેલાડી નંબર - 1

વતન : જામનગર



ક્રિકેટ



ક્રિકેટ

ચેતેશ્વર પૂજારા:

પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ત્રણ ત્રેવડી સદી કરનાર અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રણ બેવડી સદી કરનાર: 206 - ઈંગ્લેન્ડ, 204 - ઑસ્ટ્રેલિયા, 202 - ઑસ્ટ્રેલિયા

વતન : રાજકોટ



ગુજરાતના ઉભરતા પ્રતિભાશાળી ખેલાડીઓ



શ્રી અંકિત રાજપરા

જન્મ તા.: 15-09-1999

ઉંમર: 18

ચૅસ

- હુગેવન, સાઈબીરીયા ઓપન ચૅસ ચૅમ્પિયનશીપ - ચૅમ્પિયન
- કોમનવેલ્થ ગેમ્સ (સ્કોટલેન્ડ) ચૅસ ચૅમ્પિયનશીપ (અંડર-20) - બ્રોન્ઝ મૅડલ
- કાન્સ ઈન્ટરનેશનલ ચૅસ ઓપન (ફ્રાન્સ) - ચૅમ્પિયન
- ગ્રેગ ઈન્ટરનેશનલ ચૅસ ઓપન (ઓસ્ટ્રેલિયા) ત્રીજા ક્રમ પર




કુ. દેવાંશી ભીમજીયાણી

જન્મ તા.: 04-05-1997

ઉંમર: 20

ટૅનિસ

- હૈદરાબાદ ITF ગ્રેડ-4 વિનર (ડબલ્સ)
- અંડર - 18 ભારતમાં 24 મો ક્રમ





કુ. ઈતિ મહેતા
જન્મ તા.: 12-10-1995
ઉંમર: 22

ટૅનિસ

- અંડર-18 ભારતમાં 24મો ક્રમ, 35મી નેશનલ ગેમ્સ 2015 કેરલા - વુમન ડબલ્સમાં ગોલ્ડ તથા વુમન ટીમમાં ગોલ્ડ
- ભારત મહિલામાં 16 માં ક્રમાંક ઉપર
- AITA ઓપન સિકંદરાબાદ ચૅમ્પિયનશીપમાં ડબલ્સમાં વિજેતા
- ભારત મહિલામાં ડબલ્સમાં 17માં ક્રમાંક પર



શ્રી ઋત્વિક ભટ્ટ
જન્મ તા.: 24-02-2000
ઉંમર: 17

સ્વિમિંગ

- 69મી સિનિયર નેશનલ ઓપન એક્વોટિક ચૅમ્પિયનશીપ 2015 રાજકોટ 4x100 ફ્રી સ્ટાઈલ રીલેમાં સિલ્વર મૅડલ
- 42 મી સ્ટેટ એક્વોટિક ચૅમ્પિયનશીપમાં 50મી., 100મી., 200 મી., 400 મી. માં ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મૅડલ તથા 400 મી. મીડલે રિલેમાં ગોલ્ડ અને 200 મી. ફ્રી રીલેમાં સિલ્વર મૅડલ
- 61મી SGFI સ્વિમિંગ નેશનલ, કોલકતામાં 50 મી., 100 મી. ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મૅડલ, 200 મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મૅડલ
- 60મી SGFI સ્વિમિંગ નેશનલ, રાજકોટમાં 2 ગોલ્ડ 3 સિલ્વર મૅડલ
- 41મી નેશનલ એક્વોટિક ચૅમ્પિયનશીપ (ભોપાલ) 100મી., 200મી. માં ગોલ્ડ મૅડલ તથા 400 મી. માં બ્રોન્ઝ મૅડલ
- 68મી સિનિયર ઓપન એક્વોટિક ચૅમ્પિયનશીપ કોલકતા 2014, 400 મી. ફ્રી રિલેમાં બ્રોન્ઝ મૅડલ



કુ. માના પટેલ
જન્મ તા.: 18-03-2000
ઉંમર: 17

સ્વિમિંગ

- 8મી એશિયન એક્વોટિક ગ્રુપ ચૅમ્પિયનશીપ બૅંગકોક, 2015માં 50મી. બેકસ્ટ્રોક (00.39.30) માં ગોલ્ડ મૅડલ
- 69મી સિનિયર નેશનલ એક્વોટિક ચૅમ્પિયનશીપ 2015 રાજકોટમાં 50મી. બેકસ્ટ્રોક (00.30.25)100 મી. બેકસ્ટ્રોક (1.08.83), 200 મી. બેકસ્ટ્રોક (02.19.30), ફ્રી સ્ટાઈલ (00.27.09) - ગોલ્ડ મૅડલ તથા 50 મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મૅડલ (00.56.24) 4 x 100 મીડલે રીલેમાં બ્રોન્ઝ મૅડલ(4.38.13) કુલ 4 ગોલ્ડ, 1 સિલ્વર અને 1 બ્રોન્ઝ સાથે પ્લેયર ઑફ ધ ટુર્નામેંટ

- 61મી SGFI સ્વિમિંગ નેશનલ, કોલકતા 2015માં 50 મી.,100 મી.,200 મી. બેકસ્ટ્રોકમાં 3 ગોલ્ડ મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015 કેરાલા - 3 ગોલ્ડ મેડલ
- 60મી SGFI સ્વિમિંગ નેશનલ, રાજકોટમાં 3 ગોલ્ડ મેડલ
- 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2014 કોલકતા ગોલ્ડ-3, બ્રોન્ઝ-2



શ્રી ધ્વજ હરીયા
જન્મ તા. 21-10-1993
ઉંમર: 24

બિલિયર્ડ

- ઓસ્ટ્રેલિયન ઓપન બિલિયર્ડ ચેમ્પિયનશીપમાં બેસ્ટ ઑફ સેવન
- નેશનલ જૂનિયર બિલિયર્ડમાં ગોલ્ડ મેડલ
- નેશનલ જૂનિયર સ્નૂકરમાં સિલ્વર મેડલ
- ભારતમાં 8માં ક્રમના ખેલાડી



શ્રી શિવેન બ્રહ્મભટ્ટ
જન્મ તા.: 30-09-2001
ઉંમર: 16

સ્વિમિંગ

- 42મી જૂનિયર સ્ટેટ એકવોટિક ચેમ્પિયનશીપમાં 8 ગોલ્ડ મેડલ (50મી બટરફ્લાય, 50 મી. ફ્રી સ્ટાઈલ 100 મી. ફ્રી સ્ટાઈલ, 200 મી. ફ્રી સ્ટાઈલ, 50 મી. બેકસ્ટ્રોક 4x100 મી. ફ્રી સ્ટાઈલ રિલે અને 4x100 મી. મીડલે રિલે)
- 61 મી. SGFI સ્વિમિંગ નેશનલ, કોલકતા 50 મી. બટરફ્લાયમાં 3 સિલ્વર અને 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં બ્રોન્ઝ મેડલ
- 60 મી. SGFI સ્વિમિંગ નેશનલ રાજકોટમાં 3 ગોલ્ડ મેડલ
- નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ (ભોપાલ)માં 50 મી. બ્રોન્ઝ મેડલ
- ગુજરાત સ્ટેટ એકવોટિક ચેમ્પિયનશીપ રાજકોટમાં 50 મી. ગોલ્ડ મેડલ



કુ. કલ્યાણી સકસેના
જન્મ તા.: 15-02-2000
ઉંમર: 17

સ્વિમિંગ

- 69મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2015 રાજકોટમાં 200 મી. બેકસ્ટ્રોક (02.48.06)માં બ્રોન્ઝ મેડલ, 4 x 100 મીડલે રિલેમાં બ્રોન્ઝ મેડલ (4.38.13)
- 61મી SGFI સ્વિમિંગ નેશનલ, કોલકતા 200 મી. બ્રેસ્ટ સ્ટ્રોક, 100મી. ઈન્ડીવિજ્યુઅલ મીડલેમાં ગોલ્ડ મેડલ અને 100મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015 કેરાલા - 200 મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ



♦ 41મી જુનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2014માં 100મી., 200મી.માં બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ
♦ 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 100 મી., 200 મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ તથા 200 મી. બટરફ્લાયમાં સિલ્વર મેડલ 4 x 100 મીડલે રિલેમાં બ્રોન્ઝ મેડલ
♦ 60મી SGFI સ્વિમિંગ નેશનલ રાજકોટમાં 2 ગોલ્ડ, 1 સિલ્વર મેડલ



શ્રી ઋષિરાજ બારોટ
જન્મ તા.: 15-12-1996
ઉંમર: 20

શૂટિંગ

♦ 58મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપ (પુણે) - બ્રોન્ઝ મેડલ
● જુનિયર કપ (જર્મની)માં ભારતીય ટીમમાં સ્થાન અને ટીમમાં સિલ્વર મેડલ
● વ્યક્તિગત સ્કોર - 551/600



શ્રી રાજ ભાણવાડિયા
જન્મ તા.: 13-10-1996
ઉંમર: 19

સ્વિમિંગ

♦ 69મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2015 રાજકોટમાં 200 મી. ફ્રી સ્ટાઈલ (1.56.69) બ્રોન્ઝ મેડલ 4 x 100 ફ્રી સ્ટાઈલ રિલેમાં સિલ્વર મેડલ
♦ 35મી નેશનલ ગેમ્સ 2015 કેરાલા - 4 x 200 રિલે ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ
♦ 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2015 કોલકતામાં રિલેમાં સિલ્વર મેડલ
♦ ઑલ ઈન્ડિયા યુનિવર્સિટી ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ



કુ. વૈદેહી ચૌધરી
જન્મ તા.: 14-02-2000
ઉંમર: 17

ટેનિસ

♦ ફીનેસ્ટા નેશનલ અંડર - 18 દિલ્હી 2015 રનરઅપ
♦ ટેનિસ ચેમ્પિયનશીપમાં રાયપુર રેન્જરની ટીમમાં સ્થાન
♦ 50 કિ. વુમન ઓપન સિંગલ્સ, કરનાલ 2015-વિજેતા
♦ 50 કિ. ઓપન સિંગલ્સ, સુરત 2015 વિજેતા
♦ અંડર - 16 2015 સુપર સીરિઝમાં વિજેતા
♦ અંડર - 16 ભારતમાં રેન્કિંગમાં 8મો ક્રમ
♦ અંડર - 18 ભારતમાં રેન્કિંગમાં16મો ક્રમ



કુ. અંકિતા રૈના
જન્મ તા.: 11-01-1993
ઉંમર: 24

ટૅનિસ

- ફેડરેશન કપ હૈદરાબાદ 2015માં વિજેતા
- ITF 25K$ અમદાવાદ સિંગલ્સમાં દ્વિતીય ક્રમાંકે
- 35મી નેશનલ ગેમ્સ 2015 કેરાલા - વુમન સિંગલ્સમાં ગોલ્ડ મૅડલ, વુમન ડબલ્સમાં ગોલ્ડ મૅડલ તથા વુમન ટીમમાં ગોલ્ડ મૅડલ
- ભારતમાં વુમન્સમાં પ્રથમ ક્રમાંક તથા ડબલ્સમાં તૃતીય ક્રમાંકે અને વિશ્વમાં 228મો ક્રમાંક
- ITF 50K$ નવી દિલ્હી 16મો ક્રમાંક
- ITF 25K$ મુંબઈમાં ડબલ્સમાં 1લો ક્રમાંક



શ્રી માનવ ઠક્કર
જન્મ તા.: 14-04-2000
ઉંમર: 17

ટેબલ ટૅનિસ

- નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટ 2015, ધર્મશાલા જૂનિયર અંડર-18, યુથ બોઈઝ અંડર-21, સિલ્વર મેડલ
- નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટ દિલ્હી, ટાઈટલ વિનર અને યુથ બોઈઝ અંડર-21 બ્રોન્ઝ મૅડલ
- ભારતમાં જૂનિયર બોઈઝ નં. 1 અને સબ જૂનિયર બોઈઝ નં. 1
- સાઉથ એશિયન ટેબલ ટેનિસ ચૅમ્પિયનશીપ 2015માં ગોલ્ડ મૅડલ
- CBSC નેશનલ ગેમ્સ ઈંદોર મધ્યપ્રદેશમાં 1 ગોલ્ડ અને 1 સિલ્વર મૅડલ
- નેશનલ રાજમુન્દરી આંધ્રપ્રદેશમાં 3 ગોલ્ડ મૅડલ
- 76મી જુનિયર અને યુથનેશનલ ચૅમ્પિયનશીપમાં ગોલ્ડ મૅડલ, ડબલ્સમાં ચૅમ્પિયન
- નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટમાં અંડર-18માં ગોલ્ડ મૅડલ, સબ જૂનિયરમાં ગોલ્ડ મૅડલ



કુ. ઝીલ દેસાઈ
જન્મ તા.: 18-02-1999
ઉંમર : 18

ટૅનિસ

- થાઈલેન્ડ ITF જૂનિયરગ્રેડ IT & IV ચૅમ્પિયનશિપ 2015 - સિંગલ્સ અને ડબલ્સમાં ચૅમ્પિયન
- એડીડાસ ચેન્નાઈ નેશનલ જૂનિયર - 18 2015 (સિંગલ્સ) - ગોલ્ડ
- ફેનેસ્ટા દિલ્હી નેશનલ જૂનિયર - 18 2015 (સિંગલ્સ, ડબલ્સ) - ગોલ્ડ
- ટેનિસ ચૅમ્પિયનલીગમાં પંજાબ માર્શલ્સ ટીમમાં સ્થાન
- ફેનેસ્ટા દિલ્હી નેશનલ જૂનિયર - 16 2014 (સિંગલ્સ, ડબલ્સ) - ગોલ્ડ
- ભારતમાં અં-16માં સાતમો ક્રમાંક તથા અંડર-18 માં ત્રીજા ક્રમાંકે



કુ. આકાંક્ષા ભાણ
જન્મ તા.: 18-11-2000
ઉંમર : 17

ટૅનિસ

- ITF જૂનિયર ટુર્નામેન્ટ ગ્રેડ - 4, દિલ્હી રનરઅપ
- દુબઇ ITF જૂનિયર ફુજીરાહ કપ 2015 - વિજેતા
- ફેનેસ્ટા નેશનલ અંડર - 16 ચૅમ્પિયનશીપ 2015 દિલ્હીમાં રનર અપ
- 60મી નેશનલ સ્કૂલ ગેમ્સ, ગુલબર્ગ - ગોલ્ડ (સિંગલ્સ)
- અંડર-16 ભારતમાં રેન્કિંગમાં 15માં ક્રમે
- ફેનેસ્ટા નેશનલ અંડર - 14 ચૅમ્પિયનશીપમાં સેમી ફાઈનલીસ્ટ



કુ. મીશરી પરીખ
જન્મ તા. : 22-12-1999
ઉંમર : 18

સ્કેટિંગ

- 16મી એશિયન રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશીપમાં ગોલ્ડ મૅડલ
- વર્લ્ડ આર્ટીસ્ટિક રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશીપમાં 13મો ક્રમાંક
- નેશનલ આર્ટીસ્ટિક રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશીપ, વિરાર, મહારાષ્ટ્રમાં 1 ગોલ્ડ મૅડલ, 1 બ્રોન્ઝ મૅડલ



કુ. પુજા ચૌરસિઆ
જન્મ તા. : 27-04-1991
ઉંમર : 26

ટ્રાયથ્લોન

- સતત ત્રણ વર્ષથી સાઉથ એશિયન ટ્રાયથ્લોન ચૅમ્પિયનશીપ, નેપાલમાં ગોલ્ડ
- નેશનલ ગેમ્સ, કેરાલા - બે ગોલ્ડ મૅડલ, 1 સિલ્વર મૅડલ
- હોંગકોંગ એશિયન ટ્રાયથ્લોન ચૅમ્પિયનશીપ 10મો ક્રમાંક
- સિંગાપુર એશિયન ટ્રાયથ્લોન ચૅમ્પિયનશીપ 17મો ક્રમાંક



કુ. અનુષ્કા પરીખ
જન્મ તા.: 26-03-1997
ઉંમર: 20

બેડમિન્ટન

- 14મી ઑલ ઇન્ડિયા અંડર-19 જૂનિયર રેન્કિંગ ટુર્નામેન્ટ 2015, બેંગલોર મીક્ષ ડબલ્સમાં ગોલ્ડ મૅડલ
- ઑલ ઇન્ડિયા અંડર-19 રેન્કિંગ ટુર્નામેન્ટ 2015, ચંડીગઢ બ્રોન્ઝ મૅડલ
- એશિયન ચૅમ્પિયનશીપ અને અંડર-19માં ભારતીય ટીમમાં સ્થાન
- ભારતીય ટીમમાં યુરોપિયન સર્કિટ માટે પસંદગી
- ઑલ ઇન્ડિયા જૂનિયર રેન્કિંગ ટુર્નામેન્ટમાં મિક્ષ ડબલ્સ, અંડર-19 ક્વાટર ફાઈનલિસ્ટ
- ભારતમાં અંડર-19 ડબલ્સમાં પહેલો ક્રમાંક



શ્રી અંશુલ કોઠારી
જન્મ તા.: 17-12-1989
ઉંમર: 28

સ્વિમિંગ

- 69મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2015 રાજકોટ બટરફ્લાયમાં સિલ્વર મેડલ(00.25.27) 4 x 100 ફ્રી સ્ટાઈલ રિલેમાં સિલ્વર મેડલ
- 8મી એશિયન એજગ્રુપ ચેમ્પિયનશીપ 2015, બેંગકોકમાં 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં 1 ગોલ્ડ અને 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં1 બ્રોન્ઝ મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015, કેરાલા - 50 મીટર ફ્રી સ્ટાઈલ રીલે બ્રોન્ઝ મેડલ
- 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2014 કોલકતા 100 મી. ફ્રી સ્ટાઈલ સિલ્વર મેડલ
- 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ કોલકતા 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ સિલ્વર મેડલ
- ફસ્ટ દુબી સ્વિમિંગ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપ કોલકતા - સિલ્વર-1, બ્રોન્ઝ-1



શ્રી આર્યન ઝવેરી
જન્મ તા.: 12-03-2000
ઉંમર: 17

ટેનિસ

- નેશનલ સીરિઝ અંડર-14,હૈદરાબાદ વિનર
- ભારતમાં અંડર - 14 રેન્કીંગમાં 7 માં ક્રમાંકે
- AITA (NS RTW), મુંબઈ અંડર-14 રનર અપ અંડર-14 રનર અપ (ડબલ્સ)
- AITA સુપર સીરિઝ (કોલકતા) અંડર-14 વિનર
- AITA (પુણે) અંડર - 14 રનરઅપ (ડબલ)
- AITA (પુણે) અંડર - 14 ક્વાટસ ફાઈનાલીસ્ટ (સિંગલ્સ)



શ્રી નીલ કોન્ટ્રાકટર
જન્મ તા. : 12-08-1996
ઉંમર : 21

સ્વિમિંગ

- 69મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2015 રાજકોટમાં 50મી. ફ્રી સ્ટાઈલ(00.23.70) અને 100 મી. ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ (00.52.22) 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં સિલ્વર મેડલ
- 8મી એશિયન એજગ્રુપ ચેમ્પીયનશિપ 2015, બેંગકોકમાં 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં 1 ગોલ્ડ અને 4 x 100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં 1 બ્રોન્ઝ મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015,કેરાલા-4x100 મી. રિલે ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ
- 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ 2014 કોલકતા 100 મી. ફ્રી સ્ટાઈલ સિલ્વર મેડલ
- એશિયન ગેમ્સ 4 x 100 મી. ફ્રી સ્ટાઈલમાં 6ઠ્ઠો ક્રમાંક
- એશિયન ગેમ્સ 4 x 100 મી. ફ્રી સ્ટાઈલમાં 7મો ક્રમાંક
- 68મી સિનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપ કોલકતા 4 x 100 મી. ફ્રી



કુ. ભક્તિ પરવાની
જન્મ તા.: 08-03-2002
ઉંમર: 15

ટૅનિસ

- ફિનિક્સ એશિયન રેન્કિંગ ટુર્નામેન્ટ અંડર-14 વિનર
- ચૅમ્પિયનશીપ સીરિઝ AITA U-14 & U-16 (સિંગલ્સ), અમદાવાદ 2015-વિજેતા
- નેશનલ સીરિઝ AITA U-14 (ડબલ્સ), મુંબઈ 2015 - રનર અપ
- અંડર-14 ભારતમાં 15મો ક્રમાંક



શ્રી રાજીન્દરસિંગ આનંદ
જન્મ તા.: 02-02-2000
ઉંમર: 17

સ્વિમિંગ

- 60મી SGFI સ્વિમિંગ નેશનલ, રાજકોટમાં 2 સિલ્વર મૅડલ્સ 1 બ્રોન્ઝ મૅડલ
- 41મી જૂનિયર ગુજરાત રાજ્ય સ્ટેટ એકવોટિક ચૅમ્પિયનશીપમાં 100 મી., 200 મી. બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મૅડલ, 50, 100 મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મૅડલ
- 42મી જૂનિયર નેશનલ એકવોટિક ચૅમ્પિયનશીપમાં 50, 100 મી. બેક સ્ટ્રોકમાં બ્રોન્ઝ મૅડલ
- 56મી ગુજરાત સ્ટેટ એકવોટિક ચૅમ્પિયનશીપમાં 50 મી., 100 મી. અને 200 મી. બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મૅડલ



કુ. લજ્જા ગોસ્વામી
જન્મ તા.: 28-08-1988
ઉંમર: 29

રાઈફલ શૂટિંગ

- 13મી એશિયન શુટિંગ ચૅમ્પિયનશીપ 2015, કુવૈત, બ્રોન્ઝ મૅડલ
- શૂટિંગ ચૅમ્પિયનશીપ ઑફ હેનોવર, જર્મની - ગોલ્ડ મૅડલ
- 15મી KAA ચૅમ્પિયનશીપ, કેરાલા - 1 સિલ્વર મૅડલ, 1 બ્રોન્ઝ મૅડલ
- 58મી નેશનલ ચૅમ્પિયનશીપ (પૂણે) 2014 - બ્રોન્ઝ મૅડલ
- 17મી એશિયન ગેમ્સ (સાઉથ કોરિયા) 2014 ટીમમાં 6ઠ્ઠો ક્રમાંક
- 51મી વર્લ્ડ ચૅમ્પિયનશીપ (સ્પેન)માં 16મો ક્રમાંક
- 20મી કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મૅડલ



શ્રી ઓમ સકસેના
જન્મ તા.: 14-06-1998
ઉંમર: 19

સ્વિમિંગ

- 61મી SGFI સ્વિમિંગ નેશનલ, કોલકતામાં 200 મી. સ્ટ્રોકમાં ગોલ્ડ મૅડલ
- 60મી SGFI સ્વિમિંગ નેશનલ, રાજકોટમાં 2 સિલ્વર મૅડલ



શ્રી દેવ જાવીયા
જન્મ તા.: 16-03-2000
ઉંમર: 17

ટેનિસ

- ફિનિક્સ એશિયન રેન્કિંગ ટુર્નામેન્ટ અંડર-14 વિનર
- ચેમ્પિયનશીપ સીરિઝ AITA U-14 & U-16 (સિંગલ્સ), અમદાવાદ 2015-વિજેતા
- નેશનલ સીરિઝ AITA U-14 (ડબલ્સ), મુંબઈ 2015 - રનર અપ
- અંડર-14 ભારતમાં 15મો ક્રમાંક



કુ. ડોલ્ફી સારંગ
જન્મ તા.: 04-12-2001
ઉંમર: 16

સ્વિમિંગ

- 69મી સિનિયર નેશનલ એક્વોટિક ચેમ્પિયનશીપ 2015 રાજકોટમાં 4 x 100 મી. મીડલે રિલેમાં બ્રોન્ઝ મેડલ (4.38.13)
- 61મી SGFI સ્વિમિંગ નેશનલ, કોલકત્તામાં 200 મી.બટરફ્લાય સિલ્વર મેડલ
- 60મી SGFI સ્વિમિંગ નેશનલ, રાજકોટમાં 4 સિલ્વર મેડલ
- ગુજરાત સ્ટેટ ઓપન ચેમ્પિયનશીપમાં 50, 100, 200 મી. બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ
- સ્ટેટ સ્કૂલ ગેમ્સ-2014માં 50, 200 મી. બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ



શ્રી મેઘ પટેલ
જન્મ તા.: 20-02-2000
ઉંમર: 17

ટેનિસ

- નેશનલ સીરિઝ અમદાવાદ અંડર - 14 વિનર
- નેશનલ સીરિઝ અમદાવાદ અંડર - 16 વિનર
- સુપર સીરિઝ પૂણે અંડર - 16 રનર અપ
- સુપર સીરિઝ પૂણે અંડર - 16 ડબલ્સમાં વિનર
- નેશનલ સીરિઝ અમદાવાદ અંડર - 14 સિંગલ્સ અને ડબલ્સમાં વિનર
- જૂનિયર એશિયન ટુર્નામેન્ટ 2015, કતાર - ગોલ્ડ મેડલ (ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ)



કુ. ફેનાઝ ચિપિયા
જન્મ તા.: 18-01-1996
ઉંમર: 21

ટેબલ ટેનિસ

- નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટ 2015, ધર્મશાલા યુથ ડબલ્સમાં સિલ્વર મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015, કેરાલા (વુમન) મીક્ષ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ
- ગુજરાત રેન્કિંગ ઓપન ચેમ્પિયનશીપ (વુમન) પ્રથમ ક્રમાંક
- નેશનલ રેન્કિંગ (ગાંધીધામ) સેન્ટ્રલ ઝોન બ્રોન્ઝ મેડલ



શ્રી હરમીત દેસાઈ
જન્મ તા.: 19-07-1993
ઉંમર: 24

ટેબલ ટેનિસ

- ભારતમાં તૃતીય ક્રમાંકિત ખેલાડી
- 22મી એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરેલ અને ગોલ્ડ મેડલ વિજેતા
- ITF વર્લ્ડ ટુર ચેમ્પિયન - ઓસ્ટ્રેલિયા મેન્સ ડબલ્સ - સિલ્વર મેડલ
- 35મી નેશનલ ગેમ્સ 2015 કેરલા - મેન્સ ડબલ્સમાં ગોલ્ડ, ટીમ મેન્સમાં સિલ્વર અને મેન્સ સિંગલ્સમાં સિલ્વર મેડલ
- સિનિયર નેશનલ, પોન્ડીચેરી 2015 - સિંગલ્સમાં સિલ્વર મેડલ
- સ્વીડીશ ઓપન (સ્વીડન)માં પ્રિક્વોટર ફાઈનલિસ્ટ
- એશિયન ગેમ્સ (સાઉથ કોરીયા) - 2014 ટીમમાં ક્વોટર ફાઈનલિસ્ટ
- કૉમનવેલ્થ ગેમ્સ (સ્કોટલેન્ડ) ટીમમાં 4થા ક્રમ પર



શ્રી માનુષ શાહ
જન્મ તા.: 12-01-2001
ઉંમર: 16

ટેબલ ટેનિસ

- ચેમ્પિયન - નેશનલ રેન્કિંગ અંડર-15 સબ જૂનિયર ટુર્નામેન્ટ 2015 ગુવાહાટી
- ઇન્ડિયન જૂનિયર ઓપન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ 2015, ઈન્દોર - ગોલ્ડ મેડલ
- નેશનલ રેન્કિંગ સાઉથઝોન ટુર્નામેન્ટ 2015, સબ જૂનિયર - બ્રોન્ઝ મેડલ
- 60મી નેશનલ સ્કૂલ ગેમ્સ 2014 - 15 આંધ્રપ્રદેશ - ગોલ્ડ મેડલ (ટીમ)
- ઓપન ગુજરાત ટેબલ ટૅનિસ ટુર્નામેન્ટ સબ જૂનિયર પ્રથમ ક્રમાંક
- ઓપન ગુજરાત ટેબલ ટૅનિસ ટુર્નામેન્ટ યુથ બોયઝમાં ત્રીજો ક્રમાંક
- 76મી કેડેટ અને સબ જૂનિયર નેશનલ ચેમ્પિયનશીપ સિંગલ્સ અને ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ
- વેસ્ટ ઝોન નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટ બ્રોન્ઝ મેડલ

રમત-ગમત ક્ષેત્રે ગુજરાત સરકારની યોજનાઓ

સ્વામી વિવેકાનંદ નોન રેસિડેન્શિયલ સેન્ટર ઑફ એક્સલન્સ (COE)

1. ખેલ મહાકુંભ મેડલ
2. સ્કૂલ ગેમ્સ નેશનલ
3. ઓપન નેશનલ/એજ ગ્રૂપ નેશનલ

ઉપરોક્ત સ્પર્ધામાં રમનાર-વિજેતા થનાર ખેલાડીઓને મેરીટના આધારે પસંદગી કરવામાં આવે છે. જેમાં દર માસે ખેલાડીના ઘરેથી પ્રેક્ટિસ માટે આવવા-જવાનો અને નાસ્તાનો ખર્ચ વાર્ષિક ₹65,000/- અને ₹6,000/- ટ્રેનિંગ કીટનો ખર્ચ આપવામાં આવે છે.

શક્તિદૂત યોજના :

25 લાખ, 15 લાખ અને 5 લાખ સુધીની રકમ ખેલાડીઓના પરફોર્મન્સ સુધારવા માટે તાલીમ, ભોજન અને વિદેશ તાલીમ માટે ચૂકવવામાં આવે છે. તેની લાયકાતનું ધોરણ (1) ખેલ મહાકુંભમાં વિજેતા (2) સ્કૂલ ગેમ્સ નેશનલ અથવા નેશનલ સ્પર્ધામાં વિજેતા (3) નેશનલ ગેમ્સમાં વિજેતા મેરીટનાં આધારે પસંદગી કરવામાં આવે છે.

સ્પૉર્ટ્સ સંકુલ

સ્પૉર્ટ્સ ઑથૉરિટિ ઑફ ગુજરાત દ્વારા સ્પૉર્ટ્સ સંકુલ અંતર્ગત નીચેની વિગતે સુવિધાઓ આપવામાં આવે છેઃ

1. રહેઠાણ માટે ગાદલાં, ઓશીકાં, બેડશીટ, મચ્છરદાની, થાળી, વાટકી વિગેરે.
2. 2 જોડ સ્કૂલ યૂનિફૉર્મ, સ્કૂલ બેગ, બૂટમોજા.
3. પુસ્તકો, નોટબુક
4. કમ્પ્યૂટર
5. શાળાની ફી (ધો.1 થી 10 સુધી) (ધો.11 થી 12)
6. હૉસ્ટેલ ફી (વાર્ષિક)
7. ભોજન ખર્ચ
8. સ્પૉર્ટ્સ કિટ (પ્રતિ ખેલાડી દીઠ વાર્ષિક)
9. સ્ટાઈપેન્ડ (પ્રતિ ખેલાડી પ્રતિમાસ ₹750/-)
10. લોન્ડ્રી ફી
11. મેદાન મેન્ટેનન્સ શાળા દીઠ (વાર્ષિક)

ઉપરોકત તમામ ખર્ચ સ્પૉર્ટ્સ સંકુલમાં બાળકોને ચૂકવવામાં આવે છે અને તમામ સુવિધાની ઉપલબ્ધિ કરાવવામાં આવે છે.

સ્પૉર્ટ્સ સ્કુલ્સ

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર, સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા સંચાલિત સ્પૉર્ટ્સ સ્કૂલ્સ

ક્રમ	સ્કૂલનું નામ	જિલ્લો	નિવાસી-બિન નિવાસી	માધ્યમ	બૉર્ડ	રમતો	સંસ્થામાં મળવાપાત્ર પ્રવેશ ભાઈઓ - બહેનો
1	શ્રી પી. એમ. જી. ઠાકર આદર્શ હાઈસ્કુલ-કડી, (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)	મહેસાણા	નિવાસી	ગુજરાતી	ગુજરાત	જિમ્નાસ્ટિક, વૉલિ બૉલ, હેન્ડ બૉલ, ટેકવોન્ડો કુસ્તી	ભાઈઓ અને બહેનો
2	શ્રી જે. બી. શાહ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, મોડાસા (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 સાયન્સ)	અરવલ્લી	નિવાસી	ઈંગ્લીશ	ગુજરાત	હૉકી, ટેબલ ટૅનિસ, ઍથ્લેટીક્સ	ભાઈઓ અને બહેનો
3	શ્રી જે. બી. અને એસ. એ સાર્વજનિક શાળા, વ્યારા (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)	તાપી	નિવાસી	ગુજરાતી - ઈંગ્લીશ	ગુજરાત	ઍથ્લેટીક્સ, કબડ્ડી, ખો-ખો, વૉલીબૉલ, બેડમિન્ટન, શૂટિંગ	ભાઈઓ અને બહેનો
4	શ્રી લક્ષ્મણ જ્ઞાનપીઠ સંસ્કાર ધામ, સાણંદ (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)	અમદાવાદ	નિવાસી	ગુજરાતી	ગુજરાત	ઍથ્લેટીક્સ, શૂટિંગ, ફૂટબૉલ, આર્ચરી, ચેસ, જુડો	ભાઈઓ
5	શ્રી એસ. આર. હાઈસ્કુલ, દેવગઢ બારીયા (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ, સાયન્સ)	દાહોદ	નિવાસી	ગુજરાતી	ગુજરાત	સ્વિમિંગ, આર્ચરી શૂટિંગ, ઍથ્લેટીક્સ, જુડો, કુસ્તી, હૉકી	ભાઈઓ અને બહેનો

ક્રમ	સ્કૂલનું નામ	જિલ્લો	નિવાસી-બિન નિવાસી	માધ્યમ	બૉર્ડ	રમતો	સંસ્થામાં મળવાપાત્ર પ્રવેશ ભાઈઓ - બહેનો
6	શ્રી કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય, રાજકોટ (ધોરણ 1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ)	રાજકોટ	નિવાસી	ગુજરાતી	ગુજરાત	જુડો, શૂટિંગ, ઍથ્લેટીક્સ, બૉક્સિંગ, લૉન ટૅનિસ	બહેનો
7	આદર્શ પ્રાથમિક શાળા, ભોલેશ્વર, હિંમતનગર	સાબરકાંઠા	નિવાસી	ગુજરાતી	ગુજરાત	ઍથ્લેટીક્સ, આર્ચરી, ખો-ખો સ્વિમિંગ, ફેન્સીંગ	ભાઈઓ અને બહેનો
8	અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ, રાજપીપળા (ધો 6 થી 10 અને ધોરણ 11-12 કોમર્સ, સાયન્સ)	નર્મદા	નિવાસી	ગુજરાતી	ગુજરાત	જિમ્નાસ્ટિક, સ્વિમિંગ	ભાઈઓ અને બહેનો
9	ઉર્મિ સ્કૂલ, સમા રોડ (ધો 1 થી 10 અને ધોરણ 11-12 કોમર્સ, સાયન્સ)	વડોદરા	નિવાસી	ગુજરાતી - ઈંગ્લીશ	ગુજરાત સીબી એસઈ	બાસ્કેટ બૉલ, ચેસ, સ્વિમિંગ, જુડો	ભાઈઓ અને બહેનો
10	સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ, કાળીયાબીડ, (ધો 1 થી 10 અને ધોરણ 11-12 કોમર્સ, સાયન્સ)	ભાવનગર	નિવાસી	ગુજરાતી - ઈંગ્લીશ	ગુજરાત સીબીએસ ઈ આઈસી એસી	બાસ્કેટ બૉલ, ટેબલ ટૅનિસ, ઍથ્લેટીક્સ	

ક્રમ	સ્કૂલનું નામ	જિલ્લો	નિવાસી-બિન નિવાસી	માધ્યમ	બૉર્ડ	રમતો	સંસ્થામાં મળવાપાત્ર પ્રવેશ ભાઈઓ - બહેનો
11	શ્રી વ્રજભૂમિ ઈન્ટરનેશનલ સ્કૂલ, મોગર (ધો 1 થી 10 અને ધોરણ 11-12 સાયન્સ)	આણંદ	નિવાસી	ઈંગ્લીશ	સીબીએસઈ	ટેકવોન્ડ, ફૂટબૉલ	ભાઈઓ અને બહેનો
12	શ્રી બ્રહ્માનંદ વિદ્યાલય ચાંપરડા (1 થી 10 અને ધોરણ 11-12 કોમર્સ, સાયન્સ)	જૂનાગઢ	નિવાસી	ગુજરાતી - ઈંગ્લીશ	ગુજરાત	રાઈફલ શુટિંગ, વૉલિ બૉલ, કુસ્તી, એથ્લેટીક્સ, આર્ચરી	ભાઈઓ અને બહેનો
13	લોક વિદ્યાલય, વાલુકડ, પાલીતાણા	ભાવનગર	નિવાસી	ગુજરાતી	ગુજરાત	ટેબલ ટૅનિસ, હેન્ડબૉલ, હૉકી	ભાઈઓ અને બહેનો
14	શ્રી એચ. કે. ઝાલા હાઈસ્કુલ, લીંબડી	સુરેન્દ્રનગર	નિવાસી	ગુજરાતી	ગુજરાત	હૉકી, ફેન્સીંગ, આર્ચરી	ભાઈઓ અને બહેનો
15	સર પ્રતાપ હાઈસ્કુલ, ઈડર (1 થી 10 અને ધોરણ 11-12 કોમર્સ, સાયન્સ)	સાબરકાંઠા	બિન નિવાસી	ગુજરાતી	ગુજરાત	જુડો, વૉલીબૉલ, ખો-ખો	ભાઈઓ અને બહેનો
16	શ્રી સી. વી. મિસ્ત્રી સરસ્વતી વિદ્યાલય, ધોળકા (1 થી 10 અને ધોરણ 11-12 આર્ટ્સ, કોમર્સ)	અમદાવાદ	બિન નિવાસી	ગુજરાતી	ગુજરાત	જુડો, કુસ્તી, કબડ્ડી	ભાઈઓ અને બહેનો

નોંધ

નોંધ



અંદરના ૧૧૨ પેજ ૧૩૦-GSM આર્ટ પેપર, જે.કે. પેપર મીલ, ૪ કલર
કવર પેજ ૨૫૦-GSM આર્ટ કાર્ડ, જે.કે. પેપર મીલ, ૪ કલર
બુક સાઈઝ : ૮.૫''x૧૧'', બાઈન્ડીંગ : પરફેક્ટ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર